શ્રી જિનસૂરમુનિકૃત.

ઉપસર્ગહર સ્તોત્રના મહિમાગર્ભિત

# શ્રીપ્રિયંકરનૃપચરિત્ર.

---

અનેક પ્રકારે જૈન વર્ગને ઉપકારક જાણીને જૈન

બંધુઓને તેનો લાભ આપવા સારૂ

---

છપાવી પ્રગટ કરનાર

શ્રી જૈનધર્મ પ્રસારક સભા

ભાવનગર

આવૃત્તિ બીજી.

વિક્રમ સંવત ૧૯૭૯. વીર સંવત ૨૪૪૯.

ભાવનગર—'શારદા વિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ

ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

A-5162

આ પ્રિયંકરચરિત્ર સંસ્કૃત ગદ્યબંધ શ્રીજિનસૂરમુનિનું રચેલું
સુમારે ૧૨૦૦ શ્લોક પ્રમાણ છે. તેનું ગુજરાતી ભાષાંતર કરાવીને
અમે જૈન વર્ગ સમક્ષ રજુ કરીએ છીએ. આ ચરિત્ર નાનું છતાં
એટલું બધું રસિક છે કે તે વાંચવા માંડ્યા પછી પૂર્ણ કર્યાવિના
મૂકી શકાય તેમ નથી. આ ચરિત્રની અંદર મુખ્યત્વે ' શ્રી
ભદ્રબાહુસ્વામી ' શ્રુતકેવળી (ચૌદપુર્વી) કૃત ' શ્રી ઉપસર્ગહરસ્તોત્ર
નો મહિમાજ ગુંથેલો છે. ચરિત્ર નાયક ' પ્રિયંકર ' એ સ્તોત્રના મ-
હિમાથી અનેક પ્રકારની સુખસંપત્તિ પામે છે, તેના વિઘ્નો દૂર થાય
છે અને મનુષ્ય ભવમાં પણ તે ધરણેંદ્રની પ્રસન્નતા થવાથી પાતાળ-
લોક જોવાનો અપૂર્વ લાભ મેળવી શકે છે.

આ ચરિત્રનાયક ચાર સ્ત્રી પરણે છે અને તેને એક પુત્ર થાય
છે. તે સારી રીતે ધર્મારાધન કરે છે. વણિક પુત્ર છતાં રાજ્ય મેળવે
છે, તેનું ન્યાયપૂર્વક પ્રતિપાલન કરે છે અને મૃત્યુ પામીને સૌધર્મ
દેવલોકે જાય છે. ચરિત્રપ્રારંભ અશોકપુરના રાજા અશોકચંદ્રને
બે રાણીઓ ને ત્રણ પુત્ર છે, ત્યાંથી થાય છે. ચરિત્રનાયકનો જન્મ
૧૪ મા પૃષ્ટમાં થાય છે, તેનું નામ તેનાપર પ્રસન્ન થયેલા ' પ્રિયંકર
દેવના નામ ' પ્રમાણેજ રાખવામાં આવે છે.

આ ચરિત્રમાં શ્રી ઉપસર્ગહર સ્તવનો મહિમા આદિ, મધ્ય
અને અંતમાં ત્રણ સ્થાને બતાવેલ છે. પ્રારંભમાં ગ્રંથકર્ત્તા પોતે કહે
છે, મધ્યમાં પ્રિયંકરને મળેલા ગુરૂ તેને ઉપસર્ગહરસ્તવની આરાધના
કરવાનું કહે છે તેણે કહેલો છે અને અંતમાં તેના રાજ્યાભિષેક
પછી મળેલા ગુરૂ ધર્મોપદેશ આપ્યા પછી બહુ વિસ્તારથી કહે છે.
તે ત્રણે સ્થાનેથી વાંચી, લક્ષમાં ઉતારી, આ પરમ મહોદય પ્રાપ્ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust
શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર

કરાવનાર તેમજ ઐહિક સુખ પણ આપનાર અને વિઘ્ન નિવારનાર સ્તોત્રનું વિધિપૂર્વક આરાધન કરવા યોગ્ય છે. તેના વિધાનમાં મુખ્ય એકાગ્ર ચિત્તે ધૂપ દીપ પૂર્વક ૫૦૦ જાપ કરવાનું બતાવેલું છે. આ સ્તોત્રનો મહિમા અદ્યાપિ પણ સુપ્રસિદ્ધ છે.

આ ચરિત્ર લઘુ છતાં તેની અંદર પ્રસ્તાવિક શ્લોક પુષ્કળ આપેલા છે. અમે કેટલેક ઠેકાણે શ્લોક અર્થ સાથે આપ્યા છે અને કેટલેક ઠેકાણે માત્ર અર્થજ આપેલ છે. ઉપરાંત આ ચરિત્રમાં પૃથક્ પૃથક્ સ્થળે સ્વપ્નશાસ્ત્ર, શકુનશાસ્ત્ર ને વાસ્તુશાસ્ત્રની જરૂરની હકીકતો સમાવી છે. છીંકનું ફળ, ગર્દભના શબ્દનું ફળ, દાંત અમુક માસે ફુટવાનું ફળ ઇત્યાદિ પણ બતાવ્યું છે, વિદ્યાના મહિમા સંબંધી પણ સારો ઉલ્લેખ કર્યો છે. છેવટે ધરણેંદ્ર પ્રસન્ન થઇને પાતાળલોક બતાવવા પ્રિયંકરને લઈ જાય છે. તે પાતાળલોકનું વર્ણન પણ સારૂં આપેલું છે. આ સ્થળ તેનું સાશ્વત સ્થાન જણાતું નથી પણ તેનું ક્રિડાસ્થાન જણાય છે. તેની વિચિત્ર રચના તેણે ઇચ્છાનુસાર યોજેલી હોય એમ લાગે છે.

આ ચરિત્ર વાંચતાં બહુ અસરકારક, હિતકારક તેમજ મિથ્યાત્વના નિમિત્તો સેવવાથી દૂર રાખનાર જણાવાથી તેને જૈન બંધુઓ સમક્ષ ગુર્જર ભાષામાં મૂકવું ઉચિત ધાર્યું છે.

આ બીજી આવૃત્તિ છપાવતાં તેમાં પાછળ ઉવસગ્ગહરં સ્તોત્ર મૂળ આપેલ છે તેટલો વધારો કર્યો છે. તે ખાસ ઉપયોગી છે.

સં. ૧૯૭૯ અશાડ. શુદિ ૧. } **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. ભાવનગર.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

श्रीजिनसूरिकृत

श्रीउपसर्गहरस्तोत्रमहिमागर्भित

# પ્રિયંકરનૃપચરિત્ર.

## ( ભાષાન્તર )

वंशाब्जश्रीकरो हंसो, दत्तोत्तमविभावसुः ।
सदानंदः क्रियात्सारं, श्रीवामासूनुसद्धरिः ॥ १ ॥

"પોતાના વંશરૂપ કમળને શોભાવવામાં હંસ સમાન, ઉત્તમ જનોને વિકસિત કરનાર તથા સદાનંદી એવા **વામાદેવી**ના પુત્ર શ્રીપાર્શ્વનાથ પ્રભુ ભવ્યજનોનું કલ્યાણ કરો."

ॐकार અને મધ્યગત ह्रींથી પરિવેષ્ટિત અંગવાળા અને પદ્માવતી તથા ધરણેંદ્રથી સેવા કરાતા એવા શ્રીપાર્શ્વનાથ ભગવંતને ભક્તિપૂર્વક નમસ્કાર કરીને ઉપસર્ગહરસ્તવનો પ્રભાવ (હું) કહીશ. એ ઉપસર્ગહરસ્તોત્ર પ્રથમ જ્ઞાનથી સૂર્ય સમાન એવા શ્રી ભદ્રબાહુસ્વામીએ સંઘની શાંતિ અને મંગળને અર્થે રચ્યું હતું. એ સ્તોત્રના પ્રભાવને કોઈ મહાત્મા કે ઇંદ્ર પણ બોલવામાં કુશળ એવી પોતાની એક જીહ્વાથી કહેવાને સમર્થ નથી. આ ઉપસર્ગહરસ્તોત્રનું સ્મરણ કરતાં સુખસંપત્તિ પ્રાપ્ત થાય છે. સંતતિનો સંયોગ અને નિરંતર ઇષ્ટસિદ્ધિ આવી મળે છે. ઉપસર્ગહરસ્તોત્રનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્મરણ કરવાથી માણુસને ઉદય, ઉપાય, ઉત્તમતા, ઉદારતા અને ઉચ્ચ પદવી–એ પાંચ ઉકાર પ્રાપ્ત થાય છે; તથા શ્રીપાર્શ્વનાથના સ્મરણુથી પુણ્ય, પાપક્ષય, પ્રીતિ, પદ્મા ( લક્ષ્મી ) અને પ્રભુતા–એ પાંચ પકારની પ્રાપ્તિ થાય છે. જે પુરૂષ મૌન ધરી, નિશ્ચળ આસન કરી અને મનને સ્થિર રાખી આ ઉપસર્ગહરસ્તોત્રનો નિરંતર એકસો આઠવાર જાપ ( ધ્યાન ) કરે તેને રાજસન્માન મળે છે, પગલે પગલે કાર્યસિદ્ધિ અને ચંચળ લક્ષ્મી પણ સદાને માટે નિશ્ચળ થાય છે. જળમાં, અગ્નિમાં, પર્વતમાં, ચોરના ઉપદ્રવવાળા માર્ગમાં અને ભૂતપ્રેતથી વ્યાપ્ત સ્થાનમાં આ ઉપસર્ગહરસ્તોત્રનું સ્મરણ કરતાં સર્વ પ્રકારના ભય દૂર થાય છે. આ ઉપસર્ગહરસ્તોત્રનુ છ માસ પર્યંત ધ્યાન ધરતાં આ લોકમાં શાકિન્યાદિકનો ભય તથા રાજભય નાશ પામે છે.

હવે ગ્રંથકર્ત્તા આ સ્તવ રચનારને આશીર્વચન કહે છેઃ– ‘ કરૂણા કરવામાં તત્પર એવા જેમણે આ ઉપસર્ગહરસ્તોત્ર રચીને શ્રી સંઘનું કલ્યાણ કર્યું તે શ્રી ભદ્રબાહુગુરૂ જયવંતા વર્ત્તો. ’

હાલ કળિકાળમાં દેવતાઓ, મંત્રો કે સિદ્ધિઓ પ્રત્યક્ષ નથી, પરંતુ આ સ્તોત્રનો પ્રભાવ હમણાં પણ સાક્ષાત્ દેખાય છે. આ સ્તોત્રના સ્મરણુથી પુત્રહીન પુત્રને પામે છે, લક્ષ્મીહીન કુબેર જેવો શ્રીમાન્ થાય છે, એક સાધારણ માણુસ મોટી પદવી પામે છે અને દુઃખી માણુસ તરત સુખી થઇ જાય છે. કારણકે કલ્પવૃક્ષ અથવા ચિંતામણિ રત્નના ચિંતનથી શું શું સિધ્ધ થતું નથી ? આ સ્તોત્રમાંની માત્ર એક ગાથાનું સ્મરણ કરતાં પણ શાંતિ થાય છે, તો પાંચ ગાથા પ્રમાણુ સંપૂર્ણ સ્તોત્રનું સ્મરણ કરતાં શું પ્રાપ્ત ન થાય ? આ પરમ સ્તોત્રનું ધ્યાન ધરતાં ઉપસર્ગો બધા ક્ષય થાય છે. વિઘ્નલતાઓ છેદાઈ જાય છે અને મન પ્રસન્નતા પામે છે. પ્રિયં-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર રાજા આ સ્તોત્રના ધ્યાનથી માનવંતી પદવી અને વિપુળ સંપત્તિ પામ્યા છે, તે પ્રિયંકરનૃપની કથા આ પ્રમાણે છે:—

મગધદેશમાં અશોકપુર નામે નગર હતું, જ્યાં શ્રીમંત લોકોના ત્રણ ભૂમિકા ( માળ ) વાળાં મકાનો હતાં, જ્યાં સકળ વસ્તુઓના આકર ( ઢગલા ) હતા, જ્યાં અતિથિજનોને આદર આપવામાં આવતો, જ્યાં ભોજનમાં પુષ્કળ આજ્ય ( ઘૃત ) વપરાતું, જ્યાં મંદિરોમાં શ્રી આદિનાથની મૂર્ત્તિ હતી, વિષાદ કરવામાં જ્યાં આલસ્ય હતું, રાજમંદિરમાં જ્યાં આડંબર હતો અને ભોગી ( સર્પ )-નો ઉપદ્રવ જ્યાં નકુલ ( નોળીયા ) નેજ[1] હતો, પરંતુ બીજે કયાંઇ તેમ ન હતું. ત્યાં ( તે નગરમાં ) **અશોકચંદ્ર** નામે રાજા રાજ્ય કરતો હતો. જે રાજા તેજસ્વી, પ્રતાપી, શરણાગતવત્સલ, દુર્જનોને શિક્ષા આપનાર, શત્રુઓનો નાશ કરનાર, પોતાની પ્રજાનું રક્ષણ કરનાર, દાતા, ભોક્તા, વિવેકી, નયમાર્ગગામી, સ્વપ્રતિજ્ઞા પાળવામાં નિશ્ચળ અને કૃતજ્ઞ હોય તે ભૂપ પૃથ્વીમંડળપર પોતાની અખંડ આજ્ઞા પ્રવર્ત્તાવી પોતાના રાજ્યને વિસ્તૃત કરી શકે છે. ( આ રાજા તેવો હતો ). તે રાજાને વિનય, વિવેક અને શીલાદિક અનેકગુણસંયુક્ત **અશોકમાલા** અને **પુષ્પમાલા** નામે બે રાણીઓ હતી. કહ્યું છે કે:—

**रम्या सुरूपा सुभगा विनीता, प्रेमाभिमुख्या सरलस्वभावा ।**
**सदा सदाचारविचारदक्षा, संप्राप्यते पुण्यवशेन पत्नी ॥ १ ॥**

૧ "કુળવાન ન હોય તેનેજ ભોગની ખામી હતી; અથવા તો તેવા નીચ કુળવાળાનેજ તેના નીચ કૃત્યપરત્વે ભોગી પુરૂષોનો ઉપદ્રવ હતો. નકુળનો ઉપદ્રવ ભોગી ( સર્પ ) ને હોય તે કરતાં અહીં ઉલટું હતું."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"રમ્ય, સુરૂપવતી, સુભગ, વિનીત, પ્રેમાળ, સરલ સ્વભાવવાળી અને નિરંતર સદાચારના વિચારમાં દક્ષ એવી પત્ની પુણ્યયોગેજ સંપ્રાપ્ત થાય છે." તે દંપતીને **અરિશૂર, રણુશૂર** અને **દાનશૂર** નામે ત્રણ પુત્રો હતા. તેઓ અનેક ગુણગણાલંકૃત, સકળકળાકલાપથી સંયુક્ત અને દેવ, ગુરૂ, માતાપિતા તથા સ્વજનાદિકની ભક્તિ કરવામાં સદા તત્પર હતા. કહ્યું છે કેઃ—

**किं तया क्रियते धेन्वा, या प्रसूता न दुग्धदा ।**
**कोर्थः पुत्रेण जातेन, यो न विद्वान्न भक्तिमान् ॥ १ ॥**

"જે વિદ્વાન અને ભક્તિમાન ન હોય એવા પુત્રને જન્મ આપવાથી શું અર્થ સરે ? કારણ કે જે દુધ ન આપે એવી પ્રસૂતા ગાયથી પણ શું પ્રયોજન છે ?" તેમજ કહ્યું છે કેઃ—

**चित्तानुवर्त्तिनी भार्या, पुत्रा विनयतत्पराः ।**
**वैरिमुक्तं च यद्राज्यं, सफलं तस्य जीवितम् ॥ १ ॥**

"મનની અનુકૂળતા પ્રમાણે ચાલનારી સ્ત્રી, વિનયમાં તત્પર પુત્રો અને શત્રુરહિત રાજ્ય જેને હોય તેવા પુરૂષનું જીવિત સફળ છે." તે અશોકચંદ્ર રાજાનું રાજ્ય અશ્વ, હાથી વિગેરેની સકળ સામગ્રી સહિત અને સચિવાદિકથી પરિમંડિત હતું. કારણ કેઃ–'જે રાજ્યમાં વાપી, કિલ્લા, મંદિરો, વિવિધ વર્ણ [ જાતિ ]-ના લોકો [ પ્રજા ], સુંદર વનિતાઓ, વક્તાઓ, બગીચાઓ, વૈદ્ય, બ્રાહ્મણો, જળ, વાદીઓ, વિદ્વાનો, વેશ્યાઓ, વણિકો, નદી, વિદ્યાઓ, વિવેક વિત્ત અને વિનયસહિત વીરજનો, મુનિઓ, કારીગરો, વસ્ત્રો, હાથીઓ, ઘોડાઓ અને ઉત્તમ પ્રકારના ખચ્ચરો હોય છે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે રાજ્ય શોભે છે.

હવે એકદા તે રાજાએ પોતાના અરિશૂર નામના પુત્રનો વિવાહમહોત્સવ માંડ્યો. અને તેને માટે એક મોટો મહેલ બનાવવાને તેણે વાસ્તુશાસ્ત્રમાં નિપુણ એવા અનેક કારીગરોને બોલાવ્યા. કહ્યું છે કે:–" વૈશાખ, શ્રાવણ, માગશિર, ફાલ્ગુન તથા પોષ માસમાં ઘર કરવું પણ અન્ય માસમાં ન કરવું, એમ વારાહ મુનિનો મત છે; તેમજ ઘરમાં પૂર્વ દિશાએ લક્ષ્મીભંડાર કરવો, અગ્નિખૂણે રસોડું કરવું, દક્ષિણ દિશાએ શયનસ્થાન અને નૈઋત્ય ખૂણે આયુધાદિકનું સ્થાન કરવું, પશ્ચિમ દિશાએ ભોજન કરવાનું સ્થાન, વાયવ્યખૂણે ધાન્ય રાખવાનું સ્થાન, ઉત્તર દિશાએ જળસ્થાન તથા ઇશાનખૂણે દેવગૃહ કરવું." આ પ્રમાણેની વિધિપૂર્વક આવાસ તૈયાર કરાવ્યો. પછી તે આવાસને ચિત્રકળામાં નિપુણ એવા અનેક ચિત્રકારો રમ્ય અને વિવિધ ચિત્રોથી ચિતરવા લાગ્યા, તથા અનેક સુવર્ણકારો રત્ન અને સુવર્ણનાં વિવિધ આભૂષણો ઘડવા લાગ્યા.

એવા અવસરમાં દેવતા પાસેથી વરદાન મેળવીને કેટલાક સુવર્ણકારો પાટલીપુત્ર નગરથી ત્યાં આવ્યા, અને રાજા પાસે આવીને તેઓ કહેવા લાગ્યા કે–" હે રાજન્! અમારાં ઘડેલાં આભૂષણો જે પહેરે છે તે જો રાજ્યને યોગ્ય હોય તો તેને રાજ્યની પ્રાપ્તિ થાય છે અને બીજા સામાન્ય જનોને તેથી મહત્વ પ્રાપ્ત થાય છે. વધારે શું કહીએ? તે જો રાજા હોય તો રાજાધિરાજ થાય છે." આ પ્રમાણેનાં તેમનાં વચનો સાંભળીને સંતુષ્ટ થયેલ રાજાએ તે સુવર્ણકારોને તેવા પ્રકારનો એક હાર તૈયાર કરવાનો આદેશ કર્યો; અને તેને માટે જોઇતું સર્વોત્તમ સુવર્ણ, મણિ તથા રત્નો આપવા રાજાએ પોતાના ભંડારીને હુકમ કરી દીધો. પછી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાં દેખરેખ માટે પોતાના વિશ્વાસુ માણસો નીમી દીધા. કારણ કે કોઇનો પણ વિશ્વાસ ન કરવો. કહ્યું છે કે-" તારૂ, તેલી, અશ્વ, ચોર, તીડ, સોનાર, ઠગ, ઠાકુર, સર્પ અને દુર્જન-એમનો જે વિશ્વાસ કરે તે ગમાર સમજવો."

હવે સુવર્ણકારોએ તે હાર છ માસમાં તૈયાર કર્યો, એટલે રાજાએ વધામણીપૂર્વક તે હારને પોતાની રાજસભામાં અણાવ્યો. તે મહા મનોહર હારને જોઇને રાજા અત્યંત ખુશી થયો, અને સભાસદો પણ તે અપૂર્વ હારને જોઇને અતિશય વિસ્મય પામ્યા. રાજાએ તે હારનું **દેવવલ્લભ** એવું નામ રાખ્યું, અને અત્યંત સંતોષપૂર્વક તે સુવર્ણકારોને ધન વસ્ત્રાદિક આપી સંતોષ પમાડીને વિસર્જન કર્યા, એટલે તેઓ પોતાને નગરે ગયા. પછી રાજાએ જ્યોતિઃશાસ્ત્રમાં નિપુણ એવા નિમિત્તિઆઓને બોલાવ્યા. તેઓએ કહેલ શુભ દિવસે અને શુભ મુહૂર્ત્તે તે હાર મંગાવીને જેટલામાં રાજા પોતાના કંઠમાં પહેરે છે, તેટલામાં સભામાં અકસ્માત્ નૈઋત્યખૂણમાં છીંક થઈ. આથી શંકિત થઇને રાજાએ ત્યાં બેઠેલા એક નિમિત્તિઆને પૂછ્યું-' હે દૈવજ્ઞ ! આ છીંકનું શું પરિણામ આવશે ?' એટલે તે દૈવજ્ઞ બોલ્યો કે-" હે રાજન્ ! આ છીંક સામાન્યતઃ ઉદ્વેગકારક છે. કહ્યું છે કે-' પોતાને સ્થાને બેઠેલા અને પ્રથમ કંઇ પણ સ્વકાર્ય કરવાને ઇચ્છતા એવા પુરૂષને દિશા કે વિદિશાના વિભાગથી થયેલ છીંક શુભ અને અશુભ-બંનેની સૂચક થાય છે. પૂર્વ દિશામાં થાય તો તે અવશ્ય લાભને સૂચવે છે, અગ્નિખૂણમાં થાય તો હાનિ સૂચવે છે, દક્ષિણ દિશામાં મરણ અને નૈઋત્યમાં ઉદ્વેગ સૂચવે છે. પશ્ચિમમાં પરમ સંપત્તિ, વાયવ્ય ખૂણમાં સુખવૃત્તિ, ઉત્તર દિશામાં ધનલાભ અને ઇશાન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખૂણમાં લક્ષ્મીનો વિજય સૂચવે છે; પરંતુ અહીં બ્રહ્મસ્થાનનું વર્જન કહેલ છે. પંથે ચાલતાં જો સન્મુખ છીંક થાય તો તે માણુસના મરણને સૂચવે છે, પરંતુ તે વખતે તે માર્ગે જવાનો ત્યાગ કરી પાછા ઘેર આવવું. પંથે જતાં પાછળ છીંક થાય તો તે કાર્ય સિદ્ધિ આપનાર થાય છે." નિમિત્તિઆએ આ પ્રમાણે કહેવાથી રાજાએ તે હાર ન પહેરતાં પોતાના ભંડારમાં રખાવ્યો.

હવે કેટલાક દિવસો ગયા પછી બીજું મુહૂર્ત્ત જોઇને તે હાર લાવવા રાજાએ ભંડારીને હુકમ કર્યો, એટલે ભંડારી ત્યાં જઇને તે હાર ન જોવાથી ભયભીત થઈ રાજાની પાસે આવીને વિજ્ઞપ્તિ કરવા લાગ્યો–' હે સ્વામિન્! બહુ રીતે તપાસ કરતાં પણ તે હાર ભંડારમાં જોવામાં આવતો નથી. ' આથી રાજાએ વિસ્મિત અને ક્રોધાતુર થઇને ભંડારીને કહ્યું કે–' હે ભંડારી ! ત્યાં ભંડારમાં તારા વિના બીજો કોણ મૃત્યુનો ઇચ્છક પ્રવેશ કરી શકે તેમ છે?' ભંડારીએ કહ્યું કે–' હે રાજન્! એ વિષયમાં હું કશું જાણતો નથી. જો આપને મારા કથનનો વિશ્વાસ ન આવતો હોય તો હું સોગન ખાવા પૂર્વક તમે કહો તે પ્રકારનું દિવ્ય કરવા તૈયાર છું.' તે વખતે મંત્રીઓએ રાજાને કહ્યું કે–'હે સ્વામિન્! કોઈ પણ વાતનો નિશ્ચય કર્યા વિના કોઇના ઉપર પણ ખોટું કલંક આપવું યોગ્ય નથી. કહ્યું છે કે—

**अविमृश्य कृतं कार्यं, पश्चात्तापाय जायते ।**
**न पतंत्यापदंभोधौ, विमृश्य कार्यकारकाः ॥ १ ॥**

" વિચાર્યા વિના કરેલું કાર્ય પશ્ચાત્તાપને માટે થાય છે, અને જેઓ વિચારપૂર્વક કાર્ય કરે છે તેમને આપત્તિરૂપ મહાસાગરમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પડવાનો વખત આવતો નથી. ”

પછી મંત્રીઓની સંમતિથી રાજાએ સમસ્ત નગરમાં આ પ્રમાણે પટહઘોષણા કરાવી:—

**देववल्लभहारस्य, शुद्धिं यः कथयिष्यति ।**
**संतुष्टो नृपतिस्तस्मै, दास्यति ग्रामपंचकम् ॥१॥**

“ દેવવલ્લભ હારની જે શોધ કરી આપશે તેને રાજા સંતુષ્ટ થઇને પાંચ ગામ ઈનામમાં આપશે. ” આ પ્રમાણે મોટે સાદે સાત દિવસ સુધી રાજપુરૂષોએ સમસ્ત નગરમાં પટહઘોષણા કરી; પરંતુ તે વાગતા પટહનો કોઇએ પણ સ્પર્શ ન કર્યો, એટલે રાજાએ જ્યોતિઃશાસ્ત્રમાં નિપુણ એવા **ભૂમિદેવ** નામના એક ઉપાધ્યાયને બોલાવીને હારની શુદ્ધિ પૂછી. તેણે કહ્યું કે–‘ હું તપાસ કરીને આવતી કાલે કહીશ. ’ પછી બીજે દિવસે તે ગણકને બોલાવીને રાજાએ પૂછ્યું, એટલે તે કહેવા લાગ્યો કે–‘ હે રાજેંદ્ર ! આ હારને માટે તમારે મને ન પૂછવું. કારણ કે તેના ખબર ન કહેવાથી તમને અલ્પ દુઃખ છે, પરંતુ કહેવા જતાં તમને મહાઃદુખ થશે.’ આ પ્રમાણે કહેવાથી તો ઉલટા વિશેષ ઉત્સુક થઇને રાજાએ તેને વધારે આગ્રહ કરીને પૂછ્યું, એટલે તે ગણક બોલ્યો કે–“ હે રાજન્ ! લક્ષ મૂલ્યવાળો એ દેવવલ્લભ હાર જેની પાસેથી મળશે તે તમારા પટ્ટપર રાજા થશે. આ બાબતમાં કંઈ પણ સંશય કરવો નહિ, પરંતુ ઘણાં વર્ષે એ હારની તમને શુદ્ધિ મળશે. આ સંબંધમાં આજથી ત્રીજે દિવસે તમારો હાથી મરી જશે, એ નિશાની સમજવી. ” આ પ્રમાણે તે ગણકનું કથન સાંભળીને રાજા બહુજ ખેદ કરવા લાગ્યો. તેથી મંત્રીએ કહ્યું કે–‘ હે સ્વામિન્ ! આ સંબંધમાં તમારે નિરર્થક ચિંતા કરવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યોગ્ય નથી, કારણ કે ભવિતવ્યતા કોઈથી પણ ફરી શકતી નથી. કહ્યું છે કે–' નાળીયેરના ફળમાં જળપ્રાપ્તિની માફક જે થવાનું હોય છે તે અવશ્ય થાયજ છે, અને ગજભુક્ત કપિત્થ ( કોઠાં )ની જેમ જે જવાનું હોય છે તે અવશ્ય જાયજ છે.'

પછી ત્રીજે દિવસે હાથીનું મરણ થવાથી રાજાએ ગણકનું કથન બધું સત્ય સમજી લીધું. કહ્યું છે કેઃ—

> अवश्यंभाविभावानां, प्रतीकारो यदा भवेत् ।
> तदा दुःखैर्न बाध्यंते, बलरामयुधिष्ठिराः ॥ १ ॥

" અવશ્ય ભાવિભાવનો જો પ્રતીકાર થઈ શકતો હોત તો નળરાજા, રામચંદ્ર અને યુધિષ્ઠિર વિગેરેને દુઃખો સહન કરવાંજ ન પડત." તેમજ વળી કહ્યું છે કે–" જો સૂર્ય પશ્ચિમ દિશામાં ઉદય પામે, મેરૂ પર્વત જો ચલાયમાન થાય, અગ્નિ જો શીતળતા ધારણ કરે, અને પર્વતના અગ્રભાગે શિલાપર જો કદાચ પદ્મ વિકસિત થાય ( ઉગે ), તોપણ વિધિકૃત ભાવી કર્મરેખા ફરી શકતી નથી." પછી રાજાએ સાહસપૂર્વક મોટા આડંબરથી પુત્રનો વિવાહમહોત્સવ કર્યો. વિવાહ પછી પુનઃ હારનું સ્મરણ થતાં રાજા મનમાં ખેદ લાવીને મંત્રીને કહેવા લાગ્યો કેઃ—" હે મંત્રી ! તે હારના ચોરને હું અવશ્ય શૂળી ઉપરજ રાજ્ય આપીશ, અર્થાત્ શૂળીએજ ચડાવીશ. મારૂં રાજ્ય તો મારા પુત્રોજ ભોગવશે. " આ પ્રમાણે ગર્વથી તે ચોરને માટે ગામની બહાર એક શૂળી તૈયાર કરાવી. કહ્યું છે કેઃ—" સ્વમનઃકલ્પિત ગર્વ કોને થતો નથી? ટીટોડી પણ આકાશના પડવાથી ભૂમિભંગના ભયને દૂર કરવા પોતાના પગ ઉંચે રાખીને સુએ છે. "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે તેજ ગામમાં ધનમાં કુબેર સમાન **પાસદત્ત** નામનો મહાશ્રાવક રહેતો હતો. તેને **પ્રિયશ્રી** નામે પત્ની હતી; પરંતુ પૂર્વકર્મના સંયોગથી તે અનુક્રમે નિર્ધન થઈ ગયો. તેથી તે નગરનો ત્યાગ કરીને ઘણા કૌટુંબિક (કણબીઓ) ના નિવાસવાળા તે ગામની પાસેના **શ્રીનિવાસ** નામના ગામમાં જઇને તે રહ્યો. કહ્યું છે કે:—" દુઃસ્થિતિમાં આવેલ રાજપુત્ર અધિકારીઓની ચોરી કરે છે, સામાન્ય વણિક પોટલા ઉપાડીને ફેરી કરે છે, વિપ્રજન ભિક્ષાવૃત્તિ કરે છે, અન્ય વર્ણના લોકો બીજાને ઘેર દાસપણું કરે છે, શ્રેષ્ઠીજનો સુવર્ણ અને રૂપા વિગેરે ધાતુઓનો (ઘરમાંહેનાં ઘરેણાં વિગેરેનો) વિક્રય કરે છે, નીચ લોકો ઘરે ઘરે ભિક્ષા માટે ભમે છે, ખેડુત લોકો બીજાનું હળ ખેડે છે અને અબળાજનો કપાસકર્મ (રૂ કાંતવાનું) કરે છે. " ત્યાં નિવાસ કરીને તે શેઠ સ્કંધપર કાપડની પોટલી ઉપાડી ગામમાં ફેરી વસ્ત્રવિક્રય કરવા લાગ્યો; અને તેથી તે પોતાની આજીવિકા જેટલું ધાન્યાદિક મેળવવા લાગ્યો. કહ્યું છે કે–" નવું અન્ન, નવું શાક, સારૂં ઘી અને ચોખ્ખું દુધ દહીં–ઇત્યાદિ સારૂં ભોજન ગામડામાં અલ્પ ધનવ્યયથી મળી શકે છે. " તેણે ત્યાં રહીને બહુ પ્રયત્નો કર્યા છતાં પોતાની આજીવિકા કરતાં અધિક ધન તે મેળવી ન શકયો. કહ્યું છે કે:–' માણસો ગમે ત્યાં જાય, પણ પૂર્વકર્મ તો તેમનું સહચારીજ હોય છે.' આ પ્રમાણે મહાપુરૂષોનું વચન સાંભળીને ચતુર પુરૂષો દેશાંતર જતાં નથી; પરંતુ ધન વિના કયાંય પણ મહત્વ મળી શકતું નથી. કહ્યું છે કે:—

**यस्यास्ति वित्तं स नरः कुलीनः, स पंडितः स श्रुतिमान् गुणज्ञः ।**
**स एव वक्ता स च दर्शनीयः, सर्वे गुणाः कांचनमाश्रयंति" ॥१॥**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" જે પુરૂષ પાસે ધન હોય તે કુલીન ગણાય છે, તે પંડિત, શાસ્ત્રજ્ઞ અને ગુણજ્ઞ લેખાય છે, તેજ વક્તા અને તેજ સ્વરૂપવાન ગણાય છે. કારણ કે સર્વે ગુણો ધનનો આશ્રય કરીને રહેલા છે." એવી સ્થિતિમાં તે દંપતિને એક પુત્રની પ્રાપ્તિ થઇ; તેથી દરિદ્રાવસ્થામાં પણ તેમને આનંદ થયો. કહ્યું છે કેઃ—

संसारभावखिन्नानां, तिस्रो विश्रामभूमयः ।
अपत्यं च कलत्रं च, सतां संगतिरेव च ॥ १ ॥

" સંસારના તાપથી ખિન્ન થયેલા જીવોને પુત્રપ્રાપ્તિ, સ્ત્રી સમાગમ અને સત્સંગ–એ ત્રણ વિશ્રામનાં સ્થાન છે." પરંતુ તે બાળક એક વરસનો થયો, ત્યારે તાલ જાતિના રોગથી મરણ પામ્યો. આથી તેની પ્રિયશ્રી માતાને અતિશય દુઃખ થયું. કહ્યું છે કેઃ—

नारीणां प्रिय आधारः, स्वपुत्रस्तु द्वितीयकः ।
सहोदरस्तृतीयः स्या–दाधारत्रितयं भुवि ॥ १ ॥

" સ્ત્રીઓને પ્રથમ આધાર પોતાનો પતિ, બીજો આધાર સ્વપુત્ર અને ત્રીજો આધાર સહોદર ભાઇ–જગત્‌માં તેમને આ ત્રણજ આધાર કહેલા છે." કારણ કે " સ્ત્રીના આધારરૂપ અને મનોનિવૃત્તિના કારણરૂપ પુત્ર વિના માતા અતિશય દુઃખાકુળ થાય છે." આ પ્રમાણે પુત્રમરણના દુઃખથી વ્યાકુળ થયેલ શેઠ પણ પોતાની પૂર્વ સમૃદ્ધિ સંભારીને તથા વર્ત્તમાન નિર્ધનાવસ્થા જોઇને અત્યંત ચિંતાતુર થઇ ગયો. કહ્યું છે કે–" તારા વિનાનું આકાશ અને જળ વિનાનું શુષ્ક સરોવર જેમ સ્મશાનની માફક ભયંકર લાગે છે, તેમ દ્રવ્યહીન પુરૂષનું ઘર સહુને અપ્રિય લાગે છે." વળી " ધનહીન પુરૂષનાં શીલ, શૌચ, ક્ષમા, દાક્ષિણ્ય, મધુરતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને કુલીનતા વિગેરે ગુણો શોભતા નથી. " તેમજ

**ग्रामे वासो दरिद्रत्वं, मूर्खत्वं कलहो गृहे ।**
**पुत्रैः सह वियोगश्च, दुःसहं दुःखपंचकम् " ॥ १ ॥**

" ગામડામાં નિવાસ, દરિદ્રતા, મૂર્ખપણું, ઘરમાં કલહ અને પુત્રોની સાથે વિયોગ–એ પાંચ દુઃસહ દુઃખ કહેલાં છે. "

એકદા પ્રિયશ્રીએ પોતાના ભર્ત્તારને કહ્યું કે:–"હે સ્વામિન્ ! અહીં આવવાથી આપણને તેવા પ્રકારની ધનપ્રાપ્તિ પણ ન થઈ અને પુત્ર પણ મરણ પામ્યો. આ પ્રમાણે લાભને ઇચ્છવા જતાં મૂળમાંજ આપણને હાનિ થઈ. માટે અહીં અધર્મી ગામમાં રહેવું આપણને ઉચિત નથી. કહ્યું છે કે:—

**यत्र विद्यागमो नास्ति, यत्र नास्ति धनागमः ।**
**न संति धर्मकर्माणि, न तत्र दिवसं वसेत् ॥ १ ॥**

" જ્યાં વિદ્યાની કે ધનની પ્રાપ્તિ ન થાય અને ધર્મકર્મ જ્યાં સાધી ન શકાય, ત્યાં એક દિવસ પણ વાસ કરવો નહિ. " ' જ્યાં જિનભુવન હોય, શ્રાવકો શાસ્ત્રજ્ઞ હોય અને જ્યાં જળ અને ઇંધન પુષ્કળ હોય ત્યાં નિરંતર વાસ કરવો. ' વળી ' કુગ્રામમાં નિવાસ, કુનરેંદ્રની સેવા, કુભોજન, ક્રોધમુખી ભાર્યા, બહુ કન્યાઓ અને દરિદ્રતા–એ છ આ જીવલોકનાં નરક છે. ' આ પ્રમાણે પોતાના પતિને કહીને તે પુનઃ દૈવને ઉપાલંભ દેવા લાગી:—" હા દૈવ ! જો તેં મને પુત્ર આપ્યો તો પછી તેનો વિયોગ શા માટે કરાવ્યો ? આપીને પાછું લઇ લેવું એ સજ્જનોને ઉચિત નથી. " કહ્યું છે કે:—'હે દૈવ ! જો તું સંતુષ્ટ થઇને આપે તો મનુષ્યજન્મ ન આપજે, અને તે આપે તો પુત્ર ન આપજે, અને કદાચ પુત્ર આપે તો તેનો વિયોગ ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરાવજે.' વળી હે 'પ્રાણનાથ ! અહીં રહેતાં મને પુત્રમરણનું દુઃખ દરરોજ સ્મરણમાં આવે છે માટે આપણે અહીંથી અશોકપુરે જઇએ.' આ પ્રમાણે સાંભળીને શ્રેષ્ઠીએ કહ્યું કેઃ—'હે પ્રિયા ! નગરમાં તો જળ ઇંધન તથા છાશ વિગેરે બધું ધનનો વ્યય કરવાથીજ મળી શકે; માટે ધનવંત લોકોને નગરમાં રહેવું યોગ્ય છે અને દરિદ્રજનોને તો ગામડામાં વાસ કરવો તેજ ઉચિત છે. વળી હાલમાં આપણી પાસે ધન ન હોવાથી ત્યાં કોઈ આપણી સન્મુખ પણ જોનાર નથી. કહ્યું છે કેઃ—

**हे दारिद्र्य नमस्तुभ्यं, सिद्धोऽहं त्वत्प्रसादतः ।**
**पश्यामि सकलान् लोकान्, न मां पश्यति कश्चन ॥ १ ॥**

"હે દારિદ્ર્ય ! તને નમસ્કાર થાઓ. તારા પ્રસાદથી હું સિધ્ધ થઇ સર્વ લોકોને જોઇ શકું છું, પરંતુ મને કોઇ જોઇ શકતું નથી." ધન વિના આ જગતમાં કોઈ મિત્ર પણ થતું નથી. કહ્યું છે કેઃ—' જે દિવસે આપણી પાસે ધન ન હશે તે દિવસે આપણું કોઇ મિત્ર થવાનું નથી. કારણકે સૂર્ય કમળોનો મિત્ર છતાં જળ વિના તે વૈરી સમાન થઇ જાય છે.' આ પ્રમાણે પતિનાં વચનો સાંભળી પ્રિયશ્રીએ કહ્યું—" હે સ્વામિન્ ! આપનું કથન બધું સત્ય છે, જો કે પુરૂષો સ્વાભાવિક બુદ્ધિમંત હોય છે, તથાપિ મારૂં વચન સાંભળો—આ ગામમાં વસનારા બધા કુટુંબીઓ રંક તુલ્ય છે અને ત્યાં રહેતાં તમે પણ રંક તુલ્ય થઈ ગયા છો; માટે આપણને એમનાથી ધનપ્રાપ્તિ થવી સ્વપ્ન સમાન છે. કહ્યું છે કે "કુવામાં જેટલું પાણી હોય તેટલું પ્રણાલિકામાં આવે છે; પરંતુ જો કૂપ પોતેજ શુષ્ક હોય તો પછી પ્રણાલિકાની વાતજ શી કરવી ? વળી—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**पुत्रः पशुः पदातिश्च, पृथिवी प्रमदापि च ।**
**कुलश्रीवृद्धिदाः पंच, कुलश्रीक्षयदा अपि ॥ १ ॥**

"પુત્ર, પશુ, પદાતિ, પૃથ્વી, અને પ્રમદા—એ પાંચ—કુળની લક્ષ્મીને વધારનારાં થાય છે તેમજ ક્ષય કરનારાં પણ થાય છે." માટે હે સ્વામિન્! હવે અહીં એક ક્ષણવાર પણ રહેવું ઉચિત નથી. આવા પ્રકારનો પોતાની સ્ત્રીનો અત્યંત આગ્રહ જાણીને શ્રેષ્ઠીએ નગરમાં જવાનું માન્ય રાખ્યું. કહ્યું છે કે-'રાજાઓ, સ્ત્રીઓ, મૂર્ખજનો, બાળકો, અંધજનો અને રોગીજનોનો કદાગ્રહ બહુ બળવાન હોય છે.'

હવે શ્રેષ્ઠી નગર ભણી જવા માટે જેટલામાં ચાલે છે તેવામાં તેના પગમાં કાંટો ભાંગ્યો. આવા અપશુકન થવાથી સ્ખલના પામીને શેઠ પુનઃ તેજ ગામમાં રહ્યા. કહ્યું છે કે-'છીંક થાય, બાળક વળગી પડે, કયાં કયાં એવા શબ્દોથી લોક પૂછે, કાંટો ભાંગે અને બિલાડો તથા સર્પ જોવામાં આવે એવા અવસરે ગમન કરવું શ્રેયસ્કર ન થાય.' હવે તે રાત્રિએ સૂતેલી પ્રિયશ્રીએ 'ભૂમિને ખોદતાં નિર્મળ મુક્તાફળ મેળવ્યું.' આવા પ્રકારનું સ્વપ્ન જોયું, એટલે તરત નિદ્રાનો ત્યાગ કરીને તે સ્વપ્નનો વૃત્તાંત તેણે પોતાના સ્વામીને નિવેદન કર્યો. તે સ્વપ્નાનુસારે શ્રેષ્ઠીએ કહ્યું કે-'હે પ્રિયે! અહીં રહેતાંજ તને મુક્તાફળ સદૃશ, નિર્મળ કાંતિયુક્ત અને ગુણગણાલંકૃત એવા પુત્રની પ્રાપ્તિ થશે.'

કહ્યું છે કે-"જે સ્વપ્નમાં રાજા, હાથી, અશ્વ, સુવર્ણ, વૃષભ અને ગાય જુએ તેનું કુટુંબ વૃદ્ધિ પામે છે; વળી જે સ્વપ્નમાં દીપ, અન્ન, ફળ, પદ્મ, કન્યા, છત્ર તથા ધ્વજ મેળવે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે તે સંપત્તિની સાથે સુખ પામે છે. ગાય, અશ્વ, રાજા, ગજ (હાથી) અને દેવ—એ શિવાય બીજી વસ્તુ સ્વપ્નમાં જો કૃષ્ણ વર્ણવાળી જોવામાં આવે તો તે બધી અપ્રશસ્ત છે અને કપાસ તથા લવણ શિવાય બીજું શ્વેત વર્ણવાળું જે કાંઈ જોવામાં આવે તે બધું પ્રશસ્ત છે. સ્વપ્નમાં માણસને દેવતા, ગુરૂ, ગાય, પિતા, સંન્યાસી અને રાજા જે પ્રમાણે કહે છે તે પ્રમાણે થાય છે." આ પ્રમાણે પતિનાં વચન સાંભળીને પ્રિયશ્રી પ્રમુદિત થઇને ત્યાંજ સુખે રહી અને દિવસો વ્યતીત કરવા લાગી. પછી સંપૂર્ણ સમયે સારે નક્ષત્રે અને સારે લગ્ને તેને પુત્રની પ્રાપ્તિ થઇ, એટલે શ્રેષ્ઠીએ પણ પોતાની સ્થિતિ પ્રમાણે સંક્ષેપથી તેનો જન્મોત્સવ કર્યો.

હવે કેટલાક દિવસ પછી પોતાના પુત્ર તથા પ્રિયાની સાથે અશોકપુર ભણી જવાને ઇચ્છનાર શ્રેષ્ઠી શુભ દિવસે અને શુભ મુહૂર્ત્તે માર્ગમાં સારા શુકનની પ્રતીક્ષા કરતો ઉભો રહ્યો; તેટલામાં એક કુતરો મુખમાં કંઈક ખાવાનું લઇને જમણી બાજુથી ડાબી બાજુએ ચાલ્યો. તે વખતે શ્રેષ્ઠીએ શકુનપાઠકને પૂછ્યું કે 'આ શુકન કેવા પ્રકારનું છે ?' તેણે કહ્યું કે–'હે શ્રેષ્ઠિન્ ! એ શુકન શુભસૂચક છે. નગરમાં જતાં તમને સર્વ પ્રકારની સિદ્ધિ થશે.' કહ્યું છે કે–" ગમન કરતાં રસ્તામાં શ્વાન જો અશુચિ પદાર્થનું ભક્ષણ કરતો જોવામાં આવે તો જોનારને અશન પાન વિગેરે મિષ્ટ પદાર્થોની પ્રાપ્તિ થાય છે. જો શ્વાનના મુખમાં ધાન્ય હોય તો લાભ, મુખમાં વિષ્ટા હોય તો સુખ અને મુખમાં જો માંસ ભક્ષણ કરતો જોવામાં આવે તો તરત રાજ્યની પ્રાપ્તિ થાય છે." એવામાં તેજ શ્વાન પોતાના કાન ખંજવાળવા લાગ્યો. એટલે શકુનપાઠકે શ્રેષ્ઠીને કહ્યું કે–" હે શેઠ ! તમને અત્યંત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મોટો લાભ થશે. કહ્યું છે કે-ગમન કરતાં શ્વાન જો કાન ખંજવાળતો જોવામાં આવે તો દ્રવ્યનો લાભ અને મહત્વ પ્રાપ્ત થાય છે. ” પછી શ્રેષ્ઠી તે શુકનપાઠકને યથોચિત દ્રવ્યાદિ આપીને અને શકુનની ગાંઠ બાંધીને પોતાના પરિવાર સહિત આગળ ચાલ્યો. અનુક્રમે અશોકપુર નગરની પાસે આવી પહોંચ્યો, એટલે શ્રેષ્ઠીએ પોતાની પ્રિયાને કહ્યું કે-‘હે વલ્લભે ! અહીં વાડીમાં ભોજન કરીને આપણે નગરમાં પ્રવેશ કરીએ.’ કહ્યું છે કે—

अभुक्त्वा न विशेद् ग्रामं, न गच्छेदेकको ऽध्वनि ।
ग्राह्यो मार्गे न विश्रामः, पंचोक्तं कार्यमाचरेत् ॥१॥

“ ભોજન કર્યા શિવાય ગામમાં પ્રવેશ ન કરવો, માર્ગે એકલા ન જવું, રસ્તાની વચમાં વિશ્રામ ન લેવો અને પંચ કહે તે કામ કરવું. ”

પછી શ્રેષ્ઠીએ પોતાની પ્રિયા અને પુત્ર સહિત એક આમ્રવૃક્ષ નીચે વિસામો લઇ દેવપૂજા કરીને ભોજન કર્યું. અને ત્યાં આમ્રતરૂની છાયામાં ક્ષણવાર વિશ્રાંતિ લઇને શેઠ પોતાના મનમાં વિચારવા લાગ્યો કે-‘અહો ! આ આમ્રવૃક્ષ પણ પરોપકાર કરે છે, અને હું તો નિર્ધનપણાથી કિંચિત્ પણ પરોપકાર કરવાને અસમર્થ છું. કહ્યું છે કેઃ—

मंजरीभिः पिकनिकरं, रजोभिरलिनं फलैश्च पांथगणम् ।
मार्गे सहकार सततमुपकुर्वन्नंद चिरकालम् ॥ १ ॥

“ મંજરીઓથી કોકિલાઓને, રજકણોથી ભમરાઓને અને ફળોથી રસ્તે જતા મુસાફરોને નિરંતર પ્રસન્ન કરતા એવા હે આમ્રવૃક્ષ ! તું ચિરકાળ આનંદ પામ. ” હવે નગરમાં જઇને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ દ્રવ્ય વિના હું વ્યવસાય શી રીતે કરી શકીશ? અને મને દ્રવ્યનો લાભ શી રીતે થશે? કહ્યું છે કે-' ગાયને ખવરાવ્યા પ્રમાણે તે દુધ આપે છે, ખેતીવાડી વરસાદને અનુસારે ફળ આપે છે, દ્રવ્યને અનુસારે વેપારમાં લાભ થાય છે અને ભાવને અનુસારે પુણ્યબંધ થાય છે. તેમજ વસ્ત્રાદિક આડંબર વિના કોઈ જગ્યાએ સન્માનાદિક પણ મળતું નથી. અને વસ્ત્ર તથા કરિયાણું વિગેરે ઉધાર કોઈ મને આપે તેમ નથી.' કહ્યું છે કે-' સ્ત્રીઓમાં, રાજસભામાં, મંડળોમાં, વ્યવહારમાં, શત્રુઓમાં અને શ્વસુરના ઘરે આડંબર કરવાથી વધારે માન મળે છે.'

આ પ્રમાણે શેઠ વિચાર કરે છે એવામાં અકસ્માત આકાશવાણી આ પ્રમાણે તેના સાંભળવામાં આવી કે-'આ બાળક પંદર વર્ષનો થતાં આજ નગરનો રાજા થશે, માટે મનમાં કશી ચિંતા ન કર.' આવા પ્રકારની આકાશવાણી સાંભળીને શેઠ આમ તેમ જોવા લાગ્યા, એવામાં પ્રિયશ્રીએ શ્રેષ્ઠીને કહ્યું કે-' હે સ્વામિન્! આ દિવ્યવાણી ખરેખર આપણા ભાગ્યને પ્રદર્શિત કરે છે.' એટલે શ્રેષ્ઠી બોલ્યા કે-' હે પ્રિયે! તારૂં કથન સત્ય લાગે છે; પરંતુ આપણા પુત્રને રાજ્યનું કશું પ્રયોજન નથી, માત્ર એ ચિરકાળ આયુષ્ય ભોગવે-એજ આપણને પ્રયોજન છે. કહ્યું છે કે-જેમ પાણી વિના સરોવર અને પરિમલ વિના પુષ્પ વખાણતું નથી, તેમ બત્રીશ લક્ષણો પુરૂષ પણ આયુષ્ય વિના વખણાતો નથી. એક પુત્ર તો આપણા દુર્ભાગ્યવશાત્ પ્રથમ મરણ પામ્યો, હવે બીજાની આશા કરવાની છે, પણ તે આશા દૈવાધીન છે. એવામાં પુનઃ આકાશવાણી થઈ કે 'આ બાળક અવશ્ય દીર્ઘાયુષી અને મોટો રાજા થશે; એટલુંજ નહિ પણ તે જિનધર્મનો રાગી અને ભાગ્ય સૌભાગ્યનું ભાજન થશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુનઃ પ્રગટ થયેલ આકાશવાણી સાંભળીને તે બંને દંપતી અત્યંત હર્ષ પામ્યા. શ્રેષ્ઠીએ ચારે બાજુએ તથા ઉપર આકાશમાં જોયું, પણ દેવાદિક કોઇ જોવામાં ન આવ્યું, એટલે તેણે પોતાની પ્રિયાને કહ્યું કે–પુણ્ય વિના પ્રાણીને દેવદર્શન પ્રાયઃ ન થાય. કહ્યું છે કે–'જેનું પૂર્વકૃત પુણ્ય ઉત્કૃષ્ટ હોય તેનેજ દેવતાઓ પ્રત્યક્ષ થાય છે.' જુઓ! તીર્થંકરોના કલ્યાણકમાં સંખ્યાબંધ દેવતાઓ સેવા કરવા તત્પર થાય છે. આ પ્રમાણે પ્રિયાને કહીને ફરી શેઠ બોલ્યા કે–'આ દેવ કોણ છે કે જે અદૃશ્ય રહીને મારૂં આવા પ્રકારનું સમીહિત કહે છે?' આ પ્રમાણે સાંભળીને એક દેવ ત્યાં પ્રગટ થઇ શેઠને કહેવા લાગ્યો કે–'હે શ્રેષ્ઠિન્! હું તારો પૂર્વનો પુત્ર મરણ પામીને દેવતા થયો છું. તે વખતે તમે કહેલ નમસ્કાર મહામંત્રના શ્રવણથી હું ધરણેંદ્રના પરિવારમાં દેવતા થયો છું અને આ આમ્રવૃક્ષનો હું અધિષ્ઠાયક છું. તમારા સ્નેહના વશથી મારા આ ભાઈને રાજ્યની પ્રાપ્તિ થશે ત્યાંસુધી હું સહાય કરીશ. આ મારો ભાઈ મહાભાગ્યવંત છે, માટે માટે હવે તમારે કશી જાતની ચિંતા ન કરવી; પરંતુ આ બાળકને મારૂં નામ આપવું કે જેથી તે દીર્ઘાયુષી થાય.' આ પ્રમાણે સાંભળીને શેઠ બોલ્યા કે–'હે દેવ! તમારૂં શું નામ છે?' દેવે કહ્યું કે–'મારૂં નામ પ્રિયંકર છે.' એટલે શ્રેષ્ઠીએ પણ દેવનું કથન અંગીકાર કરીને પોતાના પુત્રનું પણ પ્રિયંકર એવું નામ રાખ્યું. પુનઃ દેવે કહ્યું કે–'હે શ્રેષ્ઠિન્! સંકટવખતે અહીં આવીને આ વૃક્ષની આગળ ધૂપાદિક કરીને કાર્ય નિવેદન કરજો, કે જેથી હું તમારી આશા તત્કાળ પૂર્ણ કરીશ. કહ્યું છે કે–ભોગથી દેવતાઓ, ભોગથી વ્યંતરો અને ભોગથી ભૂતપ્રેતાદિક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંતુષ્ટ થાય છે અને સર્વ વિઘ્નોનો વિનાશ કરે છે.' આ પ્રમાણે કહીને તે દેવ અદૃશ્ય થઈ ગયો.

હવે શ્રેષ્ઠી વિજય મુહૂર્તે નગરમાં પ્રવેશ કરે છે, તેવામાં જમણી બાજુએ ગધેડું નીકળ્યું. કહ્યું છે કે–'ગામની બહાર નીકળતાં ડાબી બાજુએ અને પ્રવેશ કરતાં જમણી બાજુએ ગધેડું નીકળે તો શુભ થાય. પછવાડે નીકળે તો ગમન નજ કરવું અને સન્મુખ આવે તો પણ રસ્તામાં વિઘ્નકર્ત્તા થાય માટે ન જવું. પ્રથમ શબ્દ હાનિકારક થાય છે, બીજે શબ્દે સિદ્ધિદાયક થાય છે, ત્રીજે શબ્દે જવુંજ નહિ અને ચોથે શબ્દે સ્ત્રીસમાગમ થાય છે, પાંચમે શબ્દે ભય થાય, છઠ્ઠે શબ્દે કલેશ થાય, સાતમે સર્વ કાર્ય સિદ્ધ થાય અને આઠમે લાભ થાય છે.' પછી તે શ્રેષ્ઠી સારે શકુને પોતાના પરિવાર સહિત નગરમાં પ્રવેશ કરી પોતાને ઘેર જઇને સુખે ધર્મ કર્મ કરવા લાગ્યો, અને પ્રિયંકર પુત્ર પણ માતા પિતાના મનોરથોની સાથે દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યો.

એવામાં પ્રિયશ્રીના પિતાને ઘેર તેના ભાઇનો વિવાહમહોત્સવ શરૂ થયો, તેથી તેને બોલાવવા તેનો ભાઈ આવ્યો, એટલે પ્રિયશ્રી પણ પોતાના પતિની આજ્ઞા મેળવીને હર્ષ સાથે પોતાના ભાઇની સાથે પિતાને ઘેર ગઈ. કહ્યું છે કે–'મા, બાપ, પતિ, પુત્ર, અને સહોદર–એ પાંચ સ્ત્રીઓને હર્ષનાં કારણ છે.' આ અવસરે તેની બીજી બ્હેનો પણ પોતપોતાને ઘેરથી ત્યાં આવી હતી, પરંતુ તે બધી સધન હોવાથી પરિવાર સહિત, અનુચર સહિત અને દાસ, દાસી વિગેરેથી પરવરેલી હતી. રેશમી વસ્ત્રો પહેરેલી હતી અને તાંબૂલથી મુખને સુરભિમય કરીને આવેલી હતી, હીરાથી જડેલા સુવર્ણનાં આભરણોથી તે વિભૂષિત હતી, કસ્તુરીની પત્રવલ્લરી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(મુખપરની વેલ) થી સમસ્ત ઘરને સુગંધી કરી દેતી હતી, વિવિધ સુગંધયુક્ત પુષ્પોને પોતાના અંબોડામાં ધારણ કરતી હતી, કાનમાં સુવર્ણકુંડળથી અલંકૃત હતી, કંઠમાં મોતીની માળાથી સુશોભિત લાગતી હતી, આંગળીઓમાં રત્નજડિત સુવર્ણ મુદ્રિકાઓથી ભૂષિત હતી અને સુવર્ણનાં કંકણોથી તેના બંને હાથ શોભાયમાન લાગતા હતા. આ પ્રમાણે સર્વાંગે અલંકારોથી અલંકૃત હોવાથી તેઓ દેવાંગનાઓ જેવી દીપતી હતી, અને આ પાસદત્તશેઠની પત્ની પ્રિયશ્રીએ તો નિર્ધન હોવાથી સામાન્ય વસ્ત્ર, જીર્ણ કાંચળી અને જીર્ણ કસુંબી રંગનું વસ્ત્ર પહેરેલું હતું, કાનમાં સીસાના કુંડલો પહેર્યા હતા, તાંબૂલરહિત મુખ હતું, બધા વાળ મલીન દેખાતા હતા, પીતલના કંકણ અને મુદ્રિકા પહેરી હતી, સ્વજનોમાં આદર ન પામતી તે બિચારી ઘરના એક ખુણામાં બેસીને મનમાં અત્યંત લજ્જા પામી વાસણ માંજવા વિગેરે કામ કરતી હતી. મનમાં વિચારતી કે-"અહો ! જગતમાં કોઈ કોઇને વલ્લભ નથી. કહ્યું છે કે:- પક્ષીઓ ફળરહિત વૃક્ષોને, હંસો શુષ્ક સરોવરને, ભમરાઓ ગંધરહિત પુષ્પને, સેવકો રાજભ્રષ્ટ રાજાને, ગણિકાઓ નિર્ધન પુરૂષને અને મૃગલાઓ દગ્ધ વનને તજી દે છે. સર્વ કોઇ સ્વાર્થને વશ થઇનેજ રમણતા કરે છે, બાકી વાસ્તવિક કોઈ કોઇને પણ વલ્લભ નથી." દ્રવ્યથી મદોન્મત્ત થયેલી બીજી બ્હેનો તેને હસતી હતી. બીજા લોકો પણ કહેતા હતા કે:-'અહો ! ભગિનીપણું સમાન હોવા છતાં પુણ્ય પાપનું કેટલું બધું અંતર છે ! આ બિચારી રાંધવા વિગેરેનું કામ કર્યા કરે છે અને બીજી બ્હેનો રાણીની માફક તેના પર હુકમ ચલાવે છે. કહ્યું છે કે:-' જેઓ તપ કે સયંમ આચરતા નથી તેઓ હાથ, પગથી બીજા જનોની સમાન હોવા છતાં પુણ્યભાવથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અવશ્ય હીનત્વ પામે છે.' આ પ્રમાણે પોતાની બ્હેનોએ કરેલ હાસ્ય જોઇને તેમજ લોકોની વાણી સાંભળીને પ્રિયશ્રી મનમાં અતિ ખેદ પામી અને પરાભવને પામતી તે પોતાના મનમાં વિચારવા લાગી કે:–"લોકો કુળ કે ગુણોને જોતા નથી, પણ માત્ર ધનનેજ જુએ છે. કહ્યું છે કે:–જાતિ, વિદ્યા અને રૂપ–એ ત્રણે કોઇ ગિરિગુફામાં સંતાઈ જાઓ, માત્ર એક ધનજ વૃદ્ધિ પામો, કે જેથી બીજા ગુણો સ્વયમેવ પ્રાપ્ત થાય. અહો ! મેં ખરેખર પૂર્વભવમાં તપ વિગેરે પુણ્યકર્મ કરેલું નથી, તેથી હું નિર્ધન થઈ છું અને આ મારી બ્હેનોએ પૂર્વભવમાં મોટું તપ કરેલું છે, જેથી તેઓ દ્રવ્યાદિક સકળ ભોગની સામગ્રી પામી છે."

હવે વિવાહ સમાપ્ત થતાં તે સધન બ્હેનોને માતાપિતાએ રેશમી વસ્ત્રો તથા આભરણો વિગેરે આપી તેમનો ગૌરવ સહિત સત્કાર કર્યો, એટલે તેઓ પોતપોતાને ઘેર ગઇ; અને પ્રિયશ્રીને તો માબાપ તથા ભાઇઓએ એક રંગ વિનાની જાડી સાડી આપી, તેથી માનભંગ થઇને તે પોતાના ઘર ભણી ચાલી. રસ્તામાં તે વિચારવા લાગી કે:– "અરે ! માબાપ તથા ભાઇઓએ પણ કેટલું બધું અંતર રાખ્યું ? પરંતુ આ સંબંધમાં તેમનો પણ કંઇ દોષ નથી; મેં પૂર્વભવે ધર્મકાર્યો કર્યાં નથી, તેનું આ ફળ છે. તેથી હવે ભાવથી કરેલ ધર્મજ સહોદરતુલ્ય સ્નેહને વધારનાર છે, માટે તેનુંજ મારે શરણ થાઓ.કહ્યું છે કે–

**विघटंते सुताः प्रायो, विघटंते च बांधवाः ॥**
**सर्वं विघटते विश्वे, धर्मात्मानौ तु निश्चलौ ॥ १ ॥**

" પુત્રો પણ પ્રાયઃ વિઘટી જાય છે, બાંધવો વિઘટે છે અને આ સંસારમાં બીજું સર્વ પણ વિઘટે છે; પરંતુ ધર્મ અને આત્મા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તો નિશ્ચલજ છે. ( તે વિઘટતા નથી )." આ પ્રમાણે વિચારતી પ્રિયશ્રી શ્યામમુખી થઇને ઘેર આવી, એટલે અંતરમાં રહેલ પશ્ચાત્તાપરૂપ અગ્નિને અશ્રુજળથી જાણે સિંચતી હોય એવી પોતાના હૃદયસ્થળને આર્દ્ર કરતી તે પાસદત્ત શેઠના જોવામાં આવી. શ્રેષ્ઠીએ તેને પૂછ્યું કે-' હે પ્રિયે ! આજ કેમ તું વિષાદવતી ( ખિન્ન ) લાગે છે ? શું તારૂં કોઇએ અપમાન કર્યું છે અથવા તારે શરીરે કંઇ બાધા થાય છે ?' આ પ્રમાણે શ્રેષ્ઠીએ પૂછ્યું, છતાં તે કાંઈ બોલી નહિ. કારણ કે કુલીન સ્ત્રીઓ પિતાને ઘેર યા સાસરાને ઘેર થયેલ અપમાન કદાપિ કોઇની આગળ પણ પ્રકાશતી નથી. કહ્યું છે કે:- ' કુલીન સ્ત્રીઓ પીડા પામી સતી પારકી વાત કરતી નથી, સાધારણ ( મધ્યમ ) સ્ત્રીઓજ ઘરમાં પરસ્પર કલહ કરાવે છે.' છેવટે ભર્ત્તારે બહુ આગ્રહથી પૂછ્યું, એટલે તેણે પોતાનું સર્વ વૃત્તાંત કહી બતાવ્યું. કેમકે:—

पतिः पूज्यः पतिर्देवः, पतिः स्वामी पतिर्गुरुः ।
सुखे दुःखे कुलस्त्रीणां, शरणं पतिरेव हि ॥ १ ॥

" કુલીન સ્ત્રીઓને પતિ પૂજ્ય છે, પતિ દેવ છે, પતિજ સ્વામી છે અને પતિજ ગુરૂ છે, સુખ કે દુઃખમાં શરણ પણ પતિજ છે." તેની બધી વાત સાંભળીને પાસદત્તે કહ્યું કે-હે ભદ્રે ! મારા જાણવામાં આવ્યું કે-દારિદ્રજ એક તારા અપમાનનો હેતુ છે. કહ્યું છે કે-

ईश्वरेण स्मरो दग्धो, लंका दग्धा हनूमता ।
न केनापीह दारिद्र्यं, दग्धं सत्त्ववताप्यहो ॥ १॥

"મહાદેવે કામદેવને દગ્ધ કર્યો અને હનૂમાને લંકાને દગ્ધ કરી; પરંતુ અહો ! કોઇપણ સાત્ત્વિક પુરૂષે આ દારિદ્રને દગ્ધ ન કર્યું."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પછી પ્રિયશ્રીને શાંત કરીને શ્રેષ્ઠીએ કહ્યું કે-'હે પ્રિયે ! આ સંબંધમાં તારે લેશ પણ ચિંતા કરવી નહિ; માત્ર સ્વકર્મનો વિચાર કરીને પુણ્યનું આચરણ કરવું અને દેવવચન હૃદયમાં ધારી રાખવું. કેમકે:-

**कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि।**
**अवश्यमेव भोक्तव्यं, कृतकर्म शुभाशुभम् ॥ १ ॥**

" કરેલ કર્મનો ક્ષય કરોડો વરસો જતાં પણ થતો નથી, પોતે કરેલ શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવાંજ પડે છે. " આ પ્રમાણે પોતાના સ્વામીથી આશ્વાસન પામેલી પ્રિયશ્રી દરરોજ નમસ્કારમંત્રનું સ્મરણ, ઉપસર્ગહર સ્તવની ગણના, દેવવંદન, કાયોત્સર્ગ કરણ અને પ્રતિક્રમણાદિ ધર્મકર્મ આચરવા લાગી, અને શેઠ પણ વિશેષ પ્રકારે અષ્ટપ્રકારી પૂજા કરવા લાગ્યા. આ પ્રમાણે ધર્મકાર્ય કરતાં અનુક્રમે તેમને પૂર્વ પુણ્યનો ઉદય થયો.

એકદા પ્રિયશ્રી ઘર લીંપવા માટે માટી લેવા નગરની બહાર ગઇ. ત્યાં જેવામાં તે માટી ખોદે છે, તેવામાં તેના પુણ્યને પ્રકાશનારૂં અને દારિદ્રનો નાશ કરવામાં સમર્થ એવું નિધાન પ્રગટ થયું. કહ્યું છે કે:-" જે પ્રાણીએ પૂર્વ ભવમાં પુણ્યરૂપ પ્રબળ દ્રવ્ય ઉપાર્જન કર્યું છે તે પ્રાણીને સર્વ સંપત્તિઓ સત્વર પ્રાપ્ત થાય છે. " પછી વિસ્મય પામીને તે નિધાન માટીથી આચ્છાદિત કરી તરત ઘેર આવીને તે હકીકત તેણે પોતાના સ્વામીને નિવેદન કરી, એટલે શ્રેષ્ઠીએ પણ ત્યાં આવી અવલોકન કરીને તે વાત રાજાને નિવેદન કરી. પછી રાજાએ તે શેઠની સાથે પોતાના માણસો ત્યાં મોકલ્યા. તેઓએ તે નિધાન લઇને રાજસભામાં આવી રાજાની આગળ મૂકયું. તે જોઇને રાજાએ તેની વ્યવસ્થા કરવા માટે મંત્રી તથા પુરોહિત વિગેરેને પૂછયું, એટલે તેઓએ કહ્યું કે:-' હે સ્વા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મિન્ ! એ નિધાન તો રાજાનુંજ થાય, તથાપિ તેમાંથી સ્વલ્પ આ શેઠને પણ આપવું જોઇએ.' આ પ્રમાણે સલાહ મળવાથી તે ધન લેવા રાજા જેવો પોતાનો હાથ પસારે છે, તેવામાં તે નિધાનમાંથી અકસ્માત્ વાણી પ્રગટ થઈ–'આ શ્રેષ્ઠી વિના જે કોઈ આ નિધાન લેશે તે અવશ્ય ભસ્મ થઈ જશે.' આ પ્રમાણેની વાણી સાંભળીને રાજાદિક સર્વે ભય પામીને તેનાથી દૂર થઈ ગયા, અને કહેવા લાગ્યા કે–'આ નિધાન ખરેખર! કોઇ વ્યંતરથી અધિષ્ઠિત થયેલું લાગે છે, માટે તે આ શેઠનેજ આપી દ્યો.' આ પ્રમાણે કહીને પછી રાજાએ પાસદત્ત શેઠને પૂછ્યું કે–'હે શેઠ! તમે આ નિધાન જોયું, ત્યારે ત્યાં કોઈ પણ માણસ હતું ? અથવા તો પહેલાં કોઇએ ત્યાં કોઇ માણસને જોયું કે સાંભળ્યું હતું ?' શ્રેષ્ઠીએ કહ્યું કે–'હે રાજન્! આ નિધાનની વાત હું જાણું છું તથા મારી સ્ત્રી જાણે છે, તે શિવાય બીજું કોઈ જાણતું નથી.' રાજાએ કહ્યું કે–'તો મારી આગળ તમે શા માટે કહ્યું ?' શ્રેષ્ઠીએ કહ્યું કે:–

'હે રાજન્! પરધન ન લેવાનો મારો નિયમ છે અને ભૂમિસંબંધી જે હોય તે બધું રાજાનુંજ ગણાય; માટે તેમાંથી જે નિધાનાદિ નીકળ્યું હોય તે પણ બધું રાજાનુંજ ગણાય. તેથી તે ગ્રહણ ન કરતાં તે વાત મેં આપને નિવેદન કરી. કહ્યું છે કે–'કોઈનું પડી ગયેલું, વિસરી ગયેલું, ખોવાઈ ગયેલું, રહી ગયેલું, કોઇએ રાખેલું અને ગોપવેલું એવું દ્રવ્ય અદત્ત ન લેવું, એટલુંજ નહિ પણ વગર આપ્યું તૃણ માત્ર પણ ન લેવું.' વળી હે રાજન્! ગૃહસ્થને વ્યવહારશુદ્ધિપૂર્વકજ ધન ઉપાર્જન કરવું ઉચિત છે. કહ્યું છે કે–'શુદ્ધ વ્યવહારથી ઉત્પન્ન થયેલું ધનજ શુદ્ધ છે અને તેવા શુદ્ધ દ્રવ્યથીજ ધાન્ય, દેહ, પુત્ર અને ધર્માનુષ્ઠાન શુદ્ધ થાય છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળી 'શુધ્ધ દેહથીજ પ્રાણી ધર્મને યોગ્ય થઈ શકે છે, અને જે જે કૃત્ય કરે તે તે સફળ થાય છે.'

શેઠના આવા દૃઢ નિયમથી સંતુષ્ટ થયેલા રાજાએ તે બધું નિધાન તેને સમર્પણ કર્યું અને કહ્યું કે-'હે શ્રેષ્ઠિન્! આ નિધાન તારા પુણ્યથીજ પ્રગટ થયું છે, માટે તુંજ તેને ગ્રહણ કર.' પછી રાજાએ સન્માનપૂર્વક શેઠને વિદાય કર્યા, એટલે નિધાન લઇને શેઠ પોતાને ઘેર આવી વિચારવા લાગ્યા કે-'અહો! આ લોકમાંજ મને નિયમનું ફળ પ્રાપ્ત થયું. કહ્યું છે કે—

परार्थग्रहणे येषां, नियमः शुद्धचेतसाम् ।
अभ्यायांति श्रियस्तेषां, स्वयमेव स्वयंवराः ॥ १ ॥

'જે શુદ્ધ મનવાળા પુરૂષો પરધન ગ્રહણ ન કરવાનો નિયમ લે છે તેઓને લક્ષ્મી સ્વયંવરા થઇને સામી આવી પોતેજ ભેટે છે.' વળી 'ભાગ્યવંત પુરૂષે ગમે તે નિયમ તો અવશ્ય લેવો. કેમકે અલ્પ નિયમ પણ મોટા લાભનું કારણ થાય છે, એમ મહામુનિઓએ કહ્યું છે.' પછી શેઠ પોતાની પ્રિયાને કહેવા લાગ્યો કે-'હે પ્રિયે! આ બધું ધર્મનું ફળ સમજવું.' પછી અનુક્રમે તે ધનથી પાસદત્ત શેઠ મોટો વ્યાપારી થયો. એકદા તેણે ગવાક્ષાદિકથી મનોહર એવો નવો આવાસ કરાવ્યો અને તેમાં રહીને વિવિધ વ્યાપાર કરતાં પોતાની પ્રિયા સાથે વિવિધ સુખ ભોગવવા લાગ્યો. પ્રિયશ્રી પણ ધર્મ કર્મ કરતી શ્રેષ્ઠીને અનુપમ સુખનું ભાજન થઇ પડી. કહ્યું છે કે-'સ્ત્રી પ્રથમ તો ધર્મકાર્યમાં સહાયક થાય છે, કુટુંબ ક્ષીણ થતાં [હલકી સ્થિતિમાં આવી પડતાં] ગમે તેમ તેને નીભાવી લે છે, વિશ્વાસમાં તે સખીસમાન થાય છે, હિત કરવામાં ભાગની સમાન બને છે, લજ્જાના વશથી તે પુત્રવધૂ જેવી થાય છે, વ્યાધિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને શોકના સમયમાં તે જનની સમાન થાય છે અને શય્યામાં કામિની થાય છે. અહો ! ત્રણે લોકમાં પણ પુરૂષોને ભાર્યા સમાન કોઈ બાંધવ નથી.' પછી ધનની પ્રાપ્તિ થતાં શ્રેષ્ઠીએ પોતાને ઘેર દાસ, દાસી, ગાય, ભેંશ અને અશ્વાદિક પરિવાર વધાર્યો અને કુટુંબીઓને પણ વારંવાર ભોજનાદિક કરાવવાથી કુટુંબમાં પણ તેનું મહત્વ વૃદ્ધિ પામ્યું. કહ્યું છે કેઃ—

**गौरवं प्राप्यते दाना–न्न तु द्रव्यस्य संग्रहात् ।**
**स्थितिरुच्चैः पयोदानां, पयोधीनामधः पुनः ॥ १ ॥**

"દ્રવ્યના દાનથી ગૌરવ પ્રાપ્ત થાય છે, માત્ર તેનો સંગ્રહ કરવાથી ગૌરવ પ્રાપ્ત થતું નથી. કારણ કે મેઘ જળ આપે છે તેથી તેની ઉંચે સ્થિતિ છે અને સમુદ્રો જળ નથી આપતા માટે તેની અધઃસ્થિતિ છે." વળી 'વિધાતાએ જેમને નિર્ધન બનાવ્યા છે તેમને વિધિ પ્રતિકૂળ હોય છે, પણ દ્રવ્ય છતાં નથી આપતા તેમનાથી તો વિધાતા વધારે પ્રતિકૂળ હોય છે. સમૃદ્ધ છતાં કૃપણ હોય તો આશ્રિત જનો તેની પાસે જઇને શું કરે ? કિંશુકનું વૃક્ષ ફૂલિત થાય છતાં પણ ક્ષુધિત શુક તેની પાસે જઈને શું કરે ? કેમકે તે કાંઇ ખાદ્ય આપતું નથી.' આ પ્રમાણે સુખવિલાસ કરતાં તેમનો પ્રિયંકર પુત્ર પણ વૃદ્ધિ પામી આઠ વર્ષનો થયો, એટલે તેને લેખશાળા ( નિશાળ ) માં મોકલવા શ્રેષ્ઠીએ શુભ મુહૂર્ત્ત જોવરાવ્યું. કહ્યું છે કે—"શુભ વેળાએ કરેલ કાર્ય વૃદ્ધિ અને લાભ આપનાર થાય છે. જુઓ, સારે અવસરે ગણધરપદપર સ્થાપન કરેલા ગૌતમસ્વામી સર્વ લબ્ધિના ભંડાર થયા." પછી તેના મહોત્સવનિમિત્તે શ્રેષ્ઠીએ સ્વજનોના ગૌરવ માટે પોતાને ઘેર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મિષ્ટાન્નાદિક બધી સામગ્રી તૈયાર કરાવી. તે વખતે અવસરને જાણનારી પ્રિયશ્રીએ શ્રેષ્ઠીને કહ્યું કે-'હે સ્વામિન્ ! મારા ભાઇના વિવાહમહોત્સવમાં મારી બ્હેનો મારાપર બહુ હસી છે અને મારૂં બહુ અપમાન કર્યું છે; પરંતુ આ અવસરે જો મારી માતા, બ્હેનો, પિતા તથા ભાઈ વિગેરેને સપરિવાર અહીં બોલાવીને વિવિધ ભોજન અને વસ્ત્રાદિકથી સત્કાર કરવામાં આવે તો સારૂં.'

આ પ્રમાણે સાંભળીને શ્રેષ્ઠીએ વિચાર કર્યો કે-' અહો ! આ મારી ભાર્યા ખરેખર કુલીન અને ભાગ્યવતી છે; જેથી પોતાનું અપમાન કરનારાઓનો પણ સત્કાર કરવા ઈચ્છે છે. કહ્યું છે કે-સતી, સુરૂપવતી, સુભગા, વિનીત, પ્રેમાર્દ્ર હૃદયવાળી, સરલ સ્વભાવવાળી અને નિરંતર સદાચારના વિચારમાં દક્ષ-એવી પત્ની પુણ્યયોગેજ પ્રાપ્ત થાય છે. વળી-ઉગ્ર, દુર્વિનયી, કલહ કરનારી, શ્યામ (કાળી), ગુહ્ય વાત પરને કહી દેનારી, નિદ્રાસક્ત, પતિ પહેલાં જમી લેનારી, વિકથા કરનારી, લજ્જાહીન, ચોરી કરવાના સ્વભાવવાળી, ઘરને બારણે બેસી રહેનારી, ગુણહીન, દાંત કરડનારી, શૌચરહિત હાથ પગવાળી, કૃપણ અને બીજાને ઘેર બેસી રહેનારી-એવી સ્ત્રીને દુષ્ટ સ્ત્રી સમજવી.' તે પાપયોગે પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે વિચાર કરતા શેઠને પ્રિયશ્રી કહેવા લાગી કે-'હે સ્વામિન્ ! ધનથી ગર્વિષ્ઠ થયેલા એવા તેમને અત્યારે પુણ્યફળ દર્શાવવાનો અવસર છે.' શ્રેષ્ઠીએ કહ્યું કે-'હે પ્રિયે ! તે ધનગર્વિષ્ઠોને સ્નેહ દર્શાવી ગૌરવ કરવું શા કામનું ? જેમ તેમણે કર્યું તેમ આપણે પણ કરવું યોગ્ય છે. કહ્યું છે કે-'જે જેમ કરે તેના પ્રતિ તેમ કરવું. જે હસે તેના પ્રતિ હાસ્ય કરવું. કારણ કે વેશ્યાએ શુકની પાંખ તોડી એટલે શુકે તેનું મસ્તક મુંડાવ્યું.' આ પ્રમાણેનાં પતિનાં વ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચનો સાંભળી પ્રિયશ્રી કહેવા લાગી કે–'હે સ્વામિન્ ! અપકારપર ઉપકાર કરવો એ ઉત્તમ જનોનું મુખ્ય લક્ષણ છે. કહ્યું છે કે–આ કળિકાળમાં કૃતઘ્ન અને તુચ્છ જનો તો બહુ જોવામાં આવે છે, પણ અપકારપર પણ ઉપકાર કરનારા એવા કૃતજ્ઞ અને ઉત્તમ જનો તો વિરલાજ દેખાય છે.'

આ પ્રમાણેની પોતાની પ્રિયાની પ્રેરણાથી શ્રેષ્ઠીએ તેના ભાઇઓ અને બ્હેનોને બોલાવવા પોતાના માણસો મોકલ્યા. તે ત્યાં ગયા, સેવકો પણ ધનથી ઉન્મત્ત થયેલા તેના ભઇઓ તથા બ્હેનોએ તેમની સમ્યક્ પ્રકારે બરદાસ પણ ન કરી. કહ્યું છે કે—' બહુ વિષનો ભાર છતાં પણ શેષનાગ ગાજતો નથી, અને લેશ માત્ર વિષ હોવા છતાં વીંછી પોતાનો કંટક ઉંચો ને ઉં. ચોજ રાખે છે.' વળી ભક્ત (ભોજન) પર દ્વેષ, જડ (જળ) માં પ્રીતિ, અરૂચિ, ગુરૂલંઘન[1] અને મુખમાં હમેશાં કટુતા—એ જ્વર રોગવાળાની જેમ ધનવાનોને પણ હોય છે. દારૂડીયાની જેમ ધનવાનોને બીજાઓ ટેકો આપે ત્યારે ચાલી શકે છે, પગલે પગલે સ્ખલના પામે છે અને અવ્યક્ત વચનો બોલે છે. પછી તે સેવકોએ જ્યારે ત્યાં આવવાને માટે નિમંત્રણ કર્યું, ત્યારે તે ભાઇઓ અને બ્હેનો કહેવા લાગ્યાં કે—'અહો! જન્મથી આજ પર્યંત તો તે બ્હેનનું ઘર અમે જોયું પણ નથી, અને આજ એવું શું કારણ આવી પડયું ?' એટલે તે સેવકો બોલ્યા કે–' શેઠના પુત્રને નિશાળે મોકલવા નિમિત્તે ઉત્સવ ચાલુ કર્યો છે. તે ઉત્સવમાં તમને સર્વેને તમારી બ્હેને બોલાવ્યા છે.' આ પ્રમાણે સાંભળી તેમણે કહ્યું કે–'તમારે અમારી બ્હેનને

૧ ગુરૂનું ઉલ્લંઘન કરવું. પક્ષે મોટી લાંઘણો કરવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એમ કહેવું કે અમે અહીં રહ્યા છતાં ત્યાં આવ્યાજ છીએ એમ સમજી લેવું.' આથી સેવકોએ વધારે આગ્રહ કરીને કહ્યું કે—'તમે નહિ આવો તો શેઠ ફરીને પણ તમને બોલાવવા અમને અહીં મોકલશે, માટે તમે અત્યારે ચાલો તો ઠીક.'

આ પ્રમાણે સાંભળી બ્હેનો વિગેરેએ કહ્યું કે-'તે અમને ફરીને બોલાવવાનો આગ્રહ કરશે, એ તો અમારા જાણવામાંજ છે; પરંતુ દરિદ્રીને ઘેર ભોજનમાટે જતાં લોકો અમારી મશ્કરી કરે. કહ્યું છે કે-' જ્યાં અન્ન, શાક, ઘી, દહીં, દૂધ, સાકર અને તાંબૂલ જોવામાંજ ન આવતાં હોય ત્યાં સારાં ભોજનની શી વાત કરવી ?' આ પ્રમાણે કહીને તે સેવકોને પાછા વિદાય કર્યા, એટલે તેમણે શેઠ પાસે આવીને તેમની કહેલી બધી વાતો કહી બતાવી. શ્રેષ્ઠીએ તે બધું પ્રિયશ્રીને જણાવ્યું. તે સાંભળી પ્રિયશ્રી કહેવા લાગી કે—"હે સ્વામિન્ ! મોટા આદરપૂર્વક પણ તે મ્હારી બ્હેનો વિગેરેને બોલાવવી ઉચિત છે. કારણ કે સ્વજન-સમુદાય વિના મહોત્સવ શોભતો નથી. કહ્યું છે કે—'વૃક્ષોથી સરોવર, સ્ત્રીથી ઘર, પ્રધાનથી રાજા અને સ્વજનોથીજ ધર્મકર્મના મહોત્સવો શોભા પામે છે.' આ પ્રમાણેની પ્રેરણાથી શ્રેષ્ઠીએ પુનઃ પોતાના સેવકોને તેડવા મોકલ્યા. તેઓએ ત્યાં જઇને તે બ્હેનો વિગેરેને બહુમાનપૂર્વક નિમંત્રણ કર્યું, એટલે તેમણે તે માન્ય રાખ્યું. કહ્યું છે કે-'ગુણવંત જનો ક્ષણવિનશ્વર એવા ભોજનને જોતા નથી, પણ સ્વજનોના નિરંતરના આદરનેજ જુએ છે.' પછી તેની બધી બ્હેનો વિવિધ અલંકારો ધારણ કરીને મોટા આડંબરપૂર્વક પ્રિયશ્રીને ઘેર આવી, પણ ભાઈઓ લજ્જાના માર્યા આવ્યા નહિ. પછી પ્રિયશ્રીએ સ્વાગતપ્રશ્નપૂર્વક તેમને સ્થાન આસનાદિકથી અત્યંત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સન્માન આપ્યું, અને ભોજનાવસરે નાના પ્રકારની પૂર્વે નહિ જોયેલી એવી વસ્તુઓ પીરસીને તેમનો બહુ સત્કાર કર્યો. કહ્યું છે કે–' સાકર, અમૃત કે દૂધ મિષ્ટ નથી, પણ માનપૂર્વક ભોજન કરવું એજ અતિ મિષ્ટ અને ઇષ્ટ છે.' વળી ' પાણીનો રસ શીતળતા છે, પારકા ભોજનનો રસ આદર છે, અનુકૂળતા એ સ્ત્રીઓનો રસ છે અને સુવચન એ મિત્રોનો રસ છે.'

કેટલાક દિવસો પછી મહોત્સવ સમાપ્ત થતાં નાના પ્રકારનાં વસ્ત્રાભરણ આપવા વડે સત્કાર પામેલી, અને પ્રિયશ્રીનાં વિનય, વિવેક અને વચનચતુરાઇથી ચમત્કાર પામેલી તે બ્હેનો પરસ્પર બોલવા લાગી કે–" અહો ! આ આપણી બ્હેનનું ગાંભીર્ય અને ચાતુર્ય કેવા પ્રકારનું છે ? તેણે આપણો કેવો સત્કાર કર્યો ? કહ્યું છે કેઃ–' અશ્વ અશ્વમાં, હાથી હાથીમાં, લોહ લોહમાં, કાષ્ઠ કાષ્ઠમાં, પાષાણ પાષાણમાં, વસ્ત્ર વસ્ત્રમાં, સ્ત્રી સ્ત્રીમાં અને પુરૂષ પુરૂષમાં મોટું અંતર રહેલું છે.' આપણે તે દિવસે એની જે મશ્કરી કરી હતી તે ખરેખર આપણે અયોગ્યજ કર્યું છે. કહ્યું છે કે–'હાસ્યથી મહાજનો પણ લઘુતા પામે છે. જુઓ ! સહજના હાસ્યથી ધનાએ સ્ત્રીઓને તજી દીધી, હાસ્યથી ક્ષુલ્લક સાધુનું અવધિજ્ઞાન ચાલ્યું ગયું અને હાસ્યથી મિત્રો શત્રુ જેવા થઇ જાય છે." પછી લજ્જા પામીને તે બ્હેનોએ પ્રિયશ્રીને ખમાવી, એટલે પ્રિયશ્રીએ કહ્યું કે–"હે બ્હેનો ! એ સંબંધમાં તમારો કોઇ જાતનો દોષ નથી. મારા પૂર્વે કરેલા અશુભ કર્મનુંજ એ ફળ હતું. બાકી જે પ્રાણીઓ ધનનો ગર્વ કરે છે તેઓ અવશ્ય આ ભવમાં અને પરભવમાં દરિદ્રતાને પામે છે. કહ્યું છે કે–"હે મૂઢ પ્રાણી !' હું ધનવંત છું ' એવો ગર્વ ન કર, અને 'હું ધનહીન છું ' એવો ખેદ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ ન કર. કારણ કે ભરેલાને ખાલી કરતાં અને ખાલીને પૂર્ણ કરતાં વિધાતાને વિલંબ લાગવાનો નથી. લક્ષ્મી જળકલ્લોલના જેવી ચંચળ છે, સંગમ આકાશમાં રહેલા વાદળા સમાન છે અને યૌવન વંટોળીયાથી ઉડેલ કપાસ તુલ્ય છે, અર્થાત્ તે ત્રણેને ચાલ્યા જતાં વાર લાગતી નથી." પછી શ્રેષ્ઠીએ સન્માનપૂર્વક તેમને વિદાય કરી, એટલે તેઓ પોતપોતાને સ્થાનકે ગઈ.

હવે અહીં પ્રિયંકર સતત ઉદ્યમ અને વિનયપૂર્વક પંડિતની પાસે શાસ્ત્ર શીખવા લાગ્યો. પંડિત પણ તેના વિનયગુણથી રંજિત થઇ સમ્યગ્ રીતે તેને વિદ્યા આપવા લાગ્યો. કહ્યું છે કે–' વિનયથી વિદ્યા ગ્રહણ થઈ શકે, પુષ્કળ ધન આપવા વડે ગ્રહણ થઈ શકે અથવા તો વિદ્યા આપીને વિદ્યા મેળવી શકાય; આ શિવાય તેને મેળવવાને ચોથો ઉપાય નથી.' વળી ' ચંડાળને પણ સિંહાસન પર બેસારીને શ્રેણિક રાજાએ તેની પાસેથી વિદ્યાનાં પદો માગ્યાં–એ સજ્જન પુરૂષોનો સુવિનય સમજવો.' ' આદ્ય અવસ્થામાં સર્વ પ્રકારે વિદ્યા મેળવવી, બીજી અવસ્થામાં ધન ઉપાર્જન કરવું અને ત્રીજી અવસ્થામાં ધર્મનો સંગ્રહ કરવો.' ત્યારપછી પ્રિયંકર શ્રી ગુરૂની પાસે ધર્મશાસ્ત્ર શીખવા લાગ્યો. ગુરૂ પણ તેના વિનયગુણથી તેને વિશેષ રીતે શીખવવા લાગ્યા. કહ્યું છે કે:—

विद्या भवंति विनयाद्विनयाच्च वित्तं,
नृणां भवेच्च विनयान्निजकार्यसिद्धिः ।
धर्मो यशश्च विनयाद्विनयात्सुबुद्धि-
र्दुःशत्रवोपि विनयात्सुहृदो भवंति ॥ १ ॥

" વિનયથી વિદ્યા સિદ્ધ થાય છે, વિનયથી વિત્ત વધે છે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિનયથી સર્વ પ્રકારની કાર્યસિદ્ધિ થાય છે, વિનયથી ધર્મ અને યશ પ્રાપ્ત થાય છે, વિનયથી સુબુદ્ધિ પ્રાપ્ત થાય છે અને શત્રુઓ હોય તે મિત્ર બની જાય છે." જે માતપિતાઓ બાલ્યવયમાં પોતાના સંતાનોને ભણાવે છે તેઓજ ખરા માબાપ સમજવા. કહ્યું છે કે-"રૂપ અને યૌવનથી સંપન્ન હોય અને વિશાળ કુળમાં જન્મ પામ્યા હોય, પણ વિદ્યા વિનાના હોય તો તેવા માણસો ગંધરહિત કેસુડાંની માફક શોભતા નથી. પંડિતોમાં સર્વ પ્રકારના ગુણો હોય છે, અને મૂર્ખમાં કેવળ દોષજ હોય છે, માટે હજારો મૂર્ખો કરતાં એક પ્રાજ્ઞ જન શ્રેષ્ઠ ગણાય છે. વિદ્યા એ માણસનું રમ્ય રૂપ છે, પ્રચ્છન્ન અને ગુપ્ત ધન છે, વિદ્યા ભોગ અને યશને આપવાવાળી છે, વિદ્યા મોટાઓ કરતાં પણ મોટી છે, પરદેશમાં તે બંધુની ગરજ સારે છે, તે પરમ દૈવત છે, તે રાજાઓમાં પૂજાય છે પણ ધન પૂજાતું નથી, માટે વિદ્યાહીન માણસ પશુ સમાન ગણાય છે."

પ્રમાણે વિદ્યાનું મહત્વ વિશેષ હોવાથી ગુરૂની પાસે ધર્મશાસ્ત્ર ભણતાં પ્રિયંકર દુર્ગતિના કારણરૂપ મિથ્યાત્વનો ત્યાગ કરીને સમ્યક્ત્વ પામ્યો. કહ્યું છે કે-"મિથ્યાત્વ એજ નિબિડ અંધકાર છે, મિથ્યાત્વ એજ ભયંકર શત્રુ છે. વિષ તો એકજ જન્મમાં દુઃખકારક થાય છે, પણ મિથ્યાત્વ તો હજારો જન્મ સુધી દુઃખકારક નીવડે છે અને તેની ચિકિત્સા પણ થઈ શકતી નથી. સમ્યક્ત્વ એ વ્રતરૂપ વૃક્ષનું મૂળ છે, પુણ્યનગરનું દ્વાર છે, મોક્ષમહેલની પીઠ છે અને સર્વ સંપત્તિઓનું તે નિધાન છે. દાન, શીલ, તપ, પૂજા, તીર્થયાત્રા, પરમ દયા, સુશ્રાવકત્વ અને વ્રતપાલન-એ જો સમ્યક્ત્વ પૂર્વક આચરવામાં આવે તોજ મહાફળને આપે છે."

આ પ્રમાણે તે પ્રિયંકર સમ્યક્ત્વ, રત્નત્રય, નવ તત્ત્વ અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વ્રતાદિનો સ્વીકાર કરીને મહા શ્રાવક થયો.

એકદા ગુરૂ મહારાજે તેને કહ્યું કે–હે મહાભાગ ! નાની વયમાં પણ ધર્મ તો આચરવો. કહ્યું છે કે–' જ્યાં સુધી જરા આવીને પીડે નહિ, વ્યાધિ વધે નહિ અને ઇંદ્રિયોનું બળ હણાય નહિ, ત્યાંસુધીમાં ધર્મારાધન કરી લેવું યોગ્ય છે.' પછી પ્રિયંકર પ્રતિદિન પ્રતિક્રમણ, દેવપૂજા, પ્રત્યાખ્યાન, દયા અને દાન વિગેરે આચરવા લાગ્યો, અને જિનોક્ત નવ તત્ત્વોને હૃદયમાં ચિંતવવા લાગ્યો. આવા પ્રકારની તેની ધર્મશ્રધ્ધા જોઇને ગુરૂમહારાજે પ્રસન્ન થઇ તેને ઉપસર્ગહરસ્તોત્રની આમ્નાય બતાવી, અને કહ્યું કે–" હે મહાનુભાવ ! પ્રાતઃકાળે ઉઠી પવિત્ર થઇને તારે આ ઉપસર્ગહરસ્તવની એકાંતમાં મૌનપૂર્વક ગણના કરવી. (ગણવું–મુખે પાઠ કરવો). આ સ્તવમાં શ્રીભદ્રબાહુ શ્રુતકેવળીએ[૧] મહામંત્રો ગુપ્ત રાખ્યા છે; જેના પાઠથી સંતુષ્ટ થયેલા ધરણેંદ્ર, પદ્માવતી અને વૈરોટ્યાદિક સહાય કરે છે. વળી એની અખંડ ગુણના કરવાથી (ગણવાથી) સર્વ કાર્યો સિદ્ધ થાય છે; તેમજ દુષ્ટ ગ્રહ, ભૂત, પ્રેત, વ્યંતર, શાકિની, ડાકિની, મરકી, ઇતિ, રોગ, જળપરાભવ, અગ્નિ ઉપદ્રવ, દુષ્ટ જ્વર, વિષધર, ચોર, રાજા તથા સંગ્રામાદિકના ભય–એ સર્વ એનું સ્મરણ કરતાંજ દૂર થઇ જાય છે, અને સુખસંતાન તથા સમૃધ્ધિનો સંયોગ વિગેરે શુભ કાર્યો ઉદયમાં આવે છે. કહ્યું છે કે—

**सर्वोपसर्गहरणं स्तवनं पुमान् यो,**<br>
**ध्यायेत्सदा भवति तस्य हि कार्यसिद्धिः ।**<br>
**दुष्टग्रहज्वररिपूरगरोगपीडा,**<br>
**नाशं प्रयांति वनिताः सप्रुता भवंति ॥ १ ॥**

૧ ચૌદપૂર્વી શ્રુતકેવળી કહેવાય છે.

© P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"સર્વ ઉપસર્ગને હરણ કરનાર એવા સ્તવનનું જે પ્રાણી નિરંતર ધ્યાન ધરે છે તેને કાર્યસિદ્ધિ થાય છે; અને દુષ્ટ ગ્રહ, જ્વર, શત્રુ, સર્પ અને રોગ વિગેરેની પીડાઓ નાશ પામે છે, તેમજ તેની સ્ત્રીઓ સંતાનવાળી થાય છે." માટે હે ભદ્ર ! આ ઉપસર્ગહરસ્તોત્રનું તારે નિરંતર ભાવથી સ્મરણ કરવું; અને કોઇ પણ પ્રકારનું કષ્ટ પડતાં તેની પ્રથમ ગાથાનું વિશેષ રીતે સ્મરણ કરવું ( ગુણન કરવું ). આ પ્રમાણેનો ગુરૂ મહારાજનો ઉપદેશ સાંભળીને પ્રિયંકરે ઉપસર્ગહરસ્તોત્રને ગણવાનો નિયમ લીધો. ત્યારથી તે દરરોજ સવારે ઉઠી પવિત્ર થઇને તેનો પાઠ કરવા લાગ્યો. તે નિયમનો કદાપિ ભંગ થતાં તે દિવસે તે વિગઈનો ત્યાગ કરતો હતો. આ પ્રમાણે સ્મરણ કરતાં તે સ્તોત્ર તેને સિદ્ધમંત્રની માફક સકળ વાંછિત કાર્યને સાધનારૂં થઈ પડ્યું.

હવે એકદા પ્રિયંકર વિનયપૂર્વક અંજલિ જોડીને પોતાના પિતાને કહેવા લાગ્યો કે–હે તાત ! હવે તમે વ્યાપારાદિક બધાં કામોનો ત્યાગ કરીને માત્ર ધર્મધ્યાનજ કરો. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે:—

**जाजा वच्चइ रयणी, न सा पडिनियत्तइ ।**
**धम्मं च कुणमाणस्स, सहला जंति राइओ ॥ १ ॥**

'જે જે રાત્રિ વ્યતીત થાય છે તે પાછી પ્રાપ્ત થતી નથી, અને ધર્મ કરતાં માણસની રાત્રિઓ સફળ જાય છે.' હે તાત ! હવે બધું વ્યાપારાદિક કાર્ય આપના પ્રસાદથી હું સમ્યક્ પ્રકારે ચલાવીશ. કહ્યું છે કે–'જે પુત્ર જન્મ પામીને વિદ્વાન્ ન થાય અને માબાપની તથા દેવગુરૂની ભક્તિ ન કરે તેવા પુત્રથી ફળ શું ? કારણ કે જે પ્રસુતા ન થાય અને દૂધ ન આપે તેવી ગાયથી શું પ્રયોજન છે ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળી પુત્રો પણ તેજ કહેવાય કે જેઓ ઘરનો ભાર ઉપાડી લઈ પોતાના પિતાને ચિંતામુક્ત કરે. કહ્યું છે કે–'એક સુપુત્રથી પણ સિંહણ નિર્ભય થઇને નિદ્રા લે છે અને દશ પુત્રો છતાં ગધેડી તેમની સાથે સાથે ભાર ઉપાડે છે.' વળી કાર્ય કરવામાં અસમર્થ એવા બહુ પુત્રો છતાં હરિણીનું શું કાર્ય સરે છે? કારણ કે સમસ્ત વન જ્યારે દાવાનળથી જ્વલિત થાય છે, ત્યારે તે પુત્રોની સાથે હરિણી પણ માત્ર ઉંચે જોઈ રહે છે, અને હાથીઓના કુંભસ્થળને દળી નાંખવામાં સમર્થ તેમજ મહાપરાક્રમી એવા એક પુત્રના યોગે પણ સિંહણ ગર્જના કરે છે. પુત્રે કહેલી આ હકીકત શેઠે ધ્યાનમાં રાખી.

એક દિવસે શ્રેષ્ઠીએ પોતાના પ્રિયંકર પુત્રને નજીકના શ્રીવાસ નામના ગામમાં ઉઘરાણી કરવા મોકલ્યો. ઉઘરાણી કરીને પાછા વળતાં તેને ભિલ્લ લોકોએ બાંધીને સંધ્યાવખતે શ્રીપર્વત પરના કિલ્લામાં લઇ જઇ સીમાડાના (બહારવટીઆ) રાજાને સોંપ્યો. તેણે તેને કેદખાનામાં નાંખી દીધો. અહીં તેના માતપિતા સાંજ સુધી પણ પુત્રને ઘેર ન આવેલ જોઇને ચિંતાતુર થયા, અને મનમાં અત્યંત ખેદ પામી વિલાપ કરવા લાગ્યા કે–'હે પુત્ર! તને આજેજ અમે પાસેના ગામમાં મોકલ્યો, પણ હજુ સુધી તું આવ્યો કેમ નહિ? શું રસ્તામાં તને કોઇએ હરકત કરી છે? હે પુત્ર! હવે તું અહીં તરત આવીને વિરહાતુર એવા અમને તારૂં મુખ બતાવી આનંદ પમાડ. હવે પછી તને કોઇ પણ સ્થાનકે બહાર મોકલશું નહિ. હે વત્સ પ્રિયંકર! તું અમારે એકનો એક પુત્ર છે, અને મહા કષ્ટે તારૂં અમે પાલન કર્યું છે, તું અમને અત્યંત વ્હાલો છે, તું કાંત અને મનોજ્ઞ તથા આભરણના કરંડીયા તુલ્ય છે, અમારા જી-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિતને તું રત્નવત્ ઉલ્લાસ પમાડનાર છે અને ઉંબર પુષ્પની જેમ અત્યંત દુર્લભ છે. અહો ! હવે સ્વપ્નમાં પણ તારૂં દર્શન શી રીતે પ્રાપ્ત થશે ?' આ પ્રમાણે પુત્રના ગુણ સંભારતા સતા તે બંને વિવિધ પ્રકારના વિલાપ કરવા લાગ્યા. કહ્યું છે કે-' બીજું સર્વ પ્રકારનું દુઃખ માણસો વખત જતાં વીસરી જાય છે, પણ વલ્લભના વિયોગનું દુઃખ મરણ વિના વિસરાતું નથી. અહો ! આજ પ્રિય પુત્ર વિના આપણું આ ઘર શૂન્ય દેખાય છે. કહ્યું છે કે-' અપુત્રીયાનું ઘર શૂન્ય છે, બંધુરહિત જનને દિશાઓ શૂન્ય છે, મૂર્ખનું હૃદય શૂન્ય છે અને દરિદ્રને બધું શૂન્ય છે.' આ પ્રમાણે તે ચિંતામગ્ન થઈ વિચારે છે, એવામાં કોઇએ આવીને શેઠને કહ્યું કે-'હે શેઠ ! તમારા પુત્રને તો ભિલ્લ લોકોએ પકડી લીધો છે અને તેઓ તેને બાંધીને શ્રીપર્વત પર લઇ ગયા છે.' આ ખબર સાંભળીને તે દંપતી અતિશય દુઃખ પામ્યા, અને પછી વિશેષ પ્રકારે નમસ્કારમંત્ર અને ઉપસર્ગહરસ્તોત્રના પાઠમાં તત્પર થઇ ધર્મકાર્ય કરવા લાગ્યા. કહ્યું છે કે-'વનમાં, સંગ્રામમાં, શત્રુ, જળ તથા અગ્નિના મધ્યમાં, મહાસમુદ્રમાં, પર્વતના શિખર ઉપર, માણસ સુતેલ હોય, પ્રમત્ત થઇ ગયેલ હોય યા તો વિષમ સ્થિતિમાં આવી પડેલ હોય, છતાં પૂર્વકૃત પુણ્યો તેની રક્ષા કરે છે.' એવામાં પાસદત્ત શેઠને દેવે કહેલ વચન યાદ આવ્યું; એટલે પ્રભાતે તે કર્પૂર, કસ્તુરી પ્રમુખ સુગંધી પદાર્થો લઇને રાજવાડીમાં દેવથી અધિષ્ઠિત આમ્રવૃક્ષ પાસે ગયો. ત્યાં ધૂપ ઉખેવીને તે કહેવા લાગ્યો કે-"હે દેવ ! મારા પ્રિયંકર પુત્રને રાજ્યનો લાભ થશે એમ તમે પ્રથમ કહ્યું છે, તે તો દૂર રહો; પરંતુ અત્યારે ઉલટું તેના વિરહનુ કષ્ટ અમારા પર આવી પડ્યું છે. વળી દૈવી વાણી કદિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મિથ્યા થતીજ નથી. કહ્યું છે કે–'મહાપુરૂષોનાં વચનો યુગાંત સુધી પણ અન્યથા થતાં નથી. અગસ્ત્ય ઋષિના વચનથી બંધાયેલ વિંધ્યાચલ અદ્યાપિ વૃદ્ધિ પામતો નથી.' વળી હે દેવ! આવું કષ્ટ આવી પડતાં ખરેખર તમારૂં અમને શરણ છે." આ પ્રમાણેની તેની પ્રાર્થના સાંભળીને દેવ બોલ્યો કે–' હે શેઠ! ચિંતા ન કરો, તમારો પુત્ર આજથી પાંચમે દિવસે રાજકન્યા પરણીને આવશે.' આ પ્રમાણે દેવવાણી સાંભળીને પાસદત્ત શેઠ નિશ્ચિંત થઈ ખુશી થતા ઘેર આવ્યા, અને દેવતાએ કહેલ હકીકત તેણે પોતાની પત્ની પ્રિયશ્રીને કહી સંભળાવી. પછી શ્રેષ્ઠીથી આશ્વાસન પામેલી તે પણ શોકરહિત થઇને ધર્મકાર્યમાં વિશેષ રીતે તત્પર થઇ.

હવે શ્રીપવર્તપર કેદખાનામાં રહેલ પ્રિયંકરને પ્રભાતે પલ્લીપતિએ પોતાની પાસે બોલાવ્યો અને તેને પૂછ્યું કે–' તું કોણ છે?' પ્રિયંકરે કહ્યું કે–' હે રાજન્! હું અશોકનગરનો રહેવાસી પાસદત્ત શેઠનો પ્રિયંકર નામે પુત્ર છું. પાસેના ગામમાં હું ઉઘરાણી કરવા ગયો હતો, ત્યાંથી પાછા ફરતાં મને તમારા માણસો શામાટે બાંધીને અહીં લાવ્યા તે હું કાંઈ સમજી શકતો નથી.' આ પ્રમાણે સાંભળીને રાજા બોલ્યો કે–' અશોકનગરનો રાજા અશોકચંદ્ર મારો શત્રુ છે, તેથી તેના નગરના રહેવાસી બધા નગરવાસીઓ મારા વૈરીજ જાણવા; પરંતુ મારા સેવકોએ તો બીજે ગામ જતાં તે રાજાના મંત્રીનાપુત્રને પકડવાને માર્ગ રોક્યો હતો તેને બદલે તું બંધાઈ ગયો.' આથી પ્રિયંકર બોલ્યો કે–' હે સ્વામિન્! તો મને ગરીબને બંધનમાં નાંખવાથી તમને શો લાભ થવાનો છે? આ તો એવું થયું કે–એકના અપરાધમાં બીજાના મસ્તકપર અનર્થો પડ્યા. રાવણના અપરાધમાં સમુદ્રને પર્વતોથી બંધાવું પડ્યું, એના જેવું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થયું.' પલ્લીપતિએ કહ્યું કે–' દુષ્ટનો આશ્રય કરવાથી અદુષ્ટ (નિ-દોષ) પર પણ ભયંકર દંડ પડે છે. જુઓ! માકડના આશ્રયથી ખાટલાને લાકડીનો માર સહન કરવો પડે છે.' પ્રિયંકર બોલ્યો કે–' હે સ્વામિન્! તથાપિ યોગ્યાયોગ્યનો વિચાર કરીને નીતિથી વર્ત્તવું એવો રાજધર્મ છે.' આ પ્રકારના તેના વચનથી વિસ્મય પામેલો પલ્લી-પતિ કહેવા લાગ્યો કે–' હે પ્રિયંકર! જો તું મારૂં કથન માને તો હું તને મુક્ત કરૂં.' પ્રિયંકર બોલ્યો–' હે સ્વામિન્! કહો.' રાજા બોલ્યો કે–"મારા સેવકોને ગુપ્ત રીતે તારા ઘરમાં રાખ, કે જેથી તેઓ સમય સાધીને ત્યાંના રાજપુત્ર અને મંત્રીપુત્રને બાંધીને અહીં મારી પાસે લઇ આવે અને તેમ કરીને હું મારૂં વૈર વાળું." આ પ્રમાણે સાંભળીને પ્રિયંકર મનમાં ખેદ પામીને કહેવા લાગ્યો કે–'હે સ્વામિન્! આવા પ્રકારનું અકાર્ય હું કોઇ રીતે કદાપિ કરીશ નહિ. પોતાની રક્ષાને માટે રાજવિરૂદ્ધ કાર્ય કરી બીજાઓને સંકટમાં હું પાડીશ નહિ. કહ્યું છે કે—

**अकर्त्तव्यं न कर्त्तव्यं, प्राणैः कंठगतैरपि ।**
**सुकर्त्तव्यं तु कर्त्तव्यं, प्राणैः कंठगतैरपि ॥ १ ॥**

"કંઠે પ્રાણ આવેલા હોય પણ અકાર્ય ન કરવું, અને કંઠે પ્રાણ આવીને ચાલ્યા જતા હોય તોપણ સુકૃત્ય અવશ્ય કરવું." વળી રાજવિરૂદ્ધ કાર્ય કરવાથી જીવિતનો પણ વિનાશ થાય. કહ્યું છે કે–' જે લોકો દેશવિરૂધ્ધ ગામવિરૂદ્ધ અને નગરવિરૂદ્ધ કામ કરે છે તેઓ આજ ભવમાં કલેશ, બંધન અને મરણ પામે છે.' આ પ્રમાણેનાં પ્રિયંકરનાં વચનો સાંભળીને ક્રોધ લાવી રાજાએ પો-તાના સેવકોને હુકમ કર્યો કે–'અરે સેવકો! આ વણિકપુત્રને પુનઃ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેદખાનામાં નાંખી દ્યો.' આવા પ્રકારનો રાજાનો આદેશ પામીને તે સેવકો તેને કારાગારમાં લઇ ગયા. પછી ત્યાં રહીને તે એકચિત્તે ઉપસર્ગહરસ્તોત્રનો પાઠ કરવા લાગ્યો.

એવા અવસરમાં દિવ્ય પ્રભાવથી રાજાના મનમાં આવા પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો કે-'આ બિચારા વણિકપુત્રને અહીં રોકી રાખવાથી આપણી શું કાર્યસિદ્ધિ થવાની છે? માટે તેને મુક્ત કરૂં.' એવામાં તેની સભામાં કોઇક વિદ્યાસિદ્ધ જ્ઞાની આવીને રાજાને આશીર્વાદ દઇ ત્યાં બેઠો; એટલે રાજાએ પણ સ્વાગતપૂર્વક તેને કુશળ પ્રશ્ન પૂછયો. તે બોલ્યો કે-

**सौम्यदृष्ट्या नरेंद्राणां, प्रजानां हितवाक्यतः ॥**
**आप्तानां चित्तवात्सल्यात्, सुखितोस्मि निरंतरम् ॥१॥**

"રાજાઓની સૌમ્ય દૃષ્ટિથી, પ્રજાઓના હિત વાકયથી અને આપ્ત જનોના અંતઃકરણના વાત્સલ્યથી હું નિરંતર સુખી છું." પછી રાજાએ તેને પ્રશ્ન કર્યો કે-'હે જ્ઞાની! તમે શું શું જાણો છો?' તેણે કહ્યું કે-'જીવિત, મરણ, ગમનાગમન, રોગ, યોગ, ધન, ક્લેશ, સુખ, દુઃખ અને શુભાશુભ-એ બધું હું જાણું છું.' એટલે પલ્લીપતિએ કહ્યું કે—'તો અમારા શત્રુ અશોકચંદ્રનું મરણ ક્યારે થશે તે કહો.' સિદ્ધ બોલ્યો કે—'એકાંતમાં કહીશ.' રાજા બોલ્યો કે-'અહીં સર્વે મારા પોતાના માણસોજ છે; માટે કંઇ પણ સંદેહ રાખ્યા વિના કહો.' સિદ્ધે કહ્યું કે-'ગુપ્ત વાત છ કાને જાય તો તેનો ભેદ પ્રગટ થઇ જાય છે, ચાર કાન સુધી રહે તો સ્થિર ટકે છે અર્થાત્ ગુપ્ત રહે છે, અને બે કાને હોય ત્યારે તો તેનો ભેદ બ્રહ્મા પણ મેળવી શકતો નથી.' પછી રાજાના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાન પાસે જઇને તેને અશોકચંદ્ર રાજાનો મરણસમય કહ્યો, એટલે રાજાએ પ્રગટ રીતે તેને પૂછયું કે--'હે સિદ્ધ ! તે મરણ પામ્યા પછી તેના રાજપાટપર તેનો કયો પુત્ર બેસશે ?' એટલે ક્ષણવાર ધ્યાન ધરીને તે બોલ્યો કે-"હે રાજન્ ! તેના પુત્રોને તેનું રાજ્ય મળવાનું નથી, તેમજ તેના ગોત્રમાં પણ હવે પછી રાજ્ય રહેવાનું નથી; પરંતુ પ્રિયંકર નામના જે વણિકપુત્રને તમે કેદખાનામાં નાંખેલ છે તેજ પુણ્યવંતને તેનું રાજ્ય દેવતા પોતે આપશે." આ પ્રમાણે સાંભળીને રાજા બોલ્યો કે-"હે સિદ્ધ પુરૂષ ! આવું સંબંધ વિનાનું શું બોલે છે ? 'આ વાણિકપુત્રને રાજ્યની પ્રાપ્તિ થશે' એમ કહેવાથી તારૂં જ્ઞાન પણ સારી રીતે અમારા જાણવામાં આવી ગયું. આ બિચારો નિર્ધન વણિક્પુત્ર છે, એનું નામ પણ કોઈના જાણવામાં નથી. જેનું રાજ્યપ્રાપ્તિનું પ્રબલ પુણ્ય હોય, તેનું નામ તો સર્વત્ર પ્રસિદ્ધજ હોય.' કહ્યું છે કે-'જે પુણ્યવંત જનો છે તેમનું નામ નળ, પાંડવ અને રામચંદ્રની માફક પ્રસિદ્ધ હોય છે અને ઘેર ઘેર ગવાય છે.' સિદ્ધ કહેવા લાગ્યો કે-"હે રાજન્ ! મારૂં જ્ઞાન કદાપિ વૃથા થનાર નથી; આજ વણિક્પુત્રને તે રાજ્ય મળશે. આ સંબંધમાં તમારે લેશ પણ સંદેહ ન કરવો. જો આ વાત તમારા માનવામાં ન આવતી હોય તો ખાત્રીને માટે કાલે તમે જે ભોજન કર્યું છે તે કહી દઉં." રાજાએ કહ્યું કે--'કહે.' એટલે તે બોલ્યો કે-'ધૃત અને ખાંડમિશ્રિત મોદક અને પાંચ માંડા, મગ, અડદ તથા મુખમાં તાંબુલ-એ પ્રમાણે કાલે તમે જમ્યા છો.' આ પ્રમાણે સાંભળીને રાજાએ તે સત્ય માન્યું, એવામાં કોઇ સભાસદ બોલ્યો કે-'હે સ્વામિન્ ! ચુડામણિશાસ્ત્રના જાણ ગતવાર્ત્તા જાણે છે, પણ આગામી વાત તેઓ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાણુતા નથી.' આથી રાજાએ ફરીને સિદ્ધને પૂછ્યું કે-'હે સિદ્ધ! આજે હું શું ભોજન કરીશ ?' તે બોલ્યો કે-' હે રાજન્ ! આજ તમે મગનું પાણી માત્ર જમશો, અને તે પણ સંધ્યાવખતે જમશો.' રાજાએ કહ્યું કે-' એ તો બીલકુલ અસત્ય છે, કારણ કે આજ મારે શરીરે અત્યંત આરોગ્ય વર્તે છે, જ્વરાદિક કંઇ પણ નથી; અથવા તો હમણાજ સંધ્યા થતાં બધું જણાઇ આવશે.' આ બધી વાત સાંભળીને સભાજનોને પણ આશ્ચર્ય થયું. એવામાં સિધ્ધ પુનઃ બોલ્યો કે-" માઘમાસના શુકલપક્ષની પૂર્ણિમા ને ગુરૂવારને દિવસે પુષ્યનક્ષત્રમાં પ્રિયંકર રાજા થશે; તેમાં કોઈ પ્રકારનો સંશય કરશો નહી."

પછી રાજાએ તેજ ક્ષણે પ્રિયંકરને કેદખાનામાંથી બોલાવીને પોતને ઘેર ભોજન કરાવ્યું તથા શ્રેષ્ઠ વસ્ત્રાદિકથી તેનો સત્કાર કર્યો, અને સ્નેહપૂર્વક તેને પોતાની પાસે રાખ્યો. કહ્યું છે કે— 'કાગડાઓ સર્વત્ર કૃષ્ણ (કાળા)જ હોય છે અને શુક પક્ષીઓ સર્વત્ર લીલાજ હોય છે, તેમ દુઃખી જનોને સર્વત્ર દુઃખ હોય છે અને ભાગ્યવંત જનોને સર્વત્ર સુખજ મળે છે.' પછી રાજાએ ઘણા વખત સુધી તે સિદ્ધપુરૂષની સાથે વાર્તાલાપ કરીને તેને વિસર્જન કર્યો. પછી રાજા સભા વિસર્જન કરી પોતાને ઘેર જઇને બેઠો; અને જમવાની તૈયારી કરે છે તેવામાં તેને અકસ્માત્ મસ્તકમાં પીડા થઇ આવી. એવે અવસરે રસોયાએ આવીને રાજાને વિજ્ઞપ્તિ કરી કે-' હે સ્વામિન્ ! તમામ રસોઇ તૈયાર થઇ ગઈ છે, માટે ભોજન કરવા પધારો.' રાજાએ કહ્યું કે-' હું થોડીવાર રહીને ભોજન કરીશ, અત્યારે મારૂં મસ્તક દુઃખે છે.' એમ કહીને તે પલંગપર સુતો એટલે તેને નિદ્રા આવી ગઇ. પછી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે સંધ્યાસમયે ઉઠ્યો, છતાં શિરોવ્યથા હજુ શાંત થઈ નહોતી; એવામાં રાજાની શિરોવ્યથાના ખબર મંત્રીને મળવાથી તે ત્યાં આવ્યો અને રાજાને કહેવા લાગ્યો કે–'હે સ્વામિન્ ! સર્વથા લાંઘણ કરવી તે તો ઉચિત નથી. કહ્યું છે કે–જ્વરમાં પણ સર્વથા લાંઘણ ન કરવી, પરંતુ યુક્તિપૂર્વક લાંઘણ કરવી; કારણ કે જે ગુણો લાંઘણમાં કહ્યા છે તે ગુણો લઘુ ભોજનમાં પણ કહેલા છે. માટે આજે હવે મગનું પાણી લેવું તેજ યોગ્ય છે. 'મગનું પાણી ત્રણ દોષને દૂર કરે છે; સ્વાદિષ્ટ, રોચક, ગાત્રશોધક, શુષ્ક, નીરસ, તિક્ત અને જ્વરને દૂર કરનાર છે.' પછી રાજાએ મંત્રીનું વચન સ્વીકારીને રૂચિ વિના પણ ઔષધની જેમ મગનું પાણી ગ્રહણ કર્યું, અને તે ઉપર વૈદ્યે પિત્તને શમાવનારી એલચી આપી. કહ્યું છે કે–'એલચી તિકત, ઉષ્ણ અને હલકી છે, કફ અને વાયુના વિકારને તે દૂર કરે છે, ખસ અને ખરજના દોષને હણે છે અને મુછ તથા મસ્તકને શુદ્ધ કરે છે.'

પછી બીજે દિવસે વ્યાધિરહિત થયેલ રાજાએ તે સિદ્ધ-પુરૂષને રાજસભામાં બોલાવીને વિવિધ વસ્ત્રાભરણોથી તેનો સત્કાર કરી કહ્યું કે–'હે સિદ્ધપુરૂષ ! તારૂં કથન બધું સત્ય થયું.' પછી પોતાના કુટુંબ, સ્વજન અને મંત્રી વિગેરેને બોલાવીને રાજાએ કહ્યું કે–'જો તમે સંમત થતા હો તો આ પ્રિયંકરને મારી વસુ-મતી પુત્રી પરણાવું. કારણ કે આ ભાગ્યવંતને અવશ્ય રાજ્યની પ્રાપ્તિ થશે, અને એની સહાયતાથી આપણને પણ આગામી કાળે સુખ પ્રાપ્ત થશે.' આ પ્રમાણેનું રાજાનું કથન સાંભળીને સર્વે બોલ્યા કે–'હે સ્વામિન્ ! આપનું કહેવું સત્યજ છે.' પછી તે પલ્લી-પતિએ શુભ વેળાએ પ્રિયંકરની ઇચ્છા વિના પણ તેની સાથે પો-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તાની પુત્રીનું પાણિગ્રહણ કરાવ્યું, અને ધન, અશ્વ તથા વસ્ત્રાદિક તેને આપ્યાં.

લગ્નને બીજે દિવસે પ્રિયંકર પોતાની પ્રિયા સાથે પોતાને આપેલા આવાસમાં બેસીને મનમાં વિચાર કરવા લાગ્યો કે- આ બધો ઉપસર્ગહરસ્તવનો પ્રભાવ છે. કહ્યું છે કે-'વિપત્તિને ઠેકાણે સંપત્તિ, શત્રુને ઘેર કન્યાલાભ અને અપમાનને સ્થાને માનની પ્રાપ્તિ એ બધું પુણ્યનું ફળ છે.' પછી રાજાએ તે પ્રિયંકરને તેની પત્ની સહિત રાત્રિએ વૈરીના ભયથી બચાવવા માટે પોતાના સેવકોને સાથે મોકલીને પંચમીને દિવસે અશોકનગરે પહોંચાડ્યો. ત્યાં જઈને વધૂ સહિત તેણે માબાપને પ્રણામ કર્યા, એટલે દેવવાણી સત્ય થઇ. આ પ્રમાણે તે પ્રિયંકરને વસુમતી પ્રથમ પત્ની થઇ.

હવે પ્રિયંકરે બધા કુટુંબનો ભાર માથે લઇને પોતાના પિતાને ચિંતામુકત કર્યા. કહ્યું છે કે—

**ते पुत्रा ये पितुर्भक्ताः, स पिता यस्तु पोषकः ।**
**तन्मित्रं यत्र विश्वासः, सा भार्या यत्र निर्वृतिः ॥ १ ॥**

"તેજ ખરા પુત્રો કે જે પિતાના ભક્ત હોય, તેજ પિતા કે જે પોષક હોય, તેજ મિત્ર કે જ્યાં વિશ્વાસ મૂકી શકાય, અને તેજ ભાર્યા કે જેની પાસે જવાથી શાંતિ પ્રાપ્ત થાય"

એકદા પ્રિયંકર શ્રી દેવગુરૂના સ્મરણપૂર્વક નમસ્કારમંત્ર અને ઉપસર્ગહરસ્તવનાદિકનું વિશેષ ધ્યાન ધરીને સુતો, તેવામાં રાત્રિના છેલ્લે પહોરે તેણે મહાઆશ્ચર્યકારક સ્વપ્ન જોયું. પછી તરત જાગ્રત થઈને તે નમસ્કારમંત્રની ગુણના કરવા લાગ્યો. કહ્યું છે કે- "જિનશાસનના સારરૂપ અને ચૌદ પૂર્વના ઉદ્ધારરૂપ નવકારમંત્ર જેના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મનમાં જાગ્રત છે તેને સંસાર શું ( ઉપાધિ ) કરશે ? આ પ્રવર નમસ્કાર મંત્ર મંગળનું સ્થાન છે, દુઃખનો વિલય કરનાર છે, સર્વ પ્રકારની શાંતિને ઉત્પન્ન કરનાર છે અને સ્મરણમાત્રથી સુખને દેખાડનાર છે. નમસ્કાર સમાન મંત્ર, શત્રુંજય સમાન તીર્થ અને ગજેંદ્રસ્થાન ( પદ ) માં ઉત્પન્ન થયેલ જળ સમાન જળ જગતમાં અન્યત્ર નથી.(તે અદ્વિતીય છે)." પછી તે વિચારવા લાગ્યો કે–પૂર્વે ગુરૂમુખથી મેં સાંભળ્યું છે કે–' સુસ્વપ્ન જોઇને નિદ્રા ન કરવી. ' વિવેકવિલાસ નામના ગ્રંથમાં કહ્યું છે કે–' સુસ્વપ્ન જોઇને સુઇ ન જવું, અને તે દિવસ ઉગ્યા પછી સદ્ગુરૂ યા વડિલ પાસે જઇને તેમને નિવેદન કરવું. દુઃસ્વપ્ન જોઈને સુઈ જવું, અને તે કોઇને જણાવવું નહિ.' પછી પ્રભાતે તેણે પોતાના સ્વપ્નનું સ્વરૂપ પોતાના પિતાને નિવેદન કર્યું કે "હે તાત ! મેં મારા પોતાના શરીરમાંથી આંતરડાં આકર્ષીને તેને ભિન્ન ભિન્ન કરી તે આંતરડાંની જાળવડે આખા અશોકનગરને શનૈઃ શનૈઃ વીંટી લીધું; અને પછી મારા શરીરને મેં અગ્નિથી બળતું જોયું, અને જેવામાં જળથી તેને શાંત કરવા ગયો તેવામાં હું જાગ્રત થઈ ગયો. માટે હે તાત! આ સ્વપ્નનું કેવા પ્રકારનું ફળ મને પ્રાપ્ત થશે ? " પાસદત્ત કહેવા લાગ્યા કે–હે વત્સ ! ત્રિવિક્રમ ઉપાધ્યાયની પાસે જઇને તું આ સ્વપ્નનું ફળ પૂછ. કારણ કે તે સ્વપ્નશાસ્ત્રનો જાણ અને ગુણી છે. કહ્યું છે કે–

पात्रे त्यागी गुणे रागी, भोगी परिजनैः सह ।
शास्त्रे बोद्धा रणे योद्धा, पुरुषः पञ्चलक्षणः ॥ १ ॥

"પાત્રને દાન આપનાર, ગુણપર રાગ કરનાર, સ્વજનો સાથે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભોજન કરનાર, શાસ્ત્રના બોધવાળો અને સંગ્રામમાં યુદ્ધ કરનાર-સત્ પુરૂષનાં આ પાંચ લક્ષણો છે." આ પ્રમાણે પોતાના તાતનું કથન સાંભળીને પ્રિયંકરે પણ વિનયપૂર્વક તેની આજ્ઞા સ્વીકારી લીધી. કહ્યું છે કે—

**सती पत्युः प्रभोः पत्ति-र्गुरोः शिष्यः पितुः सुतः ।**
**आदेशे संशयं कुर्वन्, खंडयत्यात्मनो व्रतम् ॥ १ ॥**

"પતિના આદેશમાં સતી [સ્ત્રી], સ્વામીના આદેશમાં સેવક, ગુરૂના આદેશમાં શિષ્ય અને પિતાના આદેશમાં પુત્ર-જો સંશય કરે તો તે પોતાના વ્રતનું ખંડન કરે છે, એમ સમજવું."

પછી પ્રિયંકર હાથમાં ફળ, પુષ્પાદિ લઇને તે ઉપાધ્યાયને ઘેર ગયો, અને ત્યાં શાસ્ત્રાધ્યયન કરતા તેના બે પુત્રને જોઇને તેણે પૂછ્યું કે-'ઉપાધ્યાયજી ક્યાં ગયા છે?' એટલે મોટા પુત્રે જવાબ આપ્યો કે—

**मृतका यत्र जीवंति, निर्जीवा उच्छ्वसंति च ।**
**स्वगोत्रे कलहो यत्र, तद्गृहेऽस्ति द्विजोत्तमः ॥ १ ॥**

"મૃતક જ્યાં જીવતા થાય છે અને નિર્જીવ જ્યાં શ્વાસ લે છે તથા સ્વગોત્રમાં જ્યાં કલહ થયા કરે છે તેને ઘેર ઉપાધ્યાય ગયા છે." આ પ્રમાણે સાંભળીને પ્રિયંકરે પોતાની બુદ્ધિથી તેને લુહારને ઘેર ગયેલ જાણીને તે ત્યાં ગયો. ત્યાં તેણે લુહારને પૂછ્યું, એટલે તેણે કહ્યું કે-'કરપત્રક[1] સજ્જ કરાવીને હમણાજ તે પોતાને ઘેર ગયા. પછી તેણે પાછા આવીને તેના લઘુ પુત્રને પૂછ્યું, એટલે

---

૧ તલવાર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે બોલ્યો કે—

**जडानां संगतिर्यत्र, प्रीतिश्च जलजैः सह ।**
**उपकारि घनाधारं, मत्पिता तत्र विद्यते ॥ १ ॥**

"જ્યાં જડ (જળ)ની સાથે સંગત છે, પંકજની સાથે જ્યાં પ્રીતિ છે, જે ઉપકારી છે અને ઘન (વર્ષા–પક્ષે ઘણા) ના આધારરૂપ છે ત્યાં મારા પિતા છે." આ પ્રમાણે તે બંનેની ચતુરાઈ જાણીને પ્રિયંકર હૃદયમાં ચમત્કાર પામી કહેવા લાગ્યો–'શું ત્યારે ઉપાધ્યાય સરોવરપર ગયા છે ?' આ પ્રમાણે સાંભળીને તેની બુદ્ધિથી તેઓ પણ મનમાં આશ્ચર્ય પામ્યા. પછી તે સરોવર-પર ઉપાધ્યાય પાસે ગયો. ત્યાં તેને પ્રણામ કરીને એકાંતમાં પોતાના સ્વપ્નની વાત તેણે ઉપાધ્યાય પાસે નિવેદન કરી. સ્વપ્નની હકીકત સાંભળીને તેને રાજ્યદાયક માની ઉપાધ્યાય પણ ક્ષણવાર વિસ્મય પામી ગયા; પછી તે પ્રિયંકર સાથે પોતાના ઘર તરફ ચાલ્યા. એટલે તેજ વખતે નગરના મુખ્ય દ્વાર આગળ હાથમાં અક્ષત તથા શ્રીફળ સહિત થાળ લઈને સન્મુખ આવતી સ્ત્રીઓ મળી. પંડિત તે જોઇને વિચારવા લાગ્યો કે–' વિશિષ્ટ વધામણી તો આ સન્મુખજ આવી.' એવામાં મસ્તકપર લાકડાનો ભારો ઉપાડીને આવતા બે પુરૂષ મળ્યા. તે શકુનને પણ ઉપાધ્યાયે રાજ્ય આપનારૂં સમજી લીધું. કહ્યું છે કે–' નગરમાં પેસતાં કે નીકળતાં જો લાકડાનો ભારો સન્મુખ મળે તો તેને રાજ્યની પ્રાપ્તિ થાય, એમ શકુનને જાણનારા જનોએ નિશ્ચય કરેલો છે.' આગળ જતાં તેમને મદ્યપૂર્ણ કરક (મદ્યપાત્ર) મળ્યું, એટલે પંડિત બોલ્યા કે–' આ શકુન પણ શ્રેષ્ઠ છે.' એટલે પ્રિયંકરે કહ્યું કે–'હે પંડિતેશ ! આ કરકમાં શું છે. ?' પંડિતે કહ્યું કે-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**मदः प्रमादः कलहश्च निद्रा, द्रव्यक्षयो जीवितनाशनं च ।**
**स्वर्गस्य हानिर्नरकस्य पंथा, अष्टावनर्थाः करके वसंति ॥१॥**

"મદ, પ્રમાદ, કલહ, નિદ્રા, દ્રવ્યક્ષય, જીવિતનો નાશ, સ્વર્ગની હાનિ અને નરકની પ્રાપ્તિ—એ આઠ અનર્થો આ કરકમાં રહેલા છે." આથી તે કરકમાં મદ્ય છે એમ સમજીને વિસ્મય પામી પ્રિયંકરે પંડિતને પૂછ્યું કે—'હે પંડિતવર્ય ! જે વસ્તુમાં અનર્થ રહેલા છે તે વસ્તુને પ્રવર શકુન કેમ મનાય ?' પંડિતે કહ્યું કે—'હે વત્સ ! શકુનશાસ્ત્રના મર્મને જાણનારા પ્રાજ્ઞ જનોએ મદ્યાદિકને શુભ શકુન તરીકે કહેલ છે. શુકનશાસ્ત્રમાં કન્યા, સાધુ, રાજા, મિત્ર, ભેંશ, દર્ભ વિગેરે વધામણીની વસ્તુ, વીણા, માટી, મણિ, ચામર, અક્ષત, ફળ, છત્ર, કમળ, દીપ, ધ્વજા, વસ્ત્ર, અલંકાર, મદ્ય, માંસ, પુષ્પ, સુવર્ણાદિ સારી ધાતુઓ, ગાય, મત્સ્ય, દહીં અને કુંભ—એ જો જમણા ઉતરતાં સામા મળે તો શ્રેષ્ઠ કહેલા છે.' આ પ્રમાણે સાંભળીને પ્રિયંકર પ્રમુદિત થઈ શકુનની ગાંઠ બાંધી સાથે સાથે ઉપાધ્યાયને ઘેર ગયો. ત્યાં પંડિતે બહુમાનપૂર્વક પોતાની 'સોમવતી' નામની પુત્રી આપવા માટે તેને પ્રાર્થના કરી, એટલે પ્રિયંકર બોલ્યો કે—'હે પંડિતરાજ ! આ સંબંધમાં મારા પિતાજ સમજી શકે, હું તો કેવળ સ્વપ્નફળ પૂછવાને માટેજ અહીં આવ્યો છું; માટે મારાપર કૃપા કરીને આ વાત તેમને નિવેદન કરો.' એટલે પંડિતે કહ્યું કે—'હે પ્રિયંકર ! તમે ઘેર જઇને તમારા પિતાનેજ અહીં મોકલો, એટલે તેમને તમારા સ્વપ્નનું ફળ કહીશ.' પછી પ્રિયંકરે ઘેર જઇને પંડિતનું કથન પોતાના પિતાને નિવેદન કર્યું. એટલે પાસદત્ત શ્રેષ્ઠીએ પોતે પંડિત પાસે જઈ તેની પાસે ફળ, પુષ્પાદિક મૂકીને સ્વપ્નનું ફળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પૂછયું. પંડિતે કહ્યું કે–' આ સ્વપ્નથી એમ જણાય છે કે તમારો પુત્ર આ નગરનો અવશ્ય રાજા થશે.' સ્વપ્નશાસ્ત્રમાં કહ્યું છે કે–'જે પોતાના આંતરડાથી કોઇ પણ ગામ કે નગરને વીંટી લે તે મનુષ્ય તે ગામ, નગર, દેશ કે મંડલનો રાજા થાય. વળી સ્વપ્નમાં જે પોતાના આસનને, શય્યાને, શરીરને, વાહનને અને ઘરને બળતાં જુએ તેની સન્મુખ લક્ષ્મી આવે છે. વળી સમધાતુવાળા, પ્રશાંત, ધાર્મિક, નિરોગી અને જિતેંદ્રિય–એવા પુરૂષના જોવામાં આવેલ શુભાશુભ સ્વપ્ન સત્ય થાય છે. રાત્રિએ ચારે પહોરમાં જોવામાં આવેલ સ્વપ્ન અનુક્રમે એક વર્ષે, છ મહિને, ત્રણ મહિને અને એક મહિને ફળ આપનાર થાય છે.' આ પ્રમાણે સાંભળીને 'દેવવાણી પણ સત્ય થઈ' એમ અંતરમાં જાણીને પાસદત્ત શ્રેષ્ઠીએ હર્ષ પામી પંડિતને કહ્યું કે–' હે પ્રાજ્ઞવર્ય ! તમે કહ્યું તે બધું સત્યજ છે. કારણ કે સર્વજ્ઞે કહેલ શકુનશાસ્ત્ર અન્યથા નજ હોય.' પંડિતે કહ્યું કે–' હે શ્રેષ્ઠીન્ ! તે કારણ માટેજ મારે પણ મારી પુત્રી તમારા પુત્રને આપવાની છે.' પછી શ્રેષ્ઠીએ પણ પંડિતનું કથન સ્વીકારીને શુભ લગ્ને પંડિતની પુત્રી સોમવતી સાથે પોતાના પુત્રનો મહોત્સવપૂર્વક વિવાહ કર્યો. હસ્તમોચનાવસરે પંડિતે પ્રિયંકરને રત્નસુવર્ણાદિક પુષ્કળ ધન આપ્યું.

આ પ્રમાણે બંને પ્રિયા સાથે વિવિધ પ્રકારનાં સુખ ભોગવતો પ્રિયંકર ધર્મકાર્યમાં વિશેષ તત્પર થઇને પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યો.

હવે પાસદત્ત શેઠના ઘરની પાસે મહાદાની ઔદાર્યાદિ ગુણગણથી અલંકૃત અને કોટીશ્વર ' ધનદત્ત ' નામનો શેઠ રહેતો હતો. દાનગુણથી તેની કીર્તિ ચારે દિશાઓમાં વિસ્તાર પામેલી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતી. કહ્યું છે કે—

" दानेन वर्धते कीर्ति–र्लक्ष्मीः पुण्येन वर्धते ।
विनयेन पुनर्विद्या, गुणाः सर्वे विवेकतः " ॥ १ ॥

" દાનથી કીર્ત્તિ, પુણ્યથી લક્ષ્મી, વિનયથી વિદ્યા, અને વિવેકથી બધા ગુણો વૃદ્ધિ પામે છે. " તે શેઠને ધનશ્રી નામે પત્ની હતી. તેની કુક્ષિથી ઉત્પન્ન થયેલા જિનદાસ અને સોમદાસ નામે બે પુત્રો હતા અને શ્રીમતી નામે એક પુત્રી હતી.

એકદા તે ધનદત્ત શ્રેષ્ઠીએ નવીન આવાસ કરવાની ઇચ્છાથી શુભ મુહૂર્ત્તે અને શુભ દિવસે પ્રથમ ભૂમિશોધન કરીને વાસ્તુશાસ્ત્રના વિધિથી આવાસ બંધાવવાની શરૂઆત કરી. આ સંબંધમાં કહ્યું છે કે–" કોઇ દેવમંદિરની. સમીપે આવાસ કરવાથી દુઃખ ઉત્પન્ન થાય છે, ચતુષ્પથમાં કરવાથી ઘરની હાનિ થાય છે અને ધૂર્ત તથા અમાત્યના ઘર પાસે કરવાથી પુત્ર અને ધનનો ક્ષય થાય છે. આવાસમાં ક્ષીરવૃક્ષ ( થોર ) નું લાકડું વાપરવામાં આવે તો તે લક્ષ્મીનો નાશ કરે છે, કંટકવૃક્ષનું કાષ્ઠ શત્રુ તરફના ભયને આપે છે અને બોરડીનું કાષ્ઠ અપત્ય ( સંતાન ) નો નાશ કરે છે, માટે તેવું કાષ્ઠ ન વાપરવું. મૂર્ખ, અધર્મી, પાખંડીઓના મતવાળા, નપુંસક, કુષ્ઠી, મદ્યપાની અને ચાંડાળ–એમના પાડોશમાં ન રહેવું. પહેલા અને છેલ્લા પહોર સિવાય બીજા અને ત્રીજા પહોરની વૃક્ષ અને ધ્વજાદિકની છાયા જો ઘર ઉપર આવતી હોય, તો તે નિરંતર દુઃખદાયક થઈ પડે છે. દ્રવ્ય અને પુત્રાદિકની ઇચ્છાવાળા બુદ્ધિમાન્ માણસે વૃક્ષને છેદીને તેને સ્થાને પોતાનો આવાસ ન કરવો, કેમકે વટવૃક્ષનો છેદ કરવાથી વ્યંતરો ઉપદ્રવ કરે છે અને આમલીવૃક્ષનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છેદથી સંતતી જીવતી નથી, વળી આમલીવૃક્ષના છેદથી ધનનો અને યશનો પણ નાશ થાય છે, એમ આચાર્યોએ કહ્યું છે. માટે સ્વહિતેચ્છુએ તેનો ત્યાગ કરવો. વિચક્ષણ જનોએ સુખશાંતિને અર્થે પ્રાય: વૃક્ષરહીત સ્થાન મેળવીને પોતાનો આવાસ કરવો. વળી પોતાનો આવાસ કરતાં સ્વહિતને માટે જિનેંદ્રનો પૃષ્ઠભાગ તજવો, મહેશનો પાર્શ્વભાગ તજવો અને વિષ્ણુનો અગ્રભાગ તજવો ઉચિત છે. જિનમંદિરની પછવાડે સવાસો હાથ જેટલી જમીનની અંદર કરેલ ઘર ધન અને સંતતીનો નાશ કરે છે. મહેશના મંદિર વિગેરેને માટે પણ તેવીજ રીતે સમજી લેવું. આ બાબત વધારે વિસ્તારથી જોવી હોય તો ચૂડામણિ વિગેરે ગ્રંથો જોઈ લેવા. ”

અનુક્રમે કેટલેક દિવસે શ્રેષ્ઠીએ કરાવેલ આવાસ તૈયાર થયો એટલે શુભ મુહૂર્ત્તે ઘરની અંદરના વામભાગમાં દેવાલય સ્થાપીને દેવપૂજા તથા સંઘવાત્સલ્ય અને દીનોદ્ધારાદિક કરીને ધનદત્ત શેઠ નવા આવાસમાં રહેવા આવ્યો. ત્યાં રહેતા ત્રણ દિવસ થયા. પછી ચોથે દિવસે રાત્રિએ ધનદત્ત સુખે ઘરમાં સુતો, તે પ્રભાતે જાગ્યો ત્યારે પોતાને ઘરના આંગણામાં પલંગપર સુતેલો જોયો. પછી વિસ્મય પામીને બીજે દિવસે રાત્રિએ નમસ્કાર અને ઇષ્ટ દેવતાના સ્મરણપૂર્વક તેજ નવા આવાસમાં અંદરના ઓરડામાં દ્વાર બંધ કરીને સુતો, પણ પ્રભાતે પ્રથમ દિવસની જેમજ પોતાને બહાર સુતેલો જોયો, એટલે તે વિશેષ ચિંતાતુર થયો. પછી ત્રીજે દિવસે પણ રાત્રિએ ધૂપ ઉખેવીને ત્યાં સુતો, પરંતુ પ્રથમની જેમજ થયું. આથી તે મનમાં અતિશય ખેદ પામ્યો. તેના કુટુંબમાંથી પણ જે કોઇ રાત્રિએ ત્યાં સુવે, તે પ્રભાતે ઘરના આંગણામાં સુતેલો જોવામાં આવે. આ પ્રમાણે થવાથી ભયભીત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થયેલા તે સર્વેમાંથી કોઈ પણ ઘરમાં શયન કરતું નહોતું. તેથી ધનદત્ત શેઠ વિચારવા લાગ્યો કે-' ખરેખર આ આવાસ કોઇ દુષ્ટ વ્યંતરથી અધિષ્ઠિત થયેલો જણાય છે.' આ પ્રમાણે વિચાર કરીને શ્રેષ્ઠીએ અનેક મંત્રવાદીઓને પૂછયું. તે મંત્રવાદીઓ જેમ જેમ મંત્રોપચાર કરવા લાગ્યા, તેમ તેમ તે વ્યંતર અધિક કુપિત થઇને આવાસમાં ભયંકર શબ્દો કરવા લાગ્યો. આથી ધનદત્ત શેઠ વિશેષ ખેદ પામીને વિચારવા લાગ્યો કે- ' અરે મેં આ આવાસ કરાવવામાં જે લક્ષ દ્રવ્યનો વ્યય કર્યો તે બધો વ્યર્થ ગયો.' આ પ્રમાણે અત્યંત ચિંતાતુર થઇને પોતાના ઘરના આંગણામાં બેઠેલો ધનદત્ત એકદા પ્રિયંકરના જોવામાં આવ્યો, એટલે તેણે તેમને ચિંતાનું કારણ પૂછયું-' હે શ્રેષ્ઠિન્! હમણા તમે નિર્ધનની જેમ ખિન્ન કેમ દેખાઓ છો ?' શ્રેષ્ઠીએ કહ્યું કે- " હે સત્પુરૂષ ! કહ્યું છે કે- ચિંતા શરીરને બાળે છે, ચિંતાથી રોગોત્પત્તિ થાય છે, શરીરમાં દુર્બળતા આવે છે, નિદ્રાનો નાશ કરે છે અને ક્ષુધાને મંદ કરે છે." પ્રિયંકરે કહ્યું કે—" ચિંતા કરવાથી શું? કારણ કે-' જે વિધિએ લેખ લખ્યા હોય છે, તે સર્વ જીવોને ભોગવવાના છે. આ પ્રમાણે સમજીને ધીર પુરૂષો વિષમાવસ્થામાં પણ કાયર થતા નથી.' તથાપિ હે સુભગ! તમારી ચિંતાનું કારણ મારી આગળ પ્રગટ કરો." આ પ્રમાણે સાંભળીને શ્રેષ્ઠીએ પોતાના ઘરનું સ્વરૂપ તેની આગળ નિવેદન કર્યું અને કહ્યું કે-"હે સજ્જન! જો કોઇ પણ ઉપાય તમારા જાણવામાં હોય તો કહો, તમે સર્વ પ્રકારમાં પ્રવીણ અને અમારા સાધર્મી બંધુ છો. કહ્યું છે કે-ગુણો જાણનારા ઘણા હોય છે, પણ પરોપકાર કરનારા વિરલા હોય છે અને પરદુઃખથી દુઃખિત થનારા તેથી પણ વિરલા હોય છે." પ્રિયંકરે કહ્યું કે-' હે શ્રેષ્ઠિન્!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હાલ તો હું સ્વગૃહના કાર્યમાં વ્યાકુળ છું, માટે થોડો વખત ધીરજ રાખો.' એટલે શ્રેષ્ઠીએ કહ્યું કે—" ઉત્તમ જનો તો પોતાનું કાર્ય તજીને પણ પરકાર્ય કરે છે. કહ્યું છે કે—'સુજન જનો પોતાના કાર્યથી વિમુખ થઇને સદા પરકાર્ય કરવામાં આસક્ત હોય છે, કારણ કે ચંદ્રમા વસુધાને ઉજ્વળ કરે છે અને પોતાના કલંકને સ્પર્શ પણ કરતો નથી.' વળી નૈષધકાવ્યમાં કહ્યું છે કે—

**याचमानजनमानसवृत्तेः, पूरणाय बत जन्म न यस्य ।**
**तेन भूमिरतिभारवतीयं, न द्रुमैर्न गिरिभिर्न समुद्रैः ॥१॥**

" યાચના કરનારા માણસોની મનોવૃત્તિને પૂર્ણ કરવા માટે જેનો જન્મ નથી તેવા પુરૂષોથીજ આ ભૂમિ અત્યંત ભારવાળી છે, પણ વૃક્ષો, પર્વતો કે સમુદ્રોથી તે ભારવતી નથી." આ પ્રમાણે શેઠના કહેવાથી પ્રિયંકરે તેનું વચન સ્વીકારી લીધું, અને પ્રથમ તેનું સમસ્ત ઘર સમ્યગ્ધ્યાનપૂર્વક જોઈને કહ્યું કે—" હે શ્રેષ્ઠિન્ ! આ તમારૂં ઘર વાસ્તુશાસ્ત્રમાં કહેલી વિધિથી બનાવવામાં આવ્યું છે, તથાપિ સૂત્રધાર (શિલ્પી) ના પ્રમાદથી કંઇક સદોષ થઈ ગયું છે. કારણ કે તેણે દ્વારના ભારવટ્ટપર મંગળનિમિત્તે જિનબિંબને સ્થાને યક્ષમૂર્ત્તિ સ્થાપી છે. કહ્યું છે કે—'સ્વહિતેચ્છુ પૂરૂષે પોતાના ઘરમાં સદા મંગળનિમિત્તે દ્વારના ભારવટ્ટપર જિનેંદ્રની મૂર્ત્તિ આળેખાવવી. વળી શકટના આકાર જેવું (આગળ સાંકડું ને પાછળ પહોળું ) બાંધેલ ઘર ધન અને સંતતીનો નાશ કરે છે, મુખમાં ધૂસરાકાર હોય (આગળ બહુ પહોળું ને અંદર તદ્દન સાંકડું ) તો તે યશ અને કીર્ત્તિથી રહિત કરે છે, ત્રિકોણ હોય તો અગ્નિનો ભય થાય છે અને વિષમ હોય તો રાજાથી ભય થાય છે;

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે દ્રવ્યાદિકના ઇચ્છક પુરૂષે ચારે બાજુ સરખું (ચોખંડુ) ઘર કરાવવું." પછી પ્રિયંકરે તે આવાસમાં યક્ષમૂર્ત્તિને ઠેકાણે શ્રી પાર્શ્વપ્રભુની મૂર્ત્તિ વિધિપૂર્વક આળેખાવી, અને પછી ચૈત્રમાસની અઠ્ઠાઇમાં તે આવાસની અંદર શ્રીપાર્શ્વનાથ પ્રભુની મૂર્ત્તિ સિંહાસન ઉપર સ્થાપી, ધૂપ દીપાદિક કરી, પવિત્ર થઇને પ્રિયંકર પોતે દરરોજ પાંચસો વખત ઉપસર્ગહર સ્તોત્રનો પાઠ કરવા લાગ્યો.

આઠમે દિવસે ઘરમાં રહેલો વ્યંતર બાળરોગીનું રૂપ કરીને ત્યાં આવી તેના ધ્યાનમાં ભંગ કરવા માટે કહેવા લાગ્યો કે-'હે સજ્જન! તું કૃપાળુ છે, માટે રોગાક્રાંત એવા મારૂં રક્ષણ કર. હુ માતપિતા રહિત નિરાધાર રંક છું, માટે મારા પર દયા કરીને ઔષધાદિકથી મારા પ્રાણ બચાવ.' એ પ્રમાણે તેણે વારંવાર પ્રાર્થના કરી, છતાં પ્રિયંકર કાંઇ બોલ્યો નહિ, એટલે તે વ્યંતર હાથી, સિંહ અને સર્પાદિકનું રૂપ વિકૂર્વીને તેને ભય પમાડવા લાગ્યો, તથાપિ તે પોતાના ધ્યાનથી ચળાયમાન થયો નહિ, પરંતુ પ્રથમ કરતાં વિશેષ ઉપસર્ગહરસ્તવનો પાઠ કરવા લાગ્યો. તે સ્તોત્રપાઠના પ્રભાવથી દુષ્ટ વ્યંતર ત્યાંથી પલાયન કરી ગયો. પછી પ્રિયંકરના કહેવાથી તે ધનદત્ત શેઠ પરિવાર સહિત સુખે તે આવાસમાં રહ્યો. ત્યારપછી ત્યાં બીલકુલ ઉપદ્રવ થયો નહિ. પ્રિયંકરના ઉપકારથી સંતુષ્ટ થયેલા ધનદત્ત શ્રેષ્ઠીએ મોટા આગ્રહથી પોતાની શ્રીમતી પુત્રી સાથે મહોત્સવપૂર્વક તેનું પાણિગ્રહણ કરાવ્યું, અને કરમોચનનાં અવસરે તેણે રત્નસુવર્ણજડિત હાર તથા કેયૂર (બાજુબંધ) વિગેરે આપ્યાં. પછી શ્રીમતીની સાથે પોતાને ઘેર આવીને પ્રિયંકર નાના પ્રકારનાં સુખ ભોગવવા લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે કેટલાક દિવસો પછી તે વ્યંતરને હાંકી કાઢવાની વાત રાજાના હિતકર નામના મંત્રીના સાંભળવામાં આવી. કારણ કે 'ગુપ્ત કરેલું પણ શુભાશુભ પ્રાયઃ લોકમાં પ્રસિદ્ધ થાય છે.' પછી તે મંત્રીએ પ્રિયંકરને પોતાને ઘેર બોલાવ્યો અને સ્વાગત પૂછયું. કહ્યું છે કે–' આવો, પધારો, આ આસન પર બેસો, તમારાં દર્શનથી મને ખુશાલી થઇ છે, આજકાલ ગામમાં શું વાત ચાલે છે, કેમ હાલમાં તમે અશક્ત લાગો છો ? હમણાં તો બહુ વખતે દેખાયા–આ પ્રમાણે ઘેર આવેલા પોતાના સ્નેહીને જે આદરપૂર્વક કહે છે, તેમને ઘેર સદા નિઃશંક મનથી જવું યોગ્ય છે.' પછી મંત્રીએ કહ્યું-' હે પ્રિયંકર ! તારા પરોપકારનો વૃત્તાંત મારા સાંભળવામાં આવેલ છે. ખરેખર તું ધન્ય અને ભાગ્યવંત છે. કહ્યું છે કે-

**परोपकाराय वहंति नद्यः, परोपकाराय फलंति वृक्षाः ।**
**परोपकाराय दुहंति गावः, परोपकाराय सतां विभूतयः ॥१॥**

" નદીઓ પરોપકારને માટેજ વહે છે, વૃક્ષો પરોપકારને માટેજ ફળે છે, ગાયો પરોપકારને માટેજ દુધ દે છે અને સજ્જન પુરૂષોની વિભૂતિ પરોપકારને માટેજ હોય છે. " વળી-' મેઘ, સૂર્ય, વૃક્ષો, દાતારો અને ધર્મોપદેશકો–એમના ઉપકારોની વસુધા પર મર્યાદા ( હદ ) નથી. જો કે આ જગતમાં તો સ્વાર્થ રહિત સ્નેહ પણ દુર્લભ છે. ' કહ્યું છે કે–' જન્મથી નિવાસ કરવાને લીધે વિંધ્યાચળ ઉપર હાથીને પ્રીતિ હોય છે, સુગંધ આપવાના ઉપકારથી મધુકરની કમળમાં પ્રીતિ હોય છે, સંબંધને લીધે સમુદ્ર અને ચંદ્રને પરસ્પર પ્રેમ દેખાય છે, અને મેઘમાં જળના લોભથી ચાતક પ્રીતિ રાખે છે–આ પ્રમાણે સર્વત્र

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કંઈક કંઇક નિમિત્તને લઇને પ્રાણીઓની પ્રીતિ બંધાય છે, પરંતુ મયૂર અને મેઘની જેમ નિષ્કારણ અને નિર્દોષ પ્રીતિ તો ક્યાંકજ જોવામાં આવે છે. હે મહાનુભાવ! તારો અનૈમિત્તિક સ્નેહ છે, તેથી તે સર્વોપરી છે; માટે તારા લાયક કંઈક કાર્ય કહેવું છે.' પ્રિયંકર બોલ્યો કે-' હે મંત્રિન્! તમે સુખેથી કામ ફરમાવો, હું આપનો દાસ છું.' એટલે મંત્રીએ કહ્યું કે-' મારી પુત્રી એકદા પોતાની સખીઓ સહિત ક્રીડા કરવાને વાડીમાં ગઇ હતી. ત્યાં કોઇક દુષ્ટ શાકિની, ડાકિની, ભૂત યા પ્રેતાદિકની છાયાથી ઘેલી થઇ ગઇ છે. તેને લગભગ એક વર્ષ કરતાં કંઈક વધારે થયું છે. તે સંબંધમાં મેં ઘણા ઉપચારો કર્યા, પરંતુ દુર્જનને કહેલ સદ્વાકયની જેમ તે બધા ઉપચારો વૃથા ગયા છે. વળી બહુ દેવ દેવીઓની માનતા કરી પણ તે નિષ્ફળ થઈ છે, અને ઘણા વૈદ્યોને દેખાડી, તો તેઓ તેને રોગ થયેલ છે એમ જણાવે છે, કેટલાક યોગીઓ ભૂતાદિકનો દોષ જણાવે છે, અને દૈવજ્ઞ જનો (જ્યોતિષીઓ) ગ્રહની પીડા બતાવે છે. કહ્યું છે કે-

"वैद्या वदंति कफपित्तमरुत्प्रकोपं,
ज्योतिर्विदो ग्रहकृतं प्रवदंति दोषम्।
भूतोपसर्गमथ मंत्रविदो वदंति,
कर्मैव शुद्धमुनयोऽत्र वदंति नूनम्" ॥ १ ॥

"વૈદ્યો કફ, પિત્ત કે વાયુનો પ્રકોપ જણાવે છે, જ્યોતિષને જાણનારા ગ્રહનો દોષ કહે છે, માંત્રિકો ભૂતનો ઉપસર્ગ બતાવે છે અને શુદ્ધ મુનિઓ આ સંબંધમાં કર્મનેજ મુખ્ય કહે છે." આ પ્રમાણે વિકટ સંકટમાં આવી પડેલા અમે કિંક-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ર્તવ્યમૂઢ બની ગયા છીએ. વળી અષ્ટમી તથા ચતુર્દશીના દિવસે તો તે વિશેષે પીડિત થાય છે, તે દિવસે તે કંઇ ભોજન લેતી નથી, કશું બોલતી નથી અને પૂછતાં કંઈ ઉત્તર પણ આપતી નથી. આથી તેનું કોઈ પાણિગ્રહણ પણ કરતું નથી, માટે હે પ્રિયંકર! મારાપર કૃપા કરીને તું એવો પરોપકાર કર, કે જેથી એને કોઇ પણ ઉપાયવડે ફાયદો થાય. આ બાબતમાં જે ધનાદિ જોઇએ તે કહે, તો તે હું તને પ્રથમથીજ આપું. કારણ કે સંગ્રહ કરેલા બહુ ધનથી પણ શું કે જે પોતાનાં સંતાનો માટે પણ ઉપયોગમાં નથી આવતું. કહ્યું છે કે–' દેવ, ગુરૂ, ધર્મ, સ્વજન અને પુત્રાદિકના ઉપયોગમાં આવી જે ધન સફળ થતું નથી, તેવા દુઃખહેતુક ધનથી પણ શું ?' પછી પ્રિયંકરે કહ્યું કે–' હે મંત્રિન્! તમે અગરૂ, કર્પૂર, કસ્તુરી પ્રમુખ ધૂપની સામગ્રી લાવો કે જેથી હું કંઇક તેનો પ્રતીકાર કરૂં. જો એનું પુણ્ય પ્રબળ હશે, તો મારો કરેલ ઉદ્યમ સફળ થશે. કહ્યું છે કે–

" उद्यमः प्राणिनां प्रायः, कृतोऽपि सफलस्तदा ।
यदा प्राचीनपुण्यानि, सबलानि भवंति हि " ॥ १ ॥

" પ્રાણીઓનો કરેલ ઉદ્યમ પણ ત્યારેજ સફળ થાય છે, કે જ્યારે તેમનાં પૂર્વ પુણ્યો પ્રબળ હોય છે." પછી મંત્રીએ તેણે કહેલ બધી સામગ્રી તૈયાર કરી આપી. ત્યારપછી પ્રિયંકર અષ્ટમી ચતુર્દશીના દિવસે તેના ઘરમાં શ્રી પાર્શ્વનાથ ભગવંતની પ્રતિમા સ્થાપી, તેનું પુષ્પાદિકથી પૂજન કરીને તથા તેની આગળ શ્રેષ્ઠ ગંધ-યુક્ત ધૂપ કરીને પાંચસો વાર ઉપસર્ગહર સ્તોત્રનો પાઠ કરવા લાગ્યો. તે ઉપચારથી પ્રધાનપુત્રીને શનૈઃ શનૈઃ ફાયદો થતો ગયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવા અવસરમાં કોઇક મધ્યમ વયનો નિર્ધન બ્રાહ્મણ દેશાંતરથી પ્રિયંકરને ઘેર આવ્યો, અને આશીર્વાદ દઇને તેની આગળ બેઠો, એટલે પ્રિયંકરે મધુર વચનથી તેને બોલાવ્યો– 'હે દ્વિજોત્તમ ! અહીં આપનું આગમન શા નિમિત્તે થયું છે ?' તે બોલ્યો કે–' હે સત્પુરૂષ ! તમારા લ.યક કંઇક કાર્ય છે.' એટલે પ્રિયંકર બોલ્યો કે–' તમે સુખે ફરમાવો, જો મારાથી બની શકશે તો હું કરી આપીશ.' બ્રાહ્મણ બોલ્યા કે–"હે સજ્જન ! જો આપ પ્રાર્થનાનો ભંગ ન કરો, તોજ હું પ્રાર્થના કરૂં. કહ્યું છે કે–' પરની પ્રાર્થના સાંભળીને માત્ર બેસી રહેનાર એવા પુત્રને હે જનનિ ! જન્મજ આપીશ નહિ, અને જે પરની પ્રાર્થનાનો ભંગ કરે એવા પુત્રને તો ઉદરમાં પણ ધારણ કરીશ નહિ.' વળી હે સત્પુરૂષ ! આ જગતમાં પરોપકાર એજ સાર છે. કહ્યું છે કે–' ચંચા (મનુષ્યાકૃતિ) ક્ષેત્રનું રક્ષણ કરે છે, ધ્વજા ઘરનું, ભસ્મ કણોનું અને દાંતમાં રાખેલ તૃણ (શત્રુથી) પ્રાણોનું રક્ષણ કરે છે.' બાકી ઉપકાર વિનાના નરો તો પ્રયોજન વગરના (નકામા)જ છે." ઇત્યાદિક વિવેચન કરીને તે વિપ્રે પોતાનું કાર્ય તેની આગળ નિવેદન કર્યું કે–" હે ઉત્તમ ! સિંહલદ્વીપમાં સિંહલેશ્વર નામે રાજા છે. તેણે એક મોટો યજ્ઞ માંડયો છે. ત્યાં દક્ષિણામાં બધા બ્રાહ્મણોને તે લક્ષમૂલ્યવાળો હાથી આપવાનો છે, માટે લોભથી પરાભવ પામેલો હું દરિદ્રી તે હાથી લેવાને ત્યાં જવા ઇચ્છું છું. કહ્યું છે કે–' આ દુર્ભર (દુઃખે ભરવા લાયક) ઉદરને માટે શું શું ન કરાય, કોને કોને ન પૂછાય અને ક્યાં ક્યાં મસ્તક ન નમાવાય? દ્રવ્યના લોભીઓએ શું શું ન કર્યું અને શું શું ન કરાવ્યું ? અર્થાત્ કાંઈ બાકી રાખ્યુંજ નથી.' માટે ત્યાં જવાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્સુક એવો હું તમારી પાસે મારી પ્રાણપ્રિયાને મૂકવા આવ્યો છું. હું તે કાર્ય કરીને પાછો આવું, ત્યાંસુધી રૂપ અને લાવણ્ય-યુક્ત આ મારી પ્રિયાને તમારે ઘેર સંભાળીને રાખો. તેની પાસે તમારે પાણી ભરાવવું, રંધાવવું અને છાશનું વલોણું કરાવવું, વિગેરે કામ કરાવવું અને ભોજન આપવું. તેવા પ્રકારના કોઇ પણ સ્વજનોનો મારે અભાવ હોવાથી અને બીજે કોઈ ઠેકાણે વિશ્વાસ ન આવવાથી ઉત્તમ એવા તમારી પાસે તેને મૂકીને હું નિશ્ચિંત થઇ જઈ શકું તેમ છું. ” આ પ્રમાણે સાંભળીને કુમાર બોલ્યો કે-હે વિપ્રોત્તમ ! અહીંજ ( આ શહેરમાંજ ) તમારા સ્વગોત્રના, સ્વજાતિના યા સ્વવર્ગના ઘણા લોકો છે, તેમને સોંપીને તમે જાઓ.' વિપ્ર બોલ્યો કે-' હે સજ્જન ! બીજે કયાંઇ મૂકવા મારૂં મન માનતું નથી, માટે તમેજ આ મારૂં કાર્ય કરીને મારાપર ઉપકાર કરો.' કુમારે કહ્યું કે-' હે દ્વિજ ! કેવળ તમારા આગ્રહથી મન ન હોવા છતાં માત્ર પરોપકારને માટેજ તમારી પ્રિયાનું હું મારે ઘેર રક્ષણ કરીશ, પરંતુ કાર્ય કરીને તમારે સત્વર આવવું.' બ્રાહ્મણ હર્ષિત થઇને પ્રિયંકરને કહેવા લાગ્યો કે-' હે પુરૂષોત્તમ ! કાશીવાસી, કાશ્યપગોત્રી, કામદેવપિતા, કામલતામાતા, કેશવનામ, કરપત્રિકા કરમાં અને કષાયવસ્ત્ર-આ સાત કકારથી જે મારી નિશાની આપે, તેને આ સુંદરી તમારે સોંપી દેવી. ' આ પ્રમાણે કહીને તે બ્રાહ્મણ ત્યાંથી ચાલતો થયો. એટલે પ્રિયંકરે તેને કહ્યું કે-' હે વિપ્ર ! તમને તમારો માર્ગ સુખરૂપ થાઓ, પુનઃ સત્વર સમાગમ હો, કાર્યમાં સફળતા પામો અને અવસરે અમને સંભારીને તરત પાછા આવો. વળી હે દ્વિજ ! જ્યારે તમે અહીં આવશો, ત્યારેજ આ તમારી ભાર્યા હું તમને સોંપીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારબાદ ત્રણ દિવસ ગયા પછી તેના જેવાજ રૂપવાળો, તેટલીજ વચનો, તેના જેવાજ વર્ણવાળો, તેજ નામવાળો, તેવીજ નિશાની જણાવનારો, તેના જેવુંજ બોલનારો, તેના જેવાજ મુખ અને નેત્રવાળો એક વિપ્ર પ્રિયંકર પાસે આવ્યો, એટલે પ્રિયંકર બોલ્યો કે–' હે વિપ્ર ! તું તરત પાછો કેમ આવ્યો ? શા કારણથી ત્યાં ગયો નહિ ? શું સ્વજનોએ તને અટકાવ્યો ? અથવા શુભ શકુનના અભાવે પાછો આવ્યો ?' બ્રાહ્મણે કહ્યું કે–" હે સજ્જન ! સમુદ્રમાર્ગે જતાં વહાણ ડુબવાના ભયથી જીવને જોખમમાં નાખવાની શંકાથી હું પાછો આવ્યો; કારણ કે જીવને સંશયમાં નાખી ધન કમાવાથી પણ શું ? કહ્યું છે કે–' જે ધન મેળવતાં શત્રુઓને પ્રણિપાત કરવો પડતો હોય, ધર્મની મર્યાદાનો લોપ થતો હોય અને અતિ કલેશ થતો હોય, તેવા દ્રવ્યનું પ્રયોજન નથી.' આ પ્રમાણે ભયની શંકાથી હું ત્યાં ગયો નહિ. અહીં આપના જેવા બહુ ભાગ્યવંત છે, તેમના આશ્રયથી હું મારો નિર્વાહ ચલાવીશ." આ પ્રમાણે કહી તે સ્ત્રીને લઇને ત્યાંથી ચાલ્યો ગયો.

કેટલાક માસ વ્યતીત થતાં પોતાની પ્રિયાને મળવાને ઉત્સુક થયેલો પેલો બ્રાહ્મણ એક મોટા પર્વત જેવા ગજેંદ્રને સિંહલદ્વીપથી લાવીને પ્રિયંકરને ઘેર આવ્યા, અને તેને આશીષ દઇને તેની સમક્ષ બેઠો. પછી તેણે પ્રિયંકરને કહ્યું કે–'હે સજ્જન ! તમારા પ્રસાદથી હું ગજાદિક ધન ઉપાર્જન કરીને અત્યારેજ કુશળે અહીં આવી પહોંચ્યો છું, તમે મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે, હું તમારો પ્રત્યુપકાર શી રીતે કરી શકીશ એજ ચિંતા છે, હવે તમે મારા પર પ્રસન્ન થઇને મારી પ્રિયા મને સોંપો.' આ પ્રમાણેનું વિપ્રનું વચન સાંભળીને પ્રિયંકર તો જાણે વજ્રથી ઘાયલ થઇ ગ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યો હોય તેમ ક્ષણવાર મૌન રહીને કહેવા લાગ્યો કે-'હે વિપ્ર! તું જ પ્રથમ તારી ભાર્યાને લઇને ચાલ્યો ગયો હતો અને અત્યારે ફરી પાછો આવીને કેમ માગે છે? સાત નિશાનીઓ પણ તે વખતે તેં સાબીત કરી આપી હતી, હવે વૃથા વિવાદ શા માટે કરે છે? અથવા તો બ્રાહ્મણો આવા દાંભિક હોય છે, તે હું જાણું છું.' બ્રાહ્મણે કહ્યું કે-"હે વણિકપુત્ર! જેમ તેમ ન બોલો, દાંભિક તો વાણીયાજ હોય છે. કહ્યું છે કે-દાંભિક લોકો દેવતાઓને પણ ઠગી લે છે, તો માણસોને ઠગે તેમાં તો શું મોટી વાત છે? એક વાણિયાએ દેવી અને યક્ષ બંનેને એક લીલામાત્રમાં ઠગી લીધા હતા. વળી હું અહીં આવ્યોજ નથી. આ સંબંધમાં હું શપથ ( સમ ) લેવા પણ તૈયાર છું; માટે જો લોભ કરીને મારી સ્ત્રી મને નહિ સોંપો, તો હું તમને બ્રહ્મહત્યા આપીશ." આ પ્રમાણે સાંભળીને પ્રિયંકર ભય પામી ખિન્ન અને શ્યામ મુખવાળો થઈને હૃદયમાં વિચારવા લાગ્યો કે-' પહેલાં નિશ્ચે કોઇ દુષ્ટ વિદ્યાસિદ્ધ આ બ્રાહ્મણનું રૂપ કરી એની સ્ત્રી લઇને ચાલ્યો ગયો જણાય છે. હવે શું થશે?' આપ્રમાણે દિઙ્મૂઢ થયેલા પ્રિયંકરને બ્રાહ્મણે કહ્યુ કે-"હું અવશ્ય મારી સ્ત્રી લઇનેજ જવાનો છું.' એમ કહીને તે તેના ઘરના દ્વાર આગળ બેઠો. આમ કરતાં તે બ્રાહ્મણને એક લાંઘણ થઇ, એટલે બધા સ્વજનોએ મળીને પ્રિયંકરને કહ્યું કે-' ખરેખર કોઇ વ્યંતરે આવીને તને વિપત્તિમાં નાખ્યો છે. કહ્યું છે કે-રામચંદ્ર હેમમૃગને જાણી ન શકયા, નહુષ રાજા વાહનમાં બ્રાહ્મણોને જોડવા લાગ્યો, બ્રાહ્મણ પાસેથીજ ચક્ર સહિત ધૂમ હરણ કરી લેવાની અર્જુનને મતિ થઈ અને યુધિષ્ઠિરે પોતાના ચાર ભાઈને તથા પોતાની પટરાણીને દ્યૂતમાં મૂકયાં, માટે વિનાશ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાળે સત્પુરૂષોને પણ પ્રાયઃ વિપરીત બુદ્ધિજ સૂજે છે.' પરંતુ શું આ તે દૈવની ચેષ્ઠા છે? અથવા કોઇ દુર્જને દુષ્ટતા વાપરી છે?" આ પ્રમાણે સર્વ સ્વજનાદિક કિંકર્તવ્યતામૂઢ થઇ ગયા. પછી કુમારે બ્રાહ્મણને કહ્યું કે-"હે વિપ્ર! જો મેં તારી સ્ત્રીને છુપાવી રાખી હોય, તો હું આ પ્રમાણે શપથ લઉં. 'જો મેં તારી સ્ત્રી છુપાવી રાખી હોય, તો જ્યાં જીવહિંસા થતી હોય અને જ્યાં મૃષાવાદી વર્તતા હોય, તેમનું પાપ મને લાગે, અધમ જનો જે પારકાનું ધન ચોરી લે છે, તેમનું પાપ મને લાગે, જેઓ કૃતઘ્ન, વિશ્વાસઘાતક અને પરદારાલંપટ છે, તેમનું પાપ મને લાગે, ધર્મની નિંદા કરનાર, પંક્તિમાં ભેદ રાખનાર, ઝઘડામાં પક્ષપાત કરનાર, પોતાની સ્ત્રીનો ત્યાગ કરી અન્યત્ર પ્રેમ કરનાર, બે સ્ત્રીમાં સ્નેહનો ખોટો વિભાગ કરનાર, કૂટ સાક્ષી પૂરનાર, પરનો દ્રોહ કરનાર, પિતાનો દ્વેષ કરનાર અને કુબુદ્ધિને આપનાર—એમનું પાપ મને લાગે." આ પ્રમાણે સાંભળીને વિપ્ર બોલ્યો કે-'ક્રૂર કર્મીઓના શપથને પણ હું માનતો નથી.' એટલે પ્રિયંકરે કહ્યું કે-'તો તું તેને બદલે યથોચિત ધન મારી પાસેથી લે.' બ્રાહ્મણ બોલ્યો કે-' મારે ધનનું કાંઇ પ્રયોજન નથી, કેવળ મારી ભાર્યા મને સોંપી દો.' કુમાર બોલ્યો કે-'આ પ્રમાણે અસત્ય કલંક માથે વહોરવા કરતાં બહેતર છે કે સર્વથા પ્રાણોનેજ તજી દેવા.' એમ કહીને તે જેવામાં પોતાના હાથે ખડ્ગ લેવા ગયો, તેવામાં વિપ્ર તેનો હાથ અટકાવીને બોલ્યો કે-'હે કુમાર! સાહસ ન કરો, જો તમે મારૂં એક કથન માનો તો હું મારી સ્ત્રીની માગણી રદ કરૂં.' એટલે કુમાર હર્ષિત થઇને બોલ્યો કે-' જે કંઈ તું કહીશ, તે કરવાને હું તૈયાર છું. જો ઇચ્છા હોય, તો હું તારો દાસ થઇને રહું.' બ્રાહ્મણે કહ્યું કે-' જો તમે મંત્રીસુતાનો પ્રતીકાર ન કરો, તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હું તમને મુક્ત કરૂં, અન્યથા નહિ.' પ્રિયંકર બોલ્યો કે-"મેં જે પ્રતિજ્ઞા લીધી છે, તે તો મરણાંત કષ્ટ આવતાં પણ મૂકવાનો નથી." વિપ્ર બોલ્યો કે—'આ પ્રમાણે પોતાનાં વચનનું ઉલ્લંઘન કરવું, એ શું સંત જનોને યોગ્ય છે?' કુમાર બોલ્યો કે-"ચંદ્રમા દોષાકર (દોષનો આકાર-પક્ષે દોષો-રાત્રીનો કરનાર), કુટીલ, કલંકિત અને મિત્ર ( સૂર્ય )ના અવસાન સમયે ઉદય પામનાર હોવા છતાં મહાદેવને તે વલ્લભ છે, માટે સજ્જનો આશ્રિત જનોમાં ગુણ દોષનો વિચાર કરતા નથી. મોટા જનો માત્ર ગુણનેજ ગણનામાં લેતા નથી; પરંતુ સ્વીકાર કરેલ નિર્ગુણને પણ તેઓ પાળે છે.' જુઓ ! મહાદેવ અદ્યાપિ વિષને ધારણ કરે છે, કૂર્મ પોતાની પીઠપર પૃથ્વીને ધારણ કરે છે અને સમુદ્ર વડવાનળને વહન કરે છે, માટે સજ્જનો અંગીકાર કરેલનું પાલનજ કરે છે.' હે વિપ્ર ! તારે એ અબળા બાલિકા સાથે શો વૈરભાવ છે કે જેથી તું એને સતાવે છે? કારણ કે-'તૃણ પર કુહાડો, મૃગ પર સિંહનું પરાક્રમ, કમળ ઉખેડવા માટે હાથીનો શ્રમ અને કીડી પર કટક-એ બધું સર્વથા અનુચિતજ છે." બ્રાહ્મણ બોલ્યો કે-" આમ કહેવાથી તમારૂં વચન નિષ્ફળ થયું. કહ્યું છે કે-' જેને જીભ વશ નથી, તેને ત્રણ જગત સાથે વૈરબંધાય છે, અને જેની જીભ ઉપર અમૃત છે, તેને ત્રણે લોક વશવર્તીજ રહે છે. વિદ્યા જીભના અગ્ર ભાગપર રહે છે, મિત્ર અને બાંધવો જીભના અગ્ર ભાગપર રહે છે, બંધન મોક્ષ અને પરમ પદ પણ જીભના અગ્ર ભાગપર છે." આ પ્રમાણે સાંભળીને પ્રિયંકર બોલ્યો કે-'આવાં તમારાં વચનપ્રપંચથી જણાય છે કે ખરેખર તમે બ્રાહ્મણ નથી, પણ કોઇ દેવ કે દાનવ જણાઓ છો.' એટલામાં તે બ્રાહ્મણે પોતાનું દિવ્ય રૂપ પ્રગટ કરીને કહ્યું કે-"હે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુરૂષોત્તમ ! રાજવાડીમાં મારૂં દેવકુળ છે, લોકોની આશા પૂરનાર હું સત્યવાદી નામનો યક્ષ છું, તેથી બધા લોકો મને પૂજે છે. એકદા તે મંત્રીસુતા પોતાની સખીઓ સહિત ક્રીડા કરવા તે રાજવાડીમાં આવી હતી. ક્રીડા કરતી કરતી મારા મંદિર પાસે આવી. પછી મારી મૂર્તિ જોઇને તે હસીને બોલી કે–' ખરેખર આ દેવ નથી, પણ પાષાણખંડજ છે.' એમ કહીને નાકને મરડી ત્યાંથી ચાલતી થઇ, તે વખતેજ કુપિત થઇને મેં તેનો છળ કર્યો છે. " આ પ્રમાણે સાંભળીને પ્રિયંકર બોલ્યો કે–" હે યક્ષેશ ! રાજમાર્ગમાં ચાલ્યા જતા હાથીને જોઇને કદાચ કોઇ શ્વાન ભસે, તો શું હાથીને તેની સાથે કળહ કરવો ઉચિત છે ? મદોન્મત્ત થયેલ શીયાળીઓ જો કે સિંહની સમક્ષ વિરલ બોલે છે, છતાં સિંહ તેના પર કોપાયમાન થતો નથી, કારણ કે અસદૃશ જનો પર કોપ શું કરવો ? કાગડો કદાચ ગજેંદ્રના મસ્તક પર વિષ્ટા કરે, તો તે કાગડાની જાતને ઉચિત છે, પણ તેથી ગજેંદ્રના બળમાં કાંઈ હીનતા આવતી નથી. માટે હે ઉત્તમ ! આ અજ્ઞબાળા પર તમારે કોપ કરવો ઉચિત નથી. " ઇત્યાદિક મધુર વચનોથી કુમારે તેનો કોપ શાંત કર્યો. પછી યક્ષ બોલ્યો કે–' તમારા ઉપસર્ગહરસ્તવના ગુણનથી ( ગણવાથી ) હવે હું એના શરીરમાં રહેવાને સમર્થ નથી, તેથી મેં તારા સાહસની પરીક્ષા કરી છે, પરંતુ તારા સાહસથી હું અતિશય સંતુષ્ટ થયો છું, માટે તું વર માગ.' પ્રિયંકર બોલ્યો કે–' હે યક્ષરાજ ! જો તમે મારા પર સંતુષ્ટ થયા હો તો એ પ્રધાનપુત્રીને સજ્જ કરીને મારા પર ઉપકાર કરો. ' એટલે યક્ષે તેના વચનથી તેને સજ્જ કરી, અને કહ્યું કે–' આ મારી નિંદા કરવાથી બહુ પુત્ર પુત્રીને ઉત્પન્ન કરનારી થશે. ' પછી પ્રિયંકરને સર્વ પક્ષીઓની ભાષા સમજાય તેવું જ્ઞાન આપીને યક્ષ સ્વસ્થાને ગયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે પોતાની પુત્રીને શલ્યરહિત અને પટુતાયુક્ત જોઇને મંત્રી વિચારવા લાગ્યો કે-'અહો ! આ પ્રિયંકરે મારા પર મોટો ઉપકાર કર્યો છે, માટે આ મારી પુત્રી એનેજ આપવી યોગ્ય છે.' આ પ્રમાણે વિચાર કરીને મોટા આગ્રહપૂર્વક પોતાની પુત્રી યશોમતીનું પ્રિયંકરની સાથે પાણિગ્રહણ કરાવ્યું અને હસ્તમોચન વખતે બહુ ધન અને રત્નાદિક આપીને મંત્રીએ તેનો અત્યંત સત્કાર કર્યો. પછી તે પ્રિયા સહિત ઘેર જઇને પ્રિયંકર વિચારવા લાગ્યો કે-'અહો ! આ બધો ઉપસર્ગહરસ્તવની ગુણનાનોજ પ્રભાવ છે.' પછી પ્રિયંકર યશોમત્યાદિક પોતાની પ્રિયાઓ સાથે વિવિધ ભોગ ભોગવતો અને ધર્મકાર્ય કરતો સુખે સુખે પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યો.

હવે યશોમતી યક્ષવચનના પ્રભાવથી પ્રતિવર્ષે પુત્ર પુત્રીના યુગલને પ્રસવવા લાગી, તેથી તેને બહુ પુત્ર પુત્રી થયાં. તે સર્વનું લાલન પાલન, રક્ષણ, સ્તનપાન, ભોજન આપવા વિગેરે ચિંતા કરતાં તે અત્યંત ખેદ પામવા લાગી. તે બાળકોને પરસ્પર કળહ કરતા જોઇને તે ઉદ્વેગ પામતી અને તેથી સુખે શયન કે ભોજન પણ કરી શકતી નહોતી. આથી તે ચિંતવવા લાગી કે-'ખરેખર વંધ્યા સ્ત્રીજ જગતમાં શ્રેષ્ઠ છે કે જે નિરંતર વિષય, ભોજન, શયનાદિક બધું સુખે ભોગવી શકે છે. મેં તો કુકડીની જેમ પૂર્વે દુષ્કર્મજ કર્યાં જણાય છે, માટે હવે પછી મારે કોઇની પણ નિંદા ન કરવી. કહ્યું છે કે-

"परनिंदा महापापं, गदंति मुनयः खलु ।
इहलोके पराभूतिः, परत्र नरको यया" ॥ १ ॥

"પરનિંદા એ મોટામાં મોટું પાપ છે, એમ મુનિઓ કહે છે. જેના યોગે આ લોકમાં પરાભવ પ્રાપ્ત થાય છે અને પરલોકમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નરક મળે છે." તેમજ વળી

"आत्मनिंदासमं पुण्यं, न भूतं न भविष्यति ।
परनिंदासमं पापं, न भूतं न भविष्यति" ॥ १ ॥

"આત્મનિંદા સમાન બીજું એકે પુણ્ય નથી અને પરનિંદા સમાન બીજું એકે પાપ નથી."

એકદા પ્રિયંકર જિનમંદિરમાં જિનેંદ્રપૂજા કરીને પોતાના ઘર તરફ આવતો હતો, ત્યાં રસ્તામાં તેણે નિંબવૃક્ષપર બેઠેલા એક કાગડાનું બોલવું સાંભળ્યું. તે કાગડો તેને આ પ્રમાણે કહેતો હતો કે—'હે નરોત્તમ ! આ નિંબવૃક્ષના મૂળમાં ત્રણ હાથ નીચે લક્ષ દ્રવ્ય છે, તે તું ગ્રહણ કર અને મને ભક્ષ્ય આપ.' યક્ષે આપેલ વરદાનના પ્રભાવથી કાગડાના બોલને અંતરમાં વિચારીને તે વૃક્ષની નીચે ભૂમિ ખોદવા લાગ્યો. લોકોએ પૂછ્યું કે—' હે પ્રિયંકર આ જમીન તું શા માટે ખોદે છે?' તેણે કહ્યું કે—' ઘરમાં પૂરવાને માટી ખોદું છું.' આ પ્રમાણે (સત્ય) કહીને છાની રીતે તે નિધાન ગ્રહણ કરી ઘેર આવ્યો અને કાગડાને તેણે દધિ વિગેરેનું બળિદાન આપ્યું.

હવે અશોકરાજાએ પ્રિયંકરનો ગુણોત્કર્ષ સાંભળી હર્ષ પામી તેને બોલાવીને કહ્યું કે—' હે પ્રિયંકર ! તારે પ્રતિદિન મારી સભામાં આવવું.' આ પ્રમાણેના રાજાના ફરમાનથી તે દરરોજ રાજસભામાં જવા લાગ્યો અને આસ્તે આસ્ત પૂર્વ પુણ્યના પ્રભાવથી તેનાપર રાજાનું બહુમાન વધવા લાગ્યું. કહ્યું છે કે–' રાજાનું બહુમાન, પ્રધાન ભોજન, પુષ્કળ ધન, શુદ્ધ પાત્રે દાન, અશ્વ ગજ યા રથનું વાહન અને તીર્થયાત્રાનું વિધાન–એ મનુષ્યભવમાં દેવસમાન સુખ ગણાય છે. તે પૂર્વ પુણ્યના પ્રભાવથી અહીં પણ (આ લોકમાં પણ) પ્રાપ્ત થાય છે.' આ પ્રમાણે રાજાથી સન્માન પામતા તેને જોઇને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બધા પૌરલોકો પણ તેનો સત્કાર કરવા લાગ્યા. કહ્યું છે કે-

" राजमान्यं धनाढ्यं च, विद्यावंतं तपस्विनम् ।
रणे शूरं च दातारं, सर्वे यच्छंति आदरम् " ॥ १ ॥

" રાજમાન્ય, ધનવંત, વિદ્વાન્, તપસ્વી, રણશૂર અને દાતાર એવા પુરૂષને સર્વે આદર આપે છે."

હવે કેટલાક દિવસ ગયા બાદ રાજાના અરિશૂર અને રણશૂર નામના બંને પુત્રો જ્વરના વ્યાધિથી મરણ પામ્યા. કહ્યું છે કે-'રાત્રિ ચાલી જશે, સુપ્રભાત થતાં સૂર્ય ઉદય પામશે અને કમળ વિકસિત થશે, આ પ્રમાણે કમળના પુટમાં રાત્રિએ બંધાઈ રહેલ મધુકર વિચાર કરતો હતો, એવામાં પ્રાતઃકાળે અહો! હાથી આવીને તે કમળનું ભક્ષણ કરી ગયો.' રાજપુત્રોના મરણથી નગરમાં મહાન્ શોક વ્યાપી રહ્યો. રાજા પણ અત્યંત ચિંતાતુર થઇને સભામાં પણ આવતો બંધ થયો, એટલે મંત્રી તેને સમજાવવા લાગ્યો કે—"હે રાજન્! આ દૈવાધીન વસ્તુમાં કોનો ઉપાય ચાલી શકે? આ માર્ગ તો સહુ કોઇને માટે સમાન છે; માટે ખેદ કરવાથી શું? કહ્યું છે કે-' ધર્મ, શોક, ભય, આહાર, નિદ્રા, કામ, કલહ અને ક્રોધ-એ જેટલા વધારીએ તેટલાં વધી શકે છે.' વળી—' તીર્થંકરો, ગણધરો, ચક્રવર્તીઓ, વાસુદેવો અને બળદેવો-એ બધાઓનો દુષ્ટ દૈવે સંહાર કર્યો, તો બીજા સામાન્ય જીવોની શી ગણના?' વળી હે સ્વામિન્! સગરચક્રીના સાઠ હજાર પુત્રો અને સુલસાના બત્રીશ પુત્રો સમકાળેજ મરણ પામ્યા હતા; માટે હે રાજન્! તમારે સર્વથા શોક નજ કરવો. કહ્યું છે કે-જન્મ પામેલાને અવશ્ય મરણ અને મરણ પામેલાને અવશ્ય જન્મ આવે છે (પ્રાપ્ત થાય છે), માટે એવી અનિવાર્ય બાબતમાં ચિંતા શી કરવી?" આ પ્રમાણે મંત્રીએ બહુ રીતે સ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મનાવ્યા છતાં રાજાને પુત્રનું દુઃખ વિસર્યું નહિ, અને પુત્રમોહથી
અનુક્રમે તેના શરીરમાં પણ બેચેની ઉત્પન્ન થઇ. કહ્યું છે કે-' અ-
ન્નમાં અરૂચિ, શરીરે પીડા, નિદ્રાનો અભાવ અને મનની અસ્વ-
સ્થતા-આમ હોવાથી કાંઈ સમજાતું નથી કે પરિણામે શું થશે?'
આ પ્રમાણે કેટલાક દિવસો જતાં એકદા રાજાએ પાછલી રાત્રિએ
'પોતે ખરયુક્ત વાહનમાં બેસીને દક્ષિણ દિશામાં ગયો.' એવું
સ્વપ્ન જોયું. પ્રભાતકાળે તે સ્વપ્નની વાત પોતાના મંત્રીને
એકાંતમાં કહી. એટલે મંત્રીએ પણ સ્વપ્નશાસ્ત્રવેત્તાને એકાંતમાં બો-
લાવીને તે સ્વપ્નનું ફળ પૂછ્યું. તેણે કહ્યું કે-'હે મંત્રિન્! આ સ્વપ્ન
અલ્પકાળમાં મરણને સૂચવે છે.' કહ્યું છે કે-'રાત્રિએ ખરયુક્ત યાનમાં
બેસીને પોતે કોઇ દિશામાં જાય છે, એવું સ્વપ્ન જોવામાં આવે તો તે
જોનાર અલ્પકાળમાં મરણ પામે.' આ પ્રમાણે સાંભળીને રાજા અને
મંત્રી બંને અત્યંત ચિંતાતુર થઇ ગયા. પછી મંત્રીથી પ્રેરણા કરા-
યેલો રાજા પુણ્ય કરવાની ઇચ્છાથી દેવસ્થાનોમાં પૂજાદિક અને દીનોનો
ઉદ્ધાર વિગેરે કરવા લાગ્યો. કહ્યું છે કે-

" आर्त्ता देवान्नमस्यंति, तपः कुर्वंति रोगिणः ।
निर्धना विनयं यांति, क्षीणदेहास्तु शीलिनः " ॥ १ ॥

" પીડિત જનો દેવોને નમે છે, રોગીજનો તપ કરે છે, નિ-
ર્ધન લોકો વિનય કરે છે અને ક્ષીણ દેહવાળા શીલ પાળે છે."

એકદા રાજા સભામાં આવીને બેઠો, એટલે તેને પ્રણામ કર-
વાને માટે મંત્રી, સામંત, સેનાપતિ, શ્રેષ્ઠી, પુરોહિત વિગેરે સભ્ય-
જનો સર્વે આવ્યા. તે વખતે ત્યાં જવાની ઇચ્છાથી પ્રિયંકર પણ
ઘરથી બહાર નીકળ્યો. એવામાં માર્ગે આકાશવાણી થઈ કે-'હે પ્રિયંકર!
આજ રાજા તરફથી તને ભય ઉત્પન્ન થશે અને ચોરની જેમ બંધન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રાપ્ત થશે.' આવા પ્રકારની ગગનવાણી સાંભળીને પ્રિયંકર વિચારવા લાગ્યો કે-"અહો! મેં રાજાનો તો કોઇ પણ જાતનો અપરાધ કર્યો નથી, પરંતુ રાજાનો વિશ્વાસ શો? કહ્યું છે કે-'સુંદરી, જડ (ળ), અગ્નિ અને રાજા-એ ધીમંત જનને બહુજ સાવચેતીથી સેવવા લાયક છે. અન્યથા તેઓ પ્રાણસંકટમાં નાખી દે છે.' વળી છળ જોનારા રાજા વિગેરે સ્વાર્થ સાધવામાં તત્પર હોવાથી નિરપરાધી પુરૂષને પણ પ્રાણસંકટમાં નાખે છે." આ પ્રમાણે વિચાર થયા છતાં પણ 'જે થવાનું હશે તે થશે' એમ વિચારી, સાહસિકપણું સ્વીકારી, રાજસભામાં પ્રવેશ કરીને જેવો તે રાજાને પ્રણામ કરે છે, તેટલામાં અકસ્માત્ પૂર્વોક્ત દેવવલ્લભ હાર તેના મસ્તકપરથી સભામાં પડ્યો, અને રાજા વિગેરે સભ્યજનોના જોવામાં આવ્યો. બધાના મનમા મોટું આશ્ચર્ય ઉત્પન્ન થયું. સર્વે કહેવા લાગ્યા કે-' અહો ! રાજાનો હાર ખોવાઈ ગયો હતો, તે અત્યારે આ પ્રિયંકર પાસેથી મળી આવ્યો.' પોતાના મસ્તક પરથી હારને પડેલ જોઇને પ્રિયંકર પણ મનમાં ચકિત થઇ વિચારવા લાગ્યો કે-' અહા ! હેવે અનુચિત કર્યું. ઘણા કાળથી મેળવેલ મહત્ત્વ આજે આ ચૌર્યના કલંકથી બધું વિનષ્ટ થયું અને મરણ પાસે આવ્યું. માર્ગમાં પ્રગટ થયેલ આકાશવાણી પણ સત્ય ઠરી. કહ્યું છે કે—

**चौरपापद्रुमस्येह, वधबंधादिकं फलम् ।**
**जायते परलोके तु, फलं नरकवेदना ॥ १ ॥**

"ચોરીરૂપ પાપવૃક્ષનું આ ભવમાં વધ અને બંધનાદિરૂપ ફળ મળે છે અને પરલોકમાં નરકની વેદનારૂપ ફળ પ્રાપ્ત થાય છે." અહો ! મેં પૂર્વ જન્મમાં કોઇને પણ વૃથા કલંક આપેલ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હશે, જેથી તે કર્મ અત્યારે મને ઉદયમાં આવ્યું.' પ્રિયંકર આ પ્રમાણે વિચાર કરે છે તેવામાં અશોકચંદ્ર રાજાએ કોટવાળને હુકમ કર્યો કે-'હે કોટવાળ! ચોરના દંડને લાયક એવા આ દુષ્ટ પ્રિયંકરને શૂળીપર ચડાવો.' આ પ્રમાણે સાંભળી મંત્રીએ રાજાને વિજ્ઞપ્તિ કરી કે-'હે સ્વામિન્! આ પ્રિયંકરમાં આવી અઘટિત વાત કદાપિ ઘટતી નથી, એ તો મહાઉપકારી અને પુણ્યવંત છે. માટે આ સંબંધનો ખુલાસો તેને પૂછો.' આ પ્રમાણે મંત્રીના કહેવાથી રાજાએ પ્રિયંકરને પૂછ્યું કે-'હે પ્રિયંકર! આ લક્ષ-મૂલ્યવાળો હાર તેં ક્યાંથી લીધો છે? શું કોઈએ તને અર્પણ કર્યો છે? અથવા કોઈએ તારે ઘેર થાપણ તરીકે રાખેલો છે? જે હોય તે સાચેસાચું કહી દે.' પ્રિયંકર બોલ્યો કે-'હે સ્વામિન્! હું કશું જાણતો નથી, આજ પર્યંત એ હાર મેં કદાપિ જોયો પણ નથી.' ત્યારે મંત્રી બોલ્યો કે-'હે રાજન્! આ પ્રિયંકર ખરેખર ચોરના દંડને લાયક નથી, માટે આ બાબતમાં વિચારીને કાર્ય કરવાનું છે. કહ્યું છે કે-

**सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम् ।**
**वृणुते हि विमृश्यकारिणं, गुणलुब्धाः स्वयमेव संपदः ॥१॥**

"લાંબો વિચાર કર્યા વિના કંઈ પણ કામ ન કરવું, કારણ કે અવિવેક એજ પરમ આપત્તિનું સ્થાન છે. જેઓ વિચારીને કામ કરે છે તેમને ગુણલુબ્ધ એવી સંપત્તિઓ સ્વયમેવ આવીને વરે છે." વળી "પંડિત જને સગુણ કે નિર્ગુણ કાર્ય કરતાં પ્રથમ તેનું પરિણામ વિવેકથી વિચારી લેવું; કારણકે અતિ ઉતાવળથી કરી નાખેલ કાર્યોનો વિપાક (પરિણામ) વિપત્તિની પ્રાપ્તિ પર્યંત શલ્યતુલ્ય થઇને હૃદયને બાળ્યા કરે છે." વળી હે સ્વામિન્! એનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિનયગુણજ એના કુલીનપણાને અને સદાચારીપણાને પ્રગટ કરે છે. કહ્યું છે કે 'હંસને ગતિ, કોકિલાને કંઠની મધુરતા, મયૂરને નૃત્ય, સિંહને પરમ શૌર્ય, ચંદનવૃક્ષને સૌરભ્ય ને શીતળતા અને કુલીન જનોને વિનય કોણે શીખવ્યા છે? અર્થાત્ તે બધાં તેમાં સ્વભાવસિદ્ધજ હોય છે.' માટે હે રાજન્! આ કોઇ દેવની ચેષ્ટા લાગે છે." આવા પ્રકારનું મંત્રીનું કથન સાંભળીને રાજાએ કહ્યું કે–'હે મંત્રિન્ ! આ તારો જમાઇ હોવાથી ખરેખર તું એનો પક્ષ કરતો લાગે છે; પરંતુ ચોરનો પક્ષ કરવો એ કોઇને પણ શ્રેયસ્કર નથી. કહ્યું છે કે–ચોરને સહાય આપનાર, ચોરની સાથે મસલત કરનાર, ચોરના ભેદને જાણનાર, તેની સાથે ક્રયવિક્રય કરનાર અને ચોરને અન્ન તથા સ્થાન આપનાર–એ સાત પ્રકારે ચોર કહેલ છે.' આ પ્રમાણેનું રાજાનું વચન સાંભળીને મંત્રી ભય પામી મુંગોજ બેસી રહ્યો. એટલે રાજાએ કોટવાળને કહ્યું કે–'હે કોટવાળ ! આ હારના ચોર પ્રિયંકરને મજબૂત રીતે બાંધો.' આ પ્રમાણેના રાજાના હુકમથી તેણે ત્યાંજ તેને બાંધી લીધો. પછી રાજાએ મંત્રીને કહ્યું કે–'હે મંત્રિન્ ! તે દિવસે દૈવજ્ઞે 'હારના ચોરને મારૂં રાજ્ય મળશે' એમ કહ્યું છે, પરંતુ હું આ હારના ચોરને શૂળીપરજ ચડાવીશ, મારૂં રાજ્ય તો મારા ગોત્રીઓજ કરશે.' એટલે મંત્રીએ (વક્રોક્તિમાં) કહ્યું કે–'હે સ્વામિન્ ! આપનું સર્વ કથન સત્ય છે.'

હવે એવા અવસરે ત્યાં રાજસભામાં દિવ્ય રૂપવતી, દિવ્ય આભરણવાળી અને દિવ્ય લોચનવાળી એવી કોઇ વિદેશી ચાર સ્ત્રીઓ આવી. તેમનું રૂપ વિગેરે જોઇને સર્વે સભ્ય જનો અત્યંત વિસ્મય પામ્યા. પછી રાજાએ તે સુંદરીઓને પૂછ્યું કે–'તમે કયાંથી અને શા હેતુથી અહીં આવી છો ? શું આ નગરમાં તીર્થયાત્રા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવા આવેલ છો કે સ્વજનોને મળવા માટે આવેલ છો ? તે કહો અને મારે લાયક કંઇ પણ કાર્ય ફરમાવો.' એટલે તેમાંથી એક વૃદ્ધા બોલી કે–"હે રાજેંદ્ર ! અમે પાટલીપુત્રનગરથી અહીં આવેલ છીએ. આ પ્રિયંકર મારો પુત્ર છે, તે રીસાઇને મારે ત્યાંથી ચાલ્યો ગયો હતો, અમે બે વર્ષ પર્યંત સર્વત્ર એની શોધ કરી, પણ ક્યાંઇ તેનો પત્તો ન મળ્યો. હમણા આ અશોકપુરથી આવેલ કોઈ પુરૂષે અમને કહ્યું કે–'પ્રિયંકર નામનો વ્યવહારીપુત્ર અમુક અવસ્થાવાળો, આવા રૂપવાળો અને પરોપકારમાં તત્પર અશોકપુરમાં વસે છે.' આ પ્રમાણે તેનો બરાબર પત્તો મળવાથી અમે અહીં આવેલ છીએ. અહીં આવીને અમે કોઇ પુરૂષને પૂછયું કે–'પ્રિયંકર કયાં રહે છે?' એટલે તેણે કહ્યું કે–'પ્રિયંકર રાજમાન્ય છતાં આજેજ ચોરીના કલંકથી રાજાએ તેનો નિગ્રહ કર્યો છે.' એમ સાંભળીને અમે અહીં રાજસભામાં આવેલ છીએ. વળી હે રાજન્ ! તમારા દર્શનથી અમારો આજનો દિવસ સફળ થયો છે." આ પ્રમાણે કહીને તે વૃદ્ધ સ્ત્રી પ્રિયંકરને ત્યાં બેઠેલો જોઇને કહેવા લાગી કે–'હે પુત્ર ! તું રીસાઇને ઘરમાંથી કેમ ચાલ્યો ગયો ?' તે વખતે 'આ મારો ભાઇ છે' એમ કહીને બીજી સ્ત્રીએ તેની સાથે વાતચીત કરી. એટલે ત્રીજી સુંદરી બોલી કે–'આ તો મારો દીયર છે.' ત્યારે ચોથી સુંદરી બોલી કે-'અહો ! આ તો મારો સ્વામી છે.' એમ કહીને લજ્જાથી નમ્રમુખી થઇ દૂર ઉભી રહી. આ વૃત્તાંત જોઇને સર્વે સભ્ય લોકો મનમાં અત્યંત આશ્ચર્ય પામ્યા; અને વિચારવા લાગ્યા કે — 'ખરેખર, અહીં હવે આ પ્રિયંકરનું કંઇક કપટ પ્રગટ થશે. કહ્યું છે કે–વિદ્યાદંભ ક્ષણવાર ટકે છે, જ્ઞાનદંભ ત્રણ દિવસ ટકે છે, રસદંભ છ માસ ટકે છે, પણ મૌનદંભ તો દુસ્તરજ છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેટલાક લોકો કહેવા લાગ્યા કે-'અહો! આ પરોપકારી પુરૂષપર રત્નના હારની ચોરીનો દોષ આવ્યો એ બહુજ અઘટિત થયું છે. પરંતુ વિધાતાનો એવો સ્વભાવજ છે. કહ્યું છે કે—

**शशिनि खलु कलंकं, कंटकाः पद्मनाले,**
**जलधिजलमपेयं, पंडिते निर्धनत्वम् ।**
**धनवति कृपणत्वं, दुर्भगत्वं सुरूपे,**
**स्वजनजनवियोगो, निर्विवेकी विधाता ॥ १ ॥**

"ચંદ્રમામાં કલંક, પદ્મની નાલમાં કાંટા, સમુદ્રના જળમાં લવણતા, પંડિતમાં નિર્ધનતા, ધનવંતમાં કૃપણતા, સુરૂપમાં દૌર્ભાગ્ય, અને સ્વજનમાં વિયોગ—એમ કરવામાં વિધાતાએ ખરેખર પોતાનું અવિવેકીપણુંજ જાહેર કર્યું છે." કેટલાક જનો પ્રિયંકરની પ્રશંસા કરવા લાગ્યા અને કેટલાક તેને નિંદવા પણ લાગ્યા. કેટલાક દૈવને ઉપાલંભ દેવા લાગ્યા અને કેટલાક હસવા પણ લાગ્યા. તથાપિ પ્રિયંકર તો શાંતજ રહ્યો. તે મનમાં લેશમાત્ર પણ ક્રોધ કરતો નહોતો.

હવે તે સુંદરીઓમાંથી વૃદ્ધા રાજાને કહેવા લાગી કે-'હે રાજન્! મારાપુત્રને મુક્ત કરો.' એટલે રાજાએ કહ્યું કે-'આ તારા પુત્રે મારો લક્ષમૂલ્ય હાર ચોર્યો છે, માટે હું તેને શી રીતે મુક્ત કરૂં?' વૃદ્ધા બોલી કે—'હે રાજન્! તમે કહો તે તેનો હું દંડ આપું.' રાજા બોલ્યો કે-'હે વૃદ્ધે! જો તું ત્રણ લક્ષ દ્રવ્ય દંડ તરીકે આપીશ તોજ હું તેને મુક્ત કરીશ.' તે બોલી કે-'લક્ષત્રય કરતાં પણ અધિક આપીશ; પરંતુ એ મારા પુત્રને તમે મુક્ત કરો.' રાજાએ કહ્યું કે-'એનો પિતા ક્યાં છે?' તેણે કહ્યું કે-'તે અમારે ઉતારે છે.' પછી રાજાએ તેને બોલાવીને કહ્યું કે-'આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રિયંકર તમારે શું થાય ?" તે બોલ્યો કે-' હે રાજન્! એ મારો પુત્ર થાય.' એવામાં મંત્રી બોલ્યો કે-' હે સ્વામિન્! આ બધું અસત્ય લાગે છે. ખરેખર આ લોકો ધૂર્ત્ત લાગે છે; કારણ કે આ પ્રિયંકરનો પાસદત્ત નામે પિતા અને પ્રિયશ્રી નામની માતા તો આજ નગરમાં રહે છે. માટે તેમને બોલાવીને આ વાત તેમને પૂછો.' રાજાએ કહ્યું કે—'હે મંત્રિન્! તે તો એના પાલક હશે, માટે તેમને પૂછવાનું શું પ્રયોજન છે ?' મંત્રી બોલ્યો કે-' હે સ્વામિન્! તથાપિ તેમને અહીં બોલાવો.' પછી તેમને પણ રાજાએ સભામાં બોલાવ્યા. પૂર્વે આવેલા અને નવા બન્ને માતાપિતા સમાન આકારવાળા, સમાન રૂપવાળા, સમાન રીતે બોલનારા, સમાન વયવાળા અને જાણે સાથેજ જન્મ્યા હોય તેવા દીસવા લાગ્યા. આ પ્રમાણે જોઇને રાજાવિગેરે સર્વ સભાજનો આશ્ચર્યમગ્ન થઈ ગયા. પછી રાજાએ મંત્રીને કહ્યું કે-' હે મંત્રિન્! ખરેખર તારૂં કથનજ સત્ય ઠરે તેમ છે.' એવામાં તે બન્ને પિતા પુત્રને અર્થે વિવાદ કરવા લાગ્યા, અને રાજાને કહ્યું કે-' હે સ્વામિન્! આ સંબંધમાં તમે ન્યાય કરો, નહિ તો અમે બીજા રાજા પાસે જઈશું.'

તે સાંભળીને રાજાએ મંત્રીને કહ્યું કે-'આ બાબતમાં હે મંત્રિન્! તું બુદ્ધિ ચલાવી કાંઈક નિર્ણય કર.' પછી મંત્રીએ વિચારીને કહ્યું કે-'આ રાજસભામાં સાત હાથીના ભાર જેટલી સમચોરસ પાષાણશિલા છે, તેને એક હાથથી જે ઉપાડે તેજ આ પ્રિયંકરને પુત્ર તરીકે લઇ શકે.' આ પ્રમાણે સાંભળીને પ્રથમ આવેલ અતિથિ પિતાએ તે શિલા લીલામાત્રમાં એક હાથથી ઉપાડી લીધી. પાસદત્ત શેઠ તો વિલક્ષણ થઇને કિંકર્તવ્યમૂઢ બની ત્યાંજ ઉભો રહ્યો. પછી મંત્રીએ રાજાને કહ્યું કે-' હે સ્વામિન્! આ શિલા ઉપાડનાર સામાન્ય મનુ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ષ્ય નથી.' આ પ્રમાણેનું મંત્રીનું કથન સમજી જઈ મનમાં વિચારીને રાજાએ તે શિલા ઉપાડનારને કહ્યું કે-' હે ભદ્ર ! ખરેખર તું મનુષ્ય નથી, પરંતુ કોઇ પણ દેવ, દાનવ યા વિદ્યાધર લાગે છે, માટે આ પ્રિયંકરનો તું પિતા લાગતો નથી. વળી અમને તું શા માટે છેતરે છે ? તારૂં સત્ય સ્વરૂપ પ્રગટ કર.' આ પ્રમાણે સાંભળીને તરતજ તે દેવરૂપ થઇ ગયો, અને ચારે સુંદરીઓ અદૃશ્ય થઇ ગઇ. દેવ કહેવા લાગ્યો કે-' હે રાજેંદ્ર ! હું તારા રાજ્યનો અધિષ્ઠાયક દેવ છું. તારો મરણ સમય જણાવવા અને રાજ્યયોગ્ય પુરૂષને રાજ્યપર સ્થાપવા હું અહીં આવ્યો છું, પરંતુ તું હજી બહુ તૃષ્ણાથી તરલિત છે, કહ્યું છે કે-

" अंगं गलितं पलितं मुंडं, दशनविहीनं जातं तुंडम् ।
वृद्धो याति गृहीत्वा दंडं, तदपि न मुंचत्याशापिंडम् " ॥१॥

" અંગ ગળી ગયું, શિરના કેશ શ્વેત થઈ ગયા, મુખ દાંતવિનાનું થઇ ગયું અને વૃદ્ધ થઈ લાકડી લઇને ચાલવા લાગ્યો, તથાપિ માણસ આશારૂપ પિંડને છોડતા નથી." હે રાજન્ ! હવે તું જરાથી જર્જરીભૂત થઈ ગયો છે, માટે પરલોક સાધવાને તારે ધર્મકાર્યો કરવાં એજ ઉચિત છે, તેથી રાજ્યભારની ધુરાને કોઇ પણ ધુરંધર પુરૂષના હાથમાં સોંપીને તું ધર્મકાર્યમાં લીન થા, કારણ કે પ્રાસાદનું રક્ષણ કરવા માટે જીર્ણ સ્તંભને ઠેકાણે લોકો નવીન સ્તંભને સ્થાપે છે.' રાજાએ આ પ્રમાણે સાંભળીને દેવને પૂછ્યું કે-' હે દેવ ! ત્યારે કહો કે મારૂં મરણ ક્યારે થશે ?' દેવ બોલ્યો કે-' હે ભૂપ ! આજથી સાતમે દિવસે તારૂં મરણ થશે.' આ પ્રમાણે સાંભળીને રાજા પોતાના મનમાં અત્યંત ભય પામ્યો. કહ્યું છે કે-'પંથ સમાન જરા નથી, દારિદ્રય સમાન પરાભવ નથી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મરણ સમાન ભય નથી અને ક્ષુધા સમાન વેદના નથી.' પછી રાજાએ દેવતાને કહ્યું કે–' હે દેવ! રાજ્યને યોગ્ય કોઈ પુરૂષ બતાવો કે જેથી તેને રાજ્યપર સ્થાપન કરૂં.' દેવ બોલ્યો કે–' હે રાજન્! પુણ્યથી અધિક એવા આ પ્રિયંકરનેજ તું પોતાનું રાજ્ય આપ, બીજું કોઈ અહીં રાજ્યયોગ્ય નથી.' રાજા બોલ્યો કે–'મારા હારના ચોર એવા એને રાજ્ય આપવું યોગ્ય નથી. કહ્યું છે કે–કુરાજાના હાથમાં રાજ્ય આવવાથી પ્રજાને સુખ કયાંથી ? કુપુત્રના યોગથી પિતાને શાંતિ કયાંથી ? કુદારાથી ભર્ત્તારને આનંદ કયાંથી ? અને કુશિષ્યને ભણાવતાં અધ્યાપકને યશ કયાંથી ?' દેવ બોલ્યો કે–" હે નરાધિપ ! જો પોતાની પ્રજાનું સદા સુખ વાંછતો હોય તો પુણ્યોત્કૃષ્ટ એવા પ્રિયંકરનેજ રાજ્યપર સ્થાપન કર. વળી એ પ્રિયંકર નિરપરાધી છે, એણે તારો હાર ચોર્યો નથી. વિચાર કર કે આરક્ષકોથી રક્ષિત થયેલા અને તાળું દીધેલા એવા તારા ભંડારમાં એ શી રીતે જઇ શકે ? પરંતુ એ તારો હાર મેંજ તારા ભંડારમાંથી લઇને આટલા દિવસ મારી પાસે રાખ્યો હતો. આજ 'આ રાજ્યયોગ્ય પુરૂષ છે.' એમ તને સૂચના કરવા માટે એની પાસેથી મેં તે હાર પ્રગટ કરાવ્યો છે." આ પ્રમાણે સાંભળીને રાજાએ પ્રિયંકરને બંધનરહિત કરી દેવને કહ્યું કે–' હે દેવ ! આ મારા દાનશૂર નામના પુત્રને રાજ્યપર સ્થાપન કરો. ' દેવતા બોલ્યો કે–'હે રાજન્ ! એ પણ અલ્પ આયુષવાળો છે. વળી પ્રિયંકર વિના બીજો કોઇ પણ પ્રજાપ્રિય થવાનો નથી. હે રાજન્ ! જો તું ન માનતો હોય, તો નગરમાંથી ચાર કુમારિકાઓને બોલાવીને આ સભામાં તિલક કરાવો. તેઓ સ્વયમેવ જેને તિલક કરે, તેનેજ તારે રાજ્યપર સ્થાપવો.' આ પ્રમાણે સાંભળીને રાજાએ તથા સભાસ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવીએ પણ તે વાત કબુલ રાખી. પછી રાજાએ ચાર કુમારિકાઓને નગરમાંથી બોલાવી. તેમના હાથમાં કુંકુમના પાત્ર ( કંકાવટી ) આપ્યાં અને તિલક કરવા આદેશ કર્યો. તેમણે ચારેએ અનુક્રમે પ્રિયંકરનાજ ભાલપર તિલક કર્યું અને દેવતાએ તે ચારેના મુખમાં ઉતરીને આ પ્રમાણેના ભાવાર્થવાળા ચાર શ્લોક કહેવરાવ્યા—

પ્રથમ બોલી કે–

" जिनभक्तः सदा भूया, नरेंद्र त्वं प्रियंकर ।
शूरेषु प्रथमः स्वीया, रक्षणीया प्रजा सुखं ॥ १ ॥ "

' હે પ્રિયંકર રાજા ! તું સદા જિનભક્ત થજે અને શૂરવીરોમાં અગ્રેસર થઈ તારી પ્રજાનું સુરક્ષણ કરજે.'

બીજી બોલી કે–

" यत्र प्रियंकरो राजा, तत्र सौख्यं निरंतरं ।
तस्मिन् देशे च वास्तव्यं, सुभिक्षं निश्चितं भवेत् ॥२॥ "

' જ્યાં પ્રિયંકર રાજા હશે, ત્યાં નિરંતર સુખ રહેશે; માટે એવા દેશમાં નિવાસ કરવો કે જ્યાં નિરંતર સુભિક્ષજ હોય.'

ત્રીજી બોલી કે—

" अशोकनगरे राज्यं, करिष्यति प्रियंकरः ।
द्वासप्ततिसुवर्षाणि, स्वीयपुण्यानुभावतः " ॥ ३ ॥

" અશોક નગરમાં પોતાના પુણ્યના પ્રભાવથી પ્રિયંકર રાજા બહોંતેર વર્ષ સુધી રાજ્ય કરશે. "

ચોથી બોલી કે–

" प्रियंकरस्य राज्येऽस्मिन्न भविष्यंति कस्यचित् ।
रोगदुर्भिक्षमारीतिचौरवैरिभयानि च " ॥४॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પ્રિયંકરના આ રાજ્યમાં કોઇને પણ રોગ, દુર્ભિક્ષ, મરકી, ઇતિ, ચોર અને શત્રુ વિગેરેનો ભય પ્રાપ્ત થશે નહીં.'

પછી દેવતાએ પ્રિયંકર ઉપર પુષ્પવૃષ્ટિ કરી, અને સંતુષ્ટ થયેલા અશોકચંદ્ર રાજાએ પણ પોતાના હાથે તેના ભાલસ્થળ પર રાજતિલક કર્યું એટલે મંત્રી પ્રમુખ રાજલોકોએ પ્રિયંકરનો રાજ્યાભિષેક કર્યો. પછી તે સિંહાસનપર બેઠો એટલે તેનાપર છત્ર ધરવામાં આવ્યું અને વારાંગનાઓ તેની આગળ નૃત્ય કરવા લાગી. પ્રધાન, સ્વજનો અને તેના માતપિતાદિક સર્વે અત્યંત હર્ષ પામ્યા.

આ પ્રમાણે 'પ્રિયંકરને દેવતાએ રાજ્ય આપ્યું' એમ સાંભળીને શત્રુ રાજાઓએ પણ ત્યાં આવીને તેને ભેટણું કર્યું. સમસ્ત પ્રજા પણ તેના પુણ્યની પ્રશંસા કરવા લાગી. પછી સાતમે દિવસે અશોકચંદ્ર રાજાનું મરણ થયું, એટલે શોકાતુર થયેલા પ્રિયંકરે પોતાના પિતાની જેમ તેનું મૃતકાર્ય ( ઉત્તરક્રિયા ) કર્યું અને રાજાના પુત્રને તથા ગોત્રીઓ વિગેરેને ગ્રામાદિક આપીને સંતુષ્ટ કર્યા. પછી અનુક્રમે તેણે ઘણા દેશો સાધ્યા, અને અનેક રાજાઓ તેના ચરણમાં નમસ્કાર કરવા લાગ્યા.

આ પ્રમાણે ઉપસર્ગહરસ્તોત્ર ગુણનના પ્રભાવથી પ્રિયંકરને આ ભવમાં પણ સર્વ ઇષ્ટ કાર્યની સિદ્ધિ પ્રાપ્ત થઇ અને તેના ભંડારમાં અગણિત ધન થયું. કહ્યું છે કે-'ઉપસર્ગહરસ્તોત્રના ગુણનથી ભવીજનોનાં કાર્યની સિદ્ધિ થાય છે અને તેમના શત્રુઓ મિત્ર બની જાય છે.' વળી-'સુકૃત એ ધનનું બીજ છે, વ્યવસાય એ જળ છે, તપ એ વૃષ્ટિ છે અને સમય પ્રાપ્ત થતાં તે ઉદયમાં આવીને ભવ્યોને સત્ ફળ આપે છે.'

હવે પ્રિયંકર રાજા પોતાના દેશમાં અનેક પ્રકારના દાન પુણ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવા લાગ્યો, એટલે તેનું અનુકરણ કરીને તેની પ્રજા પણ ધર્મમાં આદર કરી અનેક પ્રકારના પુણ્યકર્મ કરવા લાગી. કહ્યું છે કે–રાજા જો ધર્મિષ્ઠ હોય તો પ્રજા ધર્મિષ્ઠ થાય છે, રાજા જો પાપી હોય તો પ્રજા પાપીષ્ઠ થાય છે, અને જો સમાન હોય તો પ્રજા પણ સમાન થાય છે, પ્રજા રાજાનુંજ અનુકરણ કરે છે. એટલા માટેજ કહેવાય છે કે–**'यथा राजा तथा प्रजा.'**

આ પ્રમાણે કેટલાક દિવસો વ્યતીત થયા પછી ધનદત્ત શેઠની પુત્રી શ્રીમતી કે જેને પટ્ટરાણીપદે સ્થાપી હતી તેને પુત્ર થયો. એટલે રાજાએ મહા આડંબરપૂર્વક તેનો જન્મોત્સવ કર્યો અને દીનાદિકને બહુ દાન આપ્યું. અનુક્રમે વૃદ્ધિ પામતાં તે પુત્રનું રાજાએ મહોત્સવ-પૂર્વક 'જયંકર' એવું નામ પાડ્યું. પાંચમે મહિને તે કુમારને મુખમાં દાંત આવ્યા; એટલે રાજાએ તે બાબત શાસ્ત્રજ્ઞ જનોને પૂછ્યું. તેઓએ કહ્યું કે–'જો પ્રથમ મહિને દાંત આવે તો કુળનો ધ્વંસ કરે છે, બીજે મહિને આવે તો તે પોતાનેજ હણે છે, ત્રીજે મહિને આવે તો પિતા અને પિતામહનો નાશ કરે છે, ચોથે મહિને આવે તો ભાઇઓનો વિનાશ કરે છે, પાંચમે મહિને આવે તો શ્રેષ્ઠ એવા હાથી, અશ્વ અને ઉંટોની પ્રાપ્તિ થાય છે, છઠ્ઠે મહિને આવે તો કુળમાં કલહ અને સંતાપ કરે છે, સાતમે મહિને ધન, ધાન્ય અને ગાય વિગેરેનો નાશ કરે છે અને જો દાંત સહિત જન્મ થાય તો તેને રાજ્ય મળે છે.' આ પ્રમાણે સાંભળીને રાજાએ સંતુષ્ટ થઈ તેમને દ્રવ્ય અને વસ્ત્રાદિક આપી વિસર્જન કર્યા.

અન્યદા રાજાના બીજા હૃદય સમાન અને સર્વ રાજ્યકાર્યમાં ધુરંધર એવો મંત્રી શૂળરોગથી મરણ પામ્યો. તેથી પ્રિયંકર રાજાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અત્યંત વિષાદ થયો. કહ્યું છે કે-' ઉત્તમ પ્રધાન વિના રાવણ રાજાએ પોતાનું રાજ્ય ગુમાવ્યું અને લક્ષ્મણની બુદ્ધિથી રામચંદ્રે પોતાનું રાજ્ય પ્રાપ્ત કર્યું.' પછી રાજાએ મંત્રીપુત્રને બોલાવીને તેને મંત્રીપદે સ્થાપવા સારૂ તેની બુદ્ધિની પરીક્ષા કરવાને માટે એક શ્લોક કહ્યો:—

**मुखं विनाऽप्येकनरोऽतिशुद्धो, हस्तेन भक्ष्यं बहुभाजनस्थम् ।**
**रात्रिंदिवादौ न कदापि तृप्तः, शास्त्रानभिज्ञः परमार्गदर्शी ॥१॥**

"એક અતિ શુદ્ધ માણસ મુખ વિના હાથવતી ભાજનમાં રહેલું બહુ ભક્ષ્ય રાત દિવસ ખાય છે, છતાં તે કદાપિ તૃપ્તિ પામતો નથી. વળી તે શાસ્ત્રથી અનભિજ્ઞ છે, છતાં પરને માર્ગ બતાવે છે." (તે કોણ ?) આ પ્રમાણે સાંભળીને તે બુદ્ધિમાન્ મંત્રીપુત્રે વિચારીને કહ્યું કે-' હે સ્વામિન્! આપ કહો છો, એવા પ્રકારનો તો 'દીપક' (દીવો) હોય.' એટલે રાજાએ પુનઃ પૂછ્યું કે:—

**" नारी त्रण छे एकठी मली, बे गोरी त्रीजी शामली ।**
**पुरुष विना नवि आवे काज, रात दिवस मानीजे राज" ॥१॥**

મંત્રીપુત્ર બોલ્યો કે-'દોત, મશી અને લેખણ.' આ પ્રમાણે ઉત્તર સાંભળીને તેના ગુણથી રંજિત થઇ રાજાએ તેને પોતાના મંત્રીની પદવીપર સ્થાપ્યો. કહ્યું છે કે-" બુદ્ધિથી વિમળ એવા ગુણીજનો શાસ્ત્રનો બોધ અને નિરંતર માનસન્માન પ્રાપ્ત કરે છે. બુદ્ધિથી સર્વ અર્થની સિદ્ધિ થાય છે અને તત્કાળ રિપુનાં બળનો પરાજય થાય. છે બુદ્ધિથી સારા સુભટોની સહાય મેળવી એક લઘુ રાજા પણ શત્રુના દુર્ગને વશ કરે છે અને બુદ્ધિથી ચાણાક્ય, રોહક અને અભયકુમાર વિગેરે પુરૂષો સત્વર મહત્વને પામ્યા છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અન્યદા અવસરે અશોકપુરની નિકટના ઉદ્યાનમાં શ્રીધર્મનિધિસૂરિ પોતાના પરિવાર સહિત પધાર્યા. વનપાલકના મુખથી તેમનું શુભાગમન સાંભળીને અત્યંત હર્ષિત થયેલ પ્રિયંકર રાજા તેમને વંદન કરવાને પોતાના પરિવાર સહિત ઉદ્યાનમાં ગયો; અને વિધિપૂર્વક તેમને વંદના કરીને યોગ્ય સ્થાને બેઠો. આચાર્ય મહારાજે તેને યોગ્ય જાણીને આ પ્રમાણે ધર્મોપદેશ આપ્યો કે–' શ્રી જિનવંદન, જિનપૂજા, નમસ્કાર મંત્રનું સ્મરણ, સુપાત્રે દાન, સૂરીશ્વર (સુગુરૂ) ને નમસ્કાર તથા તેમની ભક્તિ અને ત્રસજીવોની રક્ષા–એ શ્રાવકોનું દિનકૃત્ય છે.' (આ કાવ્યમાં પ્રત્યેક ચરણના એક એક અક્ષરથી ગ્રંથકર્ત્તાનું નામ શ્રી જિનસૂરિ નિષ્પન્ન થઇ શકે છે. ) વળી 'મહોત્સવપૂર્વક તીર્થયાત્રા કરવી, સાધર્મિકવાત્સલ્ય કરવું, શ્રી સંઘની પૂજા કરવી, આગમ લખાવવા અને તેની વાચના અપાવવી–એ વર્ષકૃત્ય છે.' તીર્થયાત્રાનું ફળ આ પ્રમાણે છે–' નિરંતર શુભ ધ્યાન, અસાર લક્ષ્મીનું ચાર પ્રકારના સુકૃતની પ્રાપ્તિરૂપ ઉચ્ચ ફળ, તીર્થની ઉન્નતિ, અને તીર્થંકરપદની પ્રાપ્તિ–યાત્રા કરવાથી આ ચાર પ્રકારના ગુણોની પ્રાપ્તિ થાય છે.' વળી કહ્યું છે કે—

"वपुः पवित्रीकुरु तीर्थयात्रया, चित्तं पवित्रीकुरु धर्मवांछया ।
वित्तं पवित्रीकुरु पात्रदानतः, कुलं पवित्रीकुरु सच्चरित्रतः" ॥१॥

"હે મહાનુભાવ ! તીર્થયાત્રાથી શરીરને પાવન કર, ધર્માભિલાષથી મનને પાવન કર, પાત્રદાનથી ધનને પવિત્ર કર અને સચ્ચારિત્રથી કુળને ઉજ્વળ કર." વિશેષમાં શ્રી શત્રુંજય તીર્થપર જિનેશ્વરનાં દર્શન કરતાં બંને દુર્ગતિ (નરક ને તિર્યંચ) નો ક્ષય થાય છે અને પૂજા તથા સ્નાત્ર કરવાથી હજાર સાગરોપમના કરેલ દુષ્કર્મ ક્ષીણ થાય છે. ધ્યાન કરતાં હજાર પલ્યોપમનું, અભિગ્રહથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાખ પલ્યોપમનું અને સન્મુખ ગમન કરવાથી એક સાગરોપમનું સંચિત પાપ પ્રલય પામે છે.' વળી-'નમસ્કાર સમાન મંત્ર નથી, શત્રુંજય સમાન તીર્થ નથી, જીવદયા સમાન ધર્મ નથી અને કલ્પસૂત્ર સમાન શાસ્ત્ર નથી." આ પ્રમાણે શ્રીગુરૂનો ઉપદેશ સાંભળીને પ્રિયંકરરાજા ધર્મકાર્યોમાં વિશેષે દ્રઢ મનવાળો થયો.

પછી રાજાએ શ્રીગુરૂને નમસ્કાર કરીને ઉપસર્ગહરસ્તોત્ર ગણવાની આમ્નાય પૂછી. એટલે ગુરૂમહારાજ બોલ્યા કે-'હે રાજન્! આ સ્તવમાં શ્રીભદ્રબાહુસ્વામીએ અનેક મંત્ર યંત્રો ગોપવી રાખ્યા છે. જેનું સ્મરણ કરતાં અત્યારે પણ જળ, અગ્નિ, વિષ, સર્પ, દુષ્ટ ગ્રહ, રાજરોગ, રાક્ષસ, શત્રુ, મરકી, ચોર અને શ્વાપદ વિગેરેના કરેલા ભય વિનાશ પામે છે. વળી હે રાજન્! તને આ સર્વ સંપત્તિની પ્રાપ્તિ પણ એજ સ્તવનો પાઠ કરવાના પ્રભાવથીજ થઇ છે. આ સ્તવમાં પ્રથમ છ ગાથા હતી. છઠ્ઠી ગાથાના પાઠથી ધરણેંદ્ર પ્રત્યક્ષ આવીને સ્મરણ કરનારનું પોતેજ કષ્ટ નિવારણ કરતા હતા. તેણે શ્રીભદ્રબાહુસ્વામીને વિનંતિ કરી કે-'હે ભગવન્! વારંવાર અહીં આવવું પડવાથી હું સ્વસ્થાને સુખે રહી શકતો પણ નથી, માટે મારાપર કૃપા કરીને આ છઠ્ઠી ગાથા આપ ગુપ્ત રાખો. પાંચ ગાથાનું આ સ્તોત્ર સંભારનાર ભવ્યોને હું સ્વસ્થાને રહ્યો સતોજ સહાય કરીશ.' આ પ્રમાણેની તેની વિનંતિથી છઠ્ઠી ગાથા ગુપ્ત કરવામાં આવી, ત્યારથી આ સ્તોત્ર પાંચ ગાથાનું ગણાય છે. તેમાં પ્રથમ ગાથાથી ઉપસર્ગ, ઉપદ્રવ અને વિષધરના વિષની નિવૃત્તિ થાય છે, પ્રથમ અને દ્વિતીય ગાથાથી ગ્રહ, રોગ, મરકી, વિષમ જ્વર, સ્થાવર કે જંગમ વિષનું ઉપશમન થાય છે, પહેલી, બીજી અને ત્રીજી ગાથા ગણવાથી દુઃખ, દૌર્ગત્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને હીન કુળાદિકની પ્રાપ્તિ થતી નથી અને સુખ, સૌભાગ્ય, લક્ષ્મી તથા મહત્વની પ્રાપ્તિ થાય છે, ચાર ગાથા ગણવાથી સર્વ પ્રકારના વાંચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. એની પાંચ ગાથાઓમાં શ્રીભદ્રબાહુસ્વામીએ શ્રી પાર્શ્વચિંતામણિ નામનો મહામંત્ર ગોપવી રાખ્યો છે અને બીજા પણ સ્તંભન, મોહન અને વશીકરણાદિક અનેક મંત્રો તેમાં ગોપવી રાખ્યા છે. "

આ પ્રમાણે શ્રી ઉપસર્ગહરસ્તોત્રનો મહાપ્રભાવ જાણી હર્ષિત થયેલ રાજા શ્રીગુરૂને વંદના કરીને સપરિવાર પોતાના નગરમાં ગયો; અને તે દિવસથી હમેશાં પાસે રહેલા શ્રીપાર્શ્વપ્રભુના મંદિરમાં રાત્રિએ એક પહોર સુધી તે ઉપસર્ગહરસ્તોત્રનું ધ્યાન કરવા લાગ્યો.

એકદા પ્રિયંકર રાજા રાત્રિએ ત્યાં પ્રાસાદમાં શ્રીપાર્શ્વપ્રભુની પ્રતિમા આગળ સ્તોત્રધ્યાનમાં બેઠો હતો, અને તેના અંગરક્ષકો પ્રાસાદની બહાર બેઠા હતા, એવામાં પ્રાતઃકાળ થઈ ગયો, પરંતુ રાજા મંદિર બહાર ન નીકળ્યો. સર્વ મંત્રી વિગેરે સભાસદો રાજસભામાં આવ્યા; પણ ત્યાં રાજાને ન જોવાથી તેમણે અંગરક્ષકોને પૂછ્યું. એટલે તેઓએ કહ્યું કે–' હજી સુધી રાજા જિનમંદિરની બહાર નીકળ્યા નથી.' આ પ્રમાણે સાંભળીને મંત્રીએ જિનમંદિરમાં પ્રવેશ કર્યો. એટલે મૂળદ્વારના કપાટ (બારણા) બંધ થયેલા જોયા. પછી કપાટના છિદ્રમાંથી તેણે અંદર જોયું તો શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા સુગંધી પુષ્પોથી પૂજીત થયલી જોઈ અને આગળ એક દીપક બળતો જોયો, પણ ત્યાં રાજા જોવામાં ન આવ્યા, એટલે તેણે વિચાર્યું કે–' વખતસર અંદર ખુણામાં નિદ્રિત થઇને સૂતા હશે. પણ આશાતનાના ભયથી રાજા એવું કદી કરે નહીં, તેમ ધારીને તેણે મધુર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વચનોથી રાજાને બોલાવ્યા કે-' હે સ્વામિન્ ! પ્રભાત થયો છે અને સભાસદો સર્વે સભામાં તમારી રાહ જોઇને બેસી રહ્યા છે, માટે આપ સત્વર આવીને સભાને અલંકૃત કરો.' આ પ્રમાણે મંત્રીએ વારંવાર કહ્યા છતાં અંદરથી કોઇએ જવાબ ન આપ્યો. પછી મંત્રીએ વિચાર્યું કે-'ખરેખર કોઇ દેવ, દાનવ કે વિદ્યાધર તેને હરી ગયેલ લાગે છે.' છેવટે મંદિરના બારણા ઉઘાડવાને માટે તેણે અનેક ઉપાયો કર્યા, પણ પુણ્યહીનના મનોરથની જેમ તે સર્વે નિષ્ફળ ગયા. કુહાડાના પ્રહાર કરતાં તે બધા ધાર વિનાના (બુંઠા) થઇ ગયા; કારણકે દેવતાએ દીધેલ કપાટ કોનાથી ઉઘડી શકે ? પછી મંત્રીએ ત્યાં ધૂપ, નૈવેદ્યાદિક ધર્યા; એટલે સંતુષ્ટ થયેલ અધિષ્ઠાયિક દેવ બોલ્યો કે-" હે મંત્રિન્ ! વૃથા પ્રયત્ન ન કર. પુણ્યવંત રાજાની દૃષ્ટિ પડતાં દ્વાર સ્વયમેવ ઉઘડી જાશે. તારા રાજા આનંદમાં છે. તેના સંબંધમાં તું ચિંતા ન કર." આ પ્રમાણે સાંભળી મંત્રીએ કહ્યું કે-' હે દેવ ! અમારા રાજા કયાં છે ? શું કોઇએ તેનું અપહરણ કર્યું છે ? તે કયારે આવશે ?' દેવ બોલ્યો કે-' પોતાની સમૃદ્ધિ દેખાડવાને માટે ધરણેંદ્ર તેને પોતાના ભુવનમાં લઇ ગયા છે, તેથી આજથી દશમે દિવસે તે અહીં અવશ્ય આવશે. અને દેવતાના સાન્નિધ્યથી આવીને તે પાર્શ્વનાથ પ્રભુની આગળ પ્રતિદિન દીપકપૂજા કરીનેજ ભોજન કરશે.' આ પ્રમાણે કહીને દેવતા અદૃશ્ય થઇ ગયો. એટલે મંત્રીએ સભામાં આવીને દેવની કહેલી સર્વ વાત સભાજનોને નિવેદન કરી. આથી તેઓ પણ સંતુષ્ટ થઇને પોતપોતાને સ્થાનકે ગયા.

પછી દશમે દિવસે પરિવારસહિત મંત્રી નગરની બહાર રાજાની સન્મુખ આવ્યો. એવામાં દિવ્ય અશ્વપર બેઠેલ રાજા પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વનમાંથી ચાલ્યા આવતા મંત્રીઓ વિગેરેના જોવામાં આવ્યા. તત્કાળ રાજા ત્યાં આવીને તેમને મળ્યા. મંત્રી પ્રમુખ સર્વેએ હર્ષિત થઇને તેમને નમસ્કાર કર્યા. પછી વિવિધ વાદ્યો વાગતાં, ઘેર ઘેર તોરણો બંધાતાં, રસ્તામાં વિવિધ વર્ણવાળા પતાકાઓ બાંધવામાં આવતાં અને ગંધર્વોનાં ગીત ગાન થતાં મહોત્સવપૂર્વક રાજા નગરમાં પ્રવેશ કરીને પ્રથમ પરિવારસહિત જિનમંદિરે આવ્યો, તે વખતે રાજાની દ્રષ્ટિ પડતાં તત્કાળ તે જિનમંદિરના કપાટ સ્વયમેવ ઉઘડી ગયા. પછી રાજા ત્રણ પ્રદક્ષિણા દઇને, નિસ્સિહી કહીને, મૂળ મંડપમાં આવી, પ્રભુ પાસે અનેક પ્રકારના ઉત્તમ ફળો ધરી શ્રીજિનપ્રતિમા સન્મુખ રહી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો—

'જે પાર્શ્વપ્રભુ ધરણેંદ્રથી સેવાયા છે, જેમને સુરાસુર ભક્તિથી સ્તવે છે, જેમણે કમઠને પ્રતિબોધ આપ્યો છે, જેમનું ચિંતવન કરતાં સમસ્ત કાર્યોની સિદ્ધિ થાય છે, જેમનું તેજ અદ્ભુત છે, અને જેમનો હાલ આ કાળમાં પણ પ્રગટ પ્રભાવ છે એવા હે શ્રી પાર્શ્વનાથ પ્રભુ ! અમારૂં કલ્યાણ કરો. શ્રેષ્ઠ કનક, શંખ અને પ્રવાલના વિવિધ આભરણોથી વિભૂષિત અને મરકતમણિ તથા ઘન ( વર્ષા ) સદૃશ એવા હે પાર્શ્વનાથ સ્વામી ! તમારી હું વારંવાર સ્તુતિ કરૂં છું. આ કળિકાળમાં પણ એકસો સિત્તેર તીર્થંકરોમાં પોતાના પ્રભાવથી આપ્ત જનોની સત્વર સિદ્ધિ કરનારા તથા સર્વ દેવોથી પૂજિત એવા હે પાર્શ્વનાથ ! તમને હું વંદન કરૂં છું.' આ પ્રમાણે સ્તુતિ કરીને તથા શક્રસ્તવાદિ ભણીને રાજા પોતાના આવાસમાં આવ્યો.

હવે મંત્રી પ્રમુખ સભાસદોએ રાજાને પાતાળ લોકનું સ્વરૂપ તથા ધરણેંદ્રની સમૃદ્ધિનું સ્વરૂપ પૂછ્યું; એટલે રાજાએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહ્યું કે-'હું તે દિવસની રાત્રિએ પ્રાસાદમાં બેસીને જેટલામાં ઉપસર્ગહરસ્તવની ગુણના કરવા લાગ્યો, તેટલામાં કાજળના જેવા શ્યામ વર્ણવાળો એક મોટો સર્પ ત્યાં પ્રગટ થયો. તેને જોયા છતાં હું સ્વાધ્યાય ધ્યાનથી કિંચિત્ પણ ચળાયમાન ન થયો. પછી તે સર્પ શ્રી પાર્શ્વનાથ પ્રભુના પદ્માસનપર ચડ્યો એટલે જિન-પ્રતિમાની આશાતનાના ભયથી તે સર્પને મેં હાથથી પુંછડાવડે પકડ્યો. એટલે તે પોતાનું સર્પસ્વરૂપ તજીને દેવરૂપ થઇ ગયો. એટલે મેં તેને પૂછ્યું કે-'તમે કોણ છો ?' તે બોલ્યો કે-'હે રાજન્ ! હું પાર્શ્વનાથ સ્વામીનો સેવક ધરણેંદ્ર છું. તારા ધ્યાનથી આકર્ષાઇને અહીં આવી મેં તારી પરીક્ષા કરી, પરંતુ તું ધ્યાનથી ચળાયમાન ન થયો. માટે હે પુરૂષોત્તમ ! હવે તું મારી સાથે પાતાળલોકમાં ચાલ, કે જેથી તને પુણ્યનું ફળ બતાવું.' પછી હું ધરણેંદ્રની સાથે પાતાલલોકમાં ગયો. ત્યાં મેં સર્વત્ર સુવર્ણ અને રત્નથી બાંધેલી ભૂમિકા જોઈ. ત્યાં એક મહા મનોહર આવાસમાં બેઠેલા ધર્મરાજા મેં સાક્ષાત્ જોયા; અને તેવીજ રીતે તેમની પાસે બેઠેલી જીવદયા નામની તેમની પટ્ટરાણીને પણ મેં જોઈ. મેં તેમને પ્રણામ કર્યા. એટલે તેમણે મને કહ્યું કે-'હે નરેંદ્ર ! અમારા પ્રાસાદથી તું ચિર કાળ રાજ્ય કર.' ત્યાંથી આગળ ચાલતાં મેં સાત ઓરડા જોયા. એટલે મેં ધરણેંદ્રને પૂછ્યું કે-'હે ધરણેંદ્ર ! આ સાત ઓરડાઓ શું છે ?' તેણે કહ્યું કે-'રાજન્ ! એ સાત ઓરડાઓમાં સાત પ્રકારના સુખો વસે છે.' મેં પૂછ્યું કે-'તે સાત સુખો ક્યા ?' ઇંદ્રે જણાવ્યું કે:—

आरोग्यं प्रथमं द्वितीयकमिदं लक्ष्मीस्तृतीयं यश-
स्तुर्यं स्त्रीपतिचित्तगा च विनयी पुत्रस्तथा पंचमम् ।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

षष्ठं भुपतिसौम्यदृष्टिरतुला वासोऽभये सप्तमं,
सत्यैतानि सुखानि यस्य भवने धर्मप्रभावः स्फुटम् ॥१॥

"આરોગ્ય, લક્ષ્મી, યશ, પતિવ્રતા સ્ત્રી, વિનયી પુત્ર, રાજાની અનુપમ સૌમ્ય દૃષ્ટિ અને નિર્ભયપણું—આ સાત સુખ જેના ભુવનમાં હોય, ત્યાં સાક્ષાત્ ધર્મનો પ્રભાવ સમજવો." પછી તે સાતે ઓરડા મેં બરાબર જોયા ત્યાં પ્રથમ ઓરડામાં સર્વ રોગોને હરણ કરનારા અને ચામરયુક્ત એવા આરોગ્ય દેવ મેં જોયા, અને બીજામાં સુવર્ણ, રત્ન અને માણિક્યાદિક જોયા, ત્રીજામાં યાચકોને દાન આપતો એક મહેભ્ય (મોટો શેઠ) જોયો. ચોથામાં પતિભક્તિ કરતી એક સુંદરી જોવામાં આવી. પાંચમામાં વિનીત પુત્ર, પૌત્ર અને વધૂ વિગેરે સંપીલું કુટુંબ જોયું. છઠ્ઠામાં ન્યાય યુક્ત અને પ્રજાનું હિત કરનાર એવો રાજા જોયો, અને સાતમામાં ઉપસર્ગહર સ્તવની ગુણનામાં તત્પર એવો એક દેવ જોયો. પછી મેં ધરણેંદ્રને પૂછ્યું કે–' હે ઇંદ્ર ! આ દેવ આ સ્તવની ગુણના શા માટે કરે છે?' ઇંદ્રે કહ્યું –' આ સ્તોત્રના ગુણનથી દેશ, નગર અને ઘરમાં સર્વ ભયથી રક્ષા થાય છે, અને મનોવાંછિત સિદ્ધ થાય છે. અહીં આ સ્તવની આમ્નાય, પ્રભાવ અને મંત્રને સૂચવનારાં પુસ્તકો છે. અને જ્યાં શ્રી ધર્મ અને દયા વર્તે છે ત્યાં આ સાત સુખો સ્વયમેવ પ્રાપ્ત થાય છે.' એમ કહીને તેણે મને સર્વ પ્રકારની વૈક્રિયલબ્ધિ બતાવી. ત્યાંથી આગળ ચાલતાં સુવર્ણ અને રત્નમય એક કિલ્લો જોવામાં આવ્યો. ત્યાં સાત પ્રતોલી (મુખ્ય દ્વારમાં જવાના માર્ગો ) હતી. પ્રથમ પ્રતોલીમાં જતાં મેં ચારે બાજુ વિવિધ કલ્પવૃક્ષોથી યુક્ત એવા સામાન્ય દેવતાઓના ભવન જોયા. બીજીમાં ક્રીડાશુકો (પોપટો) ના સુવર્ણમય પાંજરા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોયા. ત્યાં એક શુક મને જોઇને કહેવા લાગ્યો કે—

**समागच्छ समागच्छ, प्रियंकरमहीपते ! ।**
**पुण्याधिकैरिदंस्थानं, प्राप्यते न परैर्नरैः ॥१॥**

"હે પ્રિયંકર રાજા ! આવો, પધારો, આ સ્થાન પુણ્યવંત પ્રાણીઓ સિવાય કોઇને મળી શકતું નથી." ત્રીજી પ્રતોલીમાં પ્રવેશ કરતાં મેં નૃત્ય કરતાં મયૂરો જોયા. તેમાં એક મયૂર મને જોઇને કહેવા લાગ્યો કે—

**सफलं जीवितं जात-मद्य राजेंद्रदर्शनात् ।**
**धन्यं तन्नगरं नूनं, यत्र राजा प्रियंकरः ॥१॥**

"આજ રાજેંદ્રના દર્શનથી અમારૂં જીવિતવ્ય સફળ થયું. ખરેખર જ્યાં પ્રિયંકર રાજા છે, તે નગર પણ ધન્ય છે." ચોથી પ્રતોલીમાં પ્રવેશ કરતાં મારી આગળ કુદકા મારતા ઘણા કસ્તુરિક મૃગો અને રાજહંસો જોવામાં આવ્યા. તેઓએ મને જોઇને પ્રણામ કર્યા. પાંચમી પ્રતોલીમાં જતાં સ્ફટિક રત્નની બનાવેલી ક્રીડાવાપીઓ અને મંડપો દીઠા. છઠ્ઠીમાં ઇંદ્રના સામાનિક દેવોના હર્મ્યો (હવેલીઓ ) જોયા. અને સાતમી પ્રતોલીમાં પ્રવેશ કરતાં નાના પ્રકારના આશ્ચર્યમય અને દેવકોટીથી યુક્ત એવી ધરણેંદ્રની રાજસભા જોઈ. ત્યાં બેસીને મેં અનેક મનોહર દેવાંગનાઓનું વિવિધ હાવભાવ સહિત નૃત્ય જોયું. ત્યાં ધરણેંદ્રે મને પોતાના પુણ્યનું ફળ બતાવવાને માટે નવ દિવસ સુધી પોતાના પુત્રની જેમ રાખ્યો, અને તેની દેવીઓએ મારી અનેક રીતે બરદાસ્ત કરી તથા તેમણે દિવ્ય આહારનું મને ભોજન કરાવ્યું, તે આહારનું સ્વરૂપ તો મારાથી કહી શકાય તેમજ નથી. આવા પ્રકારની ધરણેંદ્રની પુણ્યપ્રભવ સમૃદ્ધિ જોઇને વિસ્મય પામેલા મારા મનમાં પુણ્ય કરવાની અત્યંત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તીવ્ર અભિલાષા જાગ્રત થઇ. પછી મેં ધરણેંદ્રને વિજ્ઞપ્તિ કરી કે-'હે ધરણેંદ્ર! હવે તમે મને મારા નગરમાં મૂકી દ્યો કે જેથી ત્યાં જઇને હું પણ અનેક પ્રકારનાં પુણ્યકાર્ય કરૂં.' પછી ધરણેંદ્રે દિવ્ય રત્ન જડેલી અને બહુ જનોને દાન આપવાના પ્રભાવવાળી પોતાના હાથની મુદ્રિકા મને આપી અને કહ્યું કે-"હે રાજન્! આ મુદ્રિકાનો પ્રભાવ સાંભળ-આ મુદ્રિકા ભોજનના ભાજનપર રાખવાથી તેના પ્રભાવવડે પાંચ માણસ માટે રાંધેલું ભોજન, પાંચસો માણસોને પૂરૂં પડે છે." આ પ્રમાણે તે મુદ્રિકાનો પ્રભાવ સાંભળીને અત્યંત પ્રમુદિત થયેલા મેં બહુમાનપૂર્વક તે મુદ્રિકા ગ્રહણ કરી. પછી ધરણેંદ્રે પોતાના દેવ અને દિવ્ય અશ્વસહિત મને આજે અહીં મોકલ્યો, એટલે હું અહીં આવ્યો. પરંતુ હે મંત્રિન્! તમે આજ અહીં મારૂં આગમન શી રીતે જાણ્યું કે જેથી તમે ત્યાં મારી સન્મુખ આવ્યા?' પછી મંત્રીએ જિનાધિષ્ઠાયિક દેવતાએ કહેલ બધો વૃત્તાંત નિવેદન કર્યો. તે સાંભળીને અત્યંત સંતુષ્ટ થયેલ રાજા મંત્રીને કહેવા લાગ્યો કે-"હે મંત્રિન્! પુણ્યના પ્રભાવથી પ્રાપ્ત થયેલ ધરણેંદ્રની જે સ્થિતિ મેં ત્યાં જોઇ, તેનું વર્ણન કરવાને હું કેવળ અશક્તજ છું. કહ્યું છે કે-' દેવલોકમાં દેવતાઓને જે સુખ છે, તે એક જીભથી તો શું, પણ કદાચ માણસને સો જીભ હોય અને તે સો વર્ષ સુધી વર્ણન કર્યા કરે, તો પણ માણસ તે સુખનું સારી રીતે વર્ણન કરી ન શકે.' માટે હે મંત્રિન્! હવેથી હું પણ કેવળ પુણ્ય કાર્યોજ કરીશ." મંત્રી બોલ્યો કે-'હે રાજન્! ન્યાયગુણયુક્ત રાજાઓને તો સદા પુણ્યજ પ્રાપ્ત થયા કરે છે. કહ્યું છે કે—

> न्यायदर्शनधर्माश्च, तीर्थानि सुखसंपदः ।
> यस्याधारे प्रवर्त्तते, स जीयात्पृथिवीपतिः ॥ १ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" ન્યાય, દર્શન,-ધર્મ તીર્થસ્થાનો અને સુખસંપત્તિ જેના આધારે પ્રવર્ત્તે છે તે પૃથ્વીપતિ જયવંત રહો. " વળી પ્રજાના ધર્મનો છઠ્ઠો ભાગ તેનું રક્ષણ કરનાર રાજાને મળે છે અને જો રક્ષણ ન કરે, તો પ્રજાના પાપનોછ ભાગઠ્ઠો તેને મળે છે."

પછી રાજા જિનમંદિરાદિક ક્ષેત્રામાં બહુ ધનનો વ્યય કરવા લાગ્યો. કહ્યું છે કે-'જિનમંદિરમાં, જિનબિંબમાં, પુસ્તક લખાવવામાં અને ચતુર્વિધ સંઘની ભક્તિમાં જે પોતાના દ્રવ્યનો વ્યય કરે છે તેઓજ આ સંસારમાં પુણ્યવંત છે. " વળી મહિનામાં બે પાક્ષિકના પારણાના દિવસે ધરણેંદ્રે આપેલ મુદ્રિકાના પ્રભાવથી તે બેવાર સ્વામીવાત્સલ્ય કરવા લાગ્યો. આ પ્રમાણે ધર્મકાર્ય કરતાં તેણે ઘણાં વર્ષો વ્યતીત કર્યાં.

એકદા પારણાના દિવસે પ્રિયંકર રાજા ગુરૂવંદનને માટે ઉપાશ્રયે ગયો. ત્યાં જિનધર્મથી વાસિત દેહવાળો, શ્રાવકની અગીઆર પ્રતિમાઓને વહન કરનાર, શ્રાવકના એકવીશ ગુણોથી અભિરામ અને બાર વ્રતધારી એવો એક શ્રાવક શ્રી ગુરૂના ચરણને વંદન કરતો હતો. આવા પ્રકારના ગુણધારી તે શ્રાવકને જોઇને રાજાએ પ્રણામ કરી આગ્રહપૂર્વક પોતાને ઘેર ભોજનને માટે તેને નિમંત્રણ આપ્યું. તેણે પણ રાજાનો બહુ આગ્રહ જાણીને કબુલ રાખ્યું. પછી ગુરૂમહારાજે રાજાને કહ્યું કે-'હે રાજન્ ! આજ આ શ્રાદ્ધવર્યને અષ્ટમનું પારણું છે માટે એને સર્વ કરતાં પ્રથમ ભોજન આપજો.' રાજાએ પણ તે પ્રમાણે કરવા કબુલ રાખ્યું. પછી તે જિનપૂજાદિ નિત્ય કૃત્ય કરીને ભોજનને માટે રાજાને ઘેર આવ્યો. એટલે રાજાએ તેને બહુ સન્માનપૂર્વક ભોજન કરાવવા એક સુંદર આસન પર બેસાર્યો અને તેની આગળ સુવર્ણના થાળમાં વિવિધ પ્રકારના દિવ્ય પકવાન્ન પીરસ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એટલે તે પણ પચ્ચખ્ખાણ પારીને જમવા લાગ્યો. એવામાં રાજાએ નિમંત્રેલા બીજા પણ પાંચસો શ્રેષ્ઠીઓ ત્યાં ભોજન કરવા આવ્યા. હવે તે શ્રાદ્ધવર્ય પારણું કરીને જેટલામાં ઉઠ્યો, તેવામાં ધરણેંદ્રે આપેલી મહાપ્રભાવવાળી તે મુદ્રિકા ભોજનના ભાજનમાંથી પોતે ઉડીને રાજાના હાથની આંગળીમાં પેસી ગઈ. આ વ્યતિકર જોઇને રાજા વિસ્મય પામીને વિચારવા લાગ્યો કે-'અહો! આ શું વિપરીત થયું? શું અધિષ્ઠાયિક દેવ કુપિત થયા! અથવા તો મને કોઇ અનાસ્થા દોષ લાગ્યો? યા તો મારૂં પુણ્ય ક્ષીણ થયું? દેવનું કથન આજ અસત્ય કેમ થયું? હવે મારૂં મહત્વ હું શી રીતે જાળવી શકીશ? આ આવેલા પાંચસો શ્રેષ્ઠીઓનું ભોજનાદિકથી હું શી રીતે ગૌરવ સાચવી શકીશ?' આ પ્રમાણે ચિંતાતુર થઇને રાજા જેટલામાં ખિન્ન થઇ બેસે છે, તેવામાં અકસ્માત્ આકાશવાણી પ્રગટ થઇ કે-"હે રાજન્! તું મનમાં લેશમાત્ર પણ ચિંતા કરીશ નહિ. દેવોક્તિ કદીપણ મિથ્યા થતી નથી, પરંતુ આ એકજ શ્રાદ્ધવર્યને ભોજન કરાવતાં સામાન્ય પાંચસો શ્રાવકોને ભોજન કરાવવા જેટલું પુણ્ય તને પ્રાપ્ત થયું છે. કારણ કે આ એક મહાશ્રાવક મોટા ગુણથી અલંકૃત છે અને ભવાંતરે મોક્ષગામી થનાર છે. એવા હેતુથીજ તે મુદ્રિકા તને આજ પાંચસો શ્રાવકોના ભોજનનું ફળ આપીને તારી આંગળીમાં આવીને પડી છે. ગુણવાન્ એવા તેં આજ મહાગુણયુક્ત શ્રાવકને ઓળખીને જમાડ્યો છે. કહ્યું છે કે-'નિર્ગુણી ગુણીને જાણી શકતો નથી, અને ગુણી ગુણીપર પ્રાયઃ મત્સરી હોય છે, માટે ગુણી અને ગુણરાગી જન તો જગતમાં વિરલાજ હોય છે."

એવામાં રસોયાઓએ આવીને રાજાને નિવેદન કર્યું કે-'હે રાજન્! ભોજનના પાત્રો તો બધા ખાલી થઈ ગયા છે, માટે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિમંત્રેલા આ પાંચસો શ્રાવકોને ભોજન શી રીતે કરાવશો ?' એવામાં આકાશમાં રહીને તેજ દેવ બોલ્યો કે-'હે રાજન્! આ બાબતની તારે ચિંતા ન કરવી. ત્યાં જઇને તું પોતે તપાસ કર, મેં તે બધા પાત્રો ભરી મૂકયાં છે. હજારો અને કરોડો માણસોને જમાડતા પણ તે પાત્રો ખાલી થવાના નથી.' આ પ્રમાણે સાંભળીને રાજા પ્રમુદિત થઈ ત્યાં જઇને જોવા લાગ્યો; એટલે તે બધા પાત્રો ભોજનથી ભરેલાજ તેના જોવામાં આવ્યા. પછી આનંદિત થઇને રાજાએ તે બધા શ્રાવકોને ભોજન કરાવ્યું. તેઓ પણ તૃપ્ત થઇને પોતપોતાને ઘેર ગયા. પછી રાજાએ સર્વ નગરને નિમંત્રણ આપીને તે ભોજનની સામગ્રીમાંથી ભોજન કરાવ્યું. આથી બધા લોકોના હૃદયમાં ચમત્કાર થયો અને તેઓ પોતાના મનમાં વિચારવા લાગ્યા કે-'અહો ! અહીં રસોઇ કરનાર તો કોઇ જોવામાં આવતું નથી, તો શું આ રાજાને કોઇ દેવની સહાય છે ? યા તો શું એને સુવર્ણપુરૂષની પ્રાપ્તિ થઇ છે ?' આ પ્રમાણે શંકામાં પડેલા તેઓ તેનું કારણ જાણવાની ઈચ્છાથી પરસ્પર પૂછવા લાગ્યા. એવામાં રાજાએ તેમનો તેવા પ્રકારનો વાર્તાલાપ સાંભળીને પોતેજ કહ્યું કે-'હે નગરવાસીઓ ! આ બધો ધર્મનોજ મહિમા જાણવો.' એમ કહીને તેણે ધરણેંદ્રે આપેલ મુદ્રિકાનું સ્વરૂપ તેમની આગળ નિવેદન કર્યું. આ પ્રમાણે પ્રિયંકર રાજા નિરંતર વિવિધ ધર્મકાર્ય કરતો સતો સાધર્મિવાત્સલ્ય કરવા લાગ્યો.

હવે અવસરને જાણનાર એવા રાજાએ પોતાના માતપિતાની વૃદ્ધાવસ્થા જાણીને પોતે શ્રીસંઘ સહિત શત્રુંજયતીર્થે જઇને તેમને યાત્રા કરાવી. કહ્યું છે કે-'સિત્તંજ્જો (શત્રુંજય), સમ્યકત્વ, સિદ્ધાંત, સંઘભક્તિ, સંતોષ, સામાયિક અને સદ્ધા (શ્રદ્ધા)-એ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાત સકાર લોકમાં દુર્લભ છે.' શત્રુંજય તીર્થે તેણે સાધર્મિવાત્સલ્ય, સંઘપૂજા, દીનોદ્ધાર અને દાનશાળા વિગેરે બહુ પુણ્યકાર્યો કર્યાં. કહ્યું છે કે–' વિવાહ પ્રસંગમાં, તીર્થયાત્રામાં અને જિનાલય કરાવીને પ્રતિષ્ઠા કરતાં સાધર્મિવાત્સલ્ય અવશ્ય કરવું અને સુપાત્રદાન વિશેષ પ્રકારે આપવું.'

એક દિવસ ભાવપૂર્વક શત્રુંજય તીર્થપર શ્રીઋષભદેવસ્વામીની પૂજાદિ કરીને પર્વત પરથી નીચે ઉતરતાં પ્રિયંકર રાજાનો પિતા પાસદત્તશ્રેષ્ઠી તળેટીએ આરાધનાપૂર્વક મરણ પામીને સ્વર્ગે ગયો; એટલે રાજાએ શત્રુંજયની તળેટીએ તેના નામની એક દેરી કરાવી. પછી સંઘસહિત રાજા પાછો વળીને સ્થાને સ્થાને મહોત્સવ કરતો અનુક્રમે પોતાની રાજધાનીમાં આવ્યો. ત્યાં શ્રીમદ્યુગાદિદેવની પાદુકા સુવર્ણમય રાજાદની (રાયણનું વૃક્ષ ) યુક્ત કરાવીને રાજા પ્રતિદિન તેની પૂજા કરવા લાગ્યો.

અનુક્રમે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતાં પોતાનો માત્ર પુણ્ય કરવાનોજ અવસર જાણીને રાજાએ પોતાના પુત્રને રાજ્યપર સ્થાપી તેને આ પ્રમાણે શિખામણ આપી કે–' હે પુત્ર ! બળવંતપર કોપ, પ્રિયતમમાં અભિમાન, સંગ્રામમાં ભય, બંધુઓમાં ખેદ, દુર્જનમાં સરલતા, સજ્જનપર શઠતા, ધર્મમાં સંશય, ગુરૂજનનું અપમાન, લોકમાં મિથ્યા વિવાદ, જ્ઞાતિજનોમાં ગર્વ, દીનજનોની અવગણના અને નીચ જનપર પ્રીતિ—એ કદી કરીશ નહિ.' આ પ્રમાણે પોતાના જયકંર પુત્રને શિક્ષા આપીને અને રાજ્યકાર્યોનો ત્યાગ કરીને તે ધર્મસાધનામાં લીન થયો. ત્યારથી તે અષ્ટમી અને ચતુર્દશીએ પૌષધ કરવા લાગ્યો અને સુપાત્રોને વિશેષ પ્રકારે દાન દેવા લાગ્યો. કહ્યું છે કે–' અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉચિતદાન અને કીર્તિદાન—એ પાંચ દાનોમાં પ્રથમના બે મોક્ષ આપે છે અને બાકીના ત્રણ ભોગાદિક આપે છે.'

આ પ્રમાણે વિવિધ ધર્મકાર્યો કરીને અને અંતસમયે આરાધનાપૂર્વક અનશન કરી મરણ પામીને તે સૌધર્મદેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. અને ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થઇ ચારિત્ર ગ્રહણ કરી નિરતિચારપણે પાળીને મોક્ષે જશે.

"उपसर्गहरस्तोत्रं, ये ध्यायंति दिवानिशम् ।
तेषां प्रियंकरस्येव, संपदः स्युः पदे पदे" ॥१॥

॥ इति श्री उपसर्गहरस्तोत्रमाहात्म्यप्रकाशकं श्री जिनसूरिकृतं प्रियंकरचरित्रम् ॥



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# અનેક મંત્ર ગર્ભિત પરમપ્રભાવી શ્રીપાર્શ્વનાથ

## સ્તુતિસંયુક્ત ઉપસર્ગહર સ્તોત્ર.

१ उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥ १ ॥
२ विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गहरोगमारी-दुट्ठजरा जंति उवसामं ॥ २ ॥
३ चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामोऽवि बहुफलो होइ ।
नरतिरिएसु वि जिवा, पावंति न दुक्ख दोगच्चं ॥ ३ ॥
ॐ अमरतरुकामधेणु-चिंतामणिकामकुंभमाइए[1] ।
सिरिपासनाहसेवा, ग्गहाणं[2] सव्वेऽवि दासत्तं ॥ ४ ॥
ॐ ह्रीं श्रीं एँ ॐ ( नमो ) तुहदंसणेण सामिय,
पणासेइ रोगसोग (दुक्ख) दोहग्गं ।
कप्पतरुमिव जायइ, ॐ तुहदंसणेण सम्मफलहेउं स्वाहा ॥५॥
ॐ ह्रीं श्रीं नमिउण विप्पणासयं[3], मायाबीएण धरणनागिंदं[4]
सिरिकामराजकलियं, पासजिणिंदं नमंसामि ॥६॥
ॐ ह्रीं श्रीं पास विसहर विज्जा-मंतेण झाणझाएव्वो[5] ।
धरणपोमावइदेवी[6], ॐ ह्रीं क्ष्म्लूवर्यूं स्वाहा ॥ ७ ॥
जयउ धरणदेव, पढम हुत्ती[7] नागिणी विज्जा ।

१ या. २ गहाणं. ३ साय. ४ जिणंदं. ५ यव्वो. ६ पउमावइ देवी ७ उज्झं

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

विमलज्झाणसहिओ, ॐ ह्रीँ क्ष्म्लव्र्यु स्वाहा ॥ ८ ॥

ॐ थुणामि पासं, ॐ ह्रीँ पणमामि परमभत्तीए ।
अट्ठक्खर धरणेंदो, पोमावइ पयडिओ किति ॥ ९ ॥
जस्स पयकमले सीयं[2], वसीयं[3] पोमावइ धरणेंदो ।
तस्स नामेण सयलं, विसहरविस नासेइं[4] ॥ १० ॥

४ तुह समत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥ ११ ॥
नट्ठट्ठमयट्ठाणं, पणट्ठकम्मट्ठनट्ठसंसारं ।
परमट्ठनिट्ठियट्ठं, अट्ठगुणाधीसरं[5] वंदे ॥ १२ ॥

५ इय संथुओ महायस, भत्तिब्भरनिब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं, भवे भवे पासजिणचंद ॥ १३ ॥

કેટલીક પ્રતમાં ઉપરની ૭-૮-૯-૧૦ મી ગાથાને બદલે નીચેની ચાર ગાથાઓ છે.

મુળ ઉવસગ્ગહરંમાં આદ્યમાં અંક ૧-૨-૩-૪-૫ કરેલી પાંચ ગાથાઓ હાલ પ્રવૃત્તિમાં છે. છઠ્ઠી ગાથા જે સંખેપી દીધી છે તે તો કોઇ પણ જગ્યાએ લભ્ય નથી.

तं नमह पासनाहं, धरणिंदनमंसीयं दुहपणासेइ ।
तस्स पभावेण सया, नासंति सयल दुरियाणं ॥
एए समरंताणं, मुणिं न दुह वाहि नासमाही दुक्खं ॥
नामं सीयमं[6] असमं[7], पयडो नत्थित्थ्य संदेहो ॥१५॥

---

१ य. २ सया ३ वसइ ४ माघट्टं ५ महाधीसरं ६ वि ७ त

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

जल जलण तह सप्प सीहो, मारारी[1] संभवेपि खिप्पं जो।
समरेइ पास पहु, पहोवि न कया वि कीसी तस्स ॥
इहलोगट्ठि परलोगट्ठि, जो समरेइ पासनाहं तु ।
तत्तो सीज्झेइ नको-सइ नाह सुरा भगवंतं ॥ १७ ॥

એક પ્રતમાં આની નીચે ત્રણ ગાથાઓ છે. તે જેવી મળી તેવી મૂકી છે.

स तुहनाम सुद्धे मंते, जो नर जपंति सुद्धभावस्स।
सो अयरामरं ठाणं, पावंति नयगयसुरख्खं ॥ १ ॥
पनासगोपीडांकुर गहदंसण भयंकाये ।
आपीन हुंतीए तहवी, तसीझं गुगी जासो ॥ २ ॥
पीडजंत भगंदरं, खास सास सुल तह नीवाह।
श्री सामलपास, नाम पउर पउलेण ॥ ३ ॥

એક ગાથા છેવટે મૂકી છે તે नमीउण स्तोत्रनी છે

रोगजलजलणविसहर-चोरारिमइंदगयरणभयाइं ।
पासजिणनामसंकित्तणेण, पसमंति सव्वाइं ॥ १ ॥

१ चोरारी

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust